gujaratvandan.com

નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

સાપ્તાહિક

# ગુજરાત વંદન

રવિવાર, 18 ફેબ્રુઆરી 2024

મહા સુદ-9, વિક્રમ સંવત 2080 | કિંમત : રૂા. 5 | વાર્ષિક : રૂા. 260 | વર્ષ : 07 | અંક : 41 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12



રકુલપ્રીત સિંહ અને જેકી ભગનાની લગ્ન કરવા માટે તૈયાર

પેજ 11

સુવિચાર

કપડાં અને ચહેરા હમેશાં ખોટું બોલે છે, પણ માણસની સાચી હકીકત સમય જ બતાવે છે..!!

ભાજપના રાષ્ટ્રીય અધિવેશનનો પ્રારંભ

ત્રીજી વાર દિલ્હી સર કરવા દિલ્હીમાં ભાજપનું રાષ્ટ્રીય ચિંતન- મંથન, 11 હજારથી વધુ કાર્યકરો લઈ રહ્યાં છે ભાગ

# 370ના લક્ષ્ય સાથે 'ભાજપ વિજયી ભવઃ' નો રોડમેપ તૈયાર

### ■ વડાપ્રધાન મોદીના પ્રેરક સંબોધન સાથે અધિવેશનનું આજે સમાપન

ગુજરાત | વંદન

લોકસભાની આગામી ચૂંટણીઓ કાંઇ દૂર નથી. શિડ્યુલ પ્રમાણે ચૂંટણી પંચ 7 કે 10 માર્ચના રોજ પત્રકાર પરિષદ યોજીને 18મી લોકસભાની ચૂંટણીઓનો કાર્યક્રમ જાહેર કરશે અને 7 તબક્કામાં 543 બેઠોકી ચૂંટણીઓ યોજાય તેની શકયતાની વચ્ચે 370 બેઠકો જીતવાના આશય સાથે રાજધાની દિલ્હીમાં આજથી ભાજપની પરિષદ શરૂ થઇ છે. જ્યાં જી20ની બેઠોકો યોજાઇ એ ભારત મંડમમમાં દેશભરમાંથી આવેલા ભાજપના પદાધિકારીઓને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિજય મંત્ર આપ્યો હતો અને અબ કી બાર 400 કે પારનું ફરી એક વાર નારો ગજવીને કોંગ્રેસ પર પ્રહારો કર્યા હતા.

17-18 ફેબ્રુઆરીના રોજ યોજાનાર ભાજપના રાષ્ટ્રીય અધિવેશન માટે પ્રગતિ મેદાન ખાતે ભારત મંડપમ તૈયાર છે. ભાજપના ઈતિહાસનું આ બીજું સૌથી મોટું સંમેલન હશે જેમાં 11,500 પ્રતિનિધિઓને આમંત્રિત કરવામાં આવ્યા છે. આ પહેલા પાર્ટીએ 1995માં મુંબઈમાં યશોભૂમિ ખાતે સંમેલન કર્યું હતું, જેમાં 50 હજારથી વધુ કાર્યકરોએ ભાગ લીધો હતો. આ સંમેલનમાં ભાજપ નેતૃત્વ તમામ કાર્યકરોને સામાન્ય ચૂંટણી માટે પાર્ટીની ભાવિ રણનીતિ સાથે જોડીને એક મોટો સંદેશ આપવા જઈ રહી છે. પાર્ટીના નેતાઓ કાર્યક્રમ માટે દિલ્હી પહોંચ્યા છે. જેમાં ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓનો પણ સમાવેશ થાય છે.

આ સત્રમાં એક ઠરાવ પણ પસાર કરવામાં આવશે, જેમાં છેલ્લા 10 વર્ષમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની સરકારના મોટા અને નિર્ણાયક નિર્ણયો માટે આભાર વ્યક્ત ...અનુસંધાન પેજ નં. 6 પર

## બે દિવસ ભાજપનું રાષ્ટ્રીય અધિવેશન, 11,000થી વધુ નેતાઓ હાજર

લોકસભા ચૂંટણી પહેલા આજથી ભારતીય જનતા પાર્ટીનું બે દિવસનું મંથન શરૂ થયું છે. દિલ્હીના ભારત મંડપમમાં આજે અને આવતીકાલે રાષ્ટ્રીય અધિવેશન આયોજિત કરવામાં આવ્યુ છે. બપોરે 3 વાગ્યે ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડા અધિવેશનની શરૂઆત કરી હતી. બેઠકમાં બે પ્રસ્તાવ લાવવામાં આવ્યાં હતા. સાથે જ રામમંદિર, મહિલા અનામત, ખેડૂત અને યુવાઓ માટે કામ પર પણ ચર્ચા થવાની સંભાવના છે. અધિવેશન બેઠક પહેલા સવારે 11 વાગ્યાથી રાષ્ટ્રીય પદાધિકારીઓની બેઠક યોજાઇ હતી, જેમાં વડાપ્રધાન મોદી પણ સામેલ થયા હતા. ભાજપના આ અધિવેશનમાં 11,500 નેતા ભાગ લેશે. લોકસભા ચૂંટણીમાં વડાપ્રધાન મોદીએ પાર્ટી માટે 370 સીટ જીતવા અને એનડીએ ગઠબંધન માટે 400થી વધારે સીટ જીતવાનો લક્ષ્ય નક્કી કર્યો છે. અધિવેશનનું સમાપન વડાપ્રધાન મોદીના સંબોધનથી થશે.





### મોદી સરકારની સિદ્ધીઓ અને કામ પર આધારિત મોટુ પ્રદર્શન પણ યોજાયું

ભાજપના રાષ્ટ્રીય અધિવેશનમાં વડાપ્રધાન મોદી અને કેન્દ્ર સરકારના તમામ મંત્રીઓ સિવાય ભાજપના તમામ રાષ્ટ્રીય પદાધિકારી, ભાજપ શાસિત રાજ્યોના તમામ મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી, તમામ સાંસદ અને ધારાસભ્ય, તમામ પ્રદેશ પદાધિકારી, તમામ જિલ્લા પંચાયતના સભ્ય, નગરપાલિકાઓના અધ્યક્ષ અને તમામ જિલ્લાધ્યક્ષ, મહામંત્રી અને મંડલ અધ્યક્ષ પણ સામેલ થશે. રાષ્ટ્રીય અધિવેશનમાં રાજકીય પ્રસ્તાવ સિવાય આર્થિક અને સામાજિક વિષયો પર પણ પ્રસ્તાવ લાવવામાં આવશે. ભાજપ રાષ્ટ્રીય અધિવેશન સ્થળ ભારત મંડપમમાં મોદી સરકારની સિદ્ધીઓ અને કામ પર આધારિત એક મોટુ પ્રદર્શન લગાવવામાં આવ્યું છે.

### 2047 સુધી વિકસિત ભારતની બ્લૂપ્રિન્ટ રજૂ કરાશે

બેઠકને લઈ ભાજપના વરિષ્ઠ નેતા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદે કહ્યું કે પાર્ટી પોતાના રાષ્ટ્રીય સત્રોને અત્યંત લોકશાહી ઢબે આયોજિત કરે છે. અમે સમય પર પાર્ટીની ચૂંટણી કરાવીએ છીએ અને ક્ષેત્રીય અને સ્થાનિક સ્તર પર કાર્યક્રમ આયોજિત કરવામાં આવે છે. બેઠક દરમિયાન ભાજપ નેતા આગામી ચૂંટણી સંબંધિત ચર્ચા કરશે અને 2047 સુધી વિકસિત ભારતની બ્લૂપ્રિન્ટનું પ્રદર્શન કરશે.

### સદસ્યતા અભિયાન અંગે પણ ચર્ચા કરવામાં આવશે

ભાજપના રાષ્ટ્રીય અધિવેશનમાં પાર્ટી સદસ્યતા અભિયાન, યુવાનો અને મહિલાઓને પાર્ટી સાથે જોડવા અને બૂથ લેવલને મજબૂત કરવા પર ચર્ચા થશે. આ બેઠકમાં ભાજપ વિપક્ષી પાર્ટીઓનો સામનો કરવાની રણનીતિ પર પણ વિચાર કરશે. રાષ્ટ્રીય અધિવેશન માટે બીજેપી હેડક્વાર્ટરથી લઈને ભારત મંડપમ સુધી થીમ આધારિત સજાવટ કરવામાં આવી છે. વિવિધ સ્થળોએ પીએમ મોદીના કટ આઉટ પણ લગાવવામાં આવ્યા છે.


## ન્યૂઝ બ્રિફ

### મુકેશ અંબાણી બાદ હવે ઈશા અંબાણીને પણ મળ્યું મોટું સન્માન



ભારતના સૌથી મોટા ઔદ્યોગિક ફેમેલીમાંના એક 'રિલાયન્સ ફેમિલી'ની આગામી પેઢી હવે પોતાની પ્રતિભા બતાવી રહી છે. અબજોપતિ ઉદ્યોગપતિ મુકેશ અંબાણીની પુત્રી ઈશા અંબાણીને 'મહારાષ્ટ્રીયન ઓફ ધ યર' એવોર્ડથી નવાજવામાં આવ્યા છે. આવું ત્યારે બન્યું છે જ્યારે તાજેતરમાં જ તેના પિતાની કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે સતત ચોથી વખત વિશ્વનો પ્રતિષ્ઠિત 'IFR એશિયા ઈશ્યુઅર ઓફ ધ યર' એવોર્ડ જીત્યો છે.દેશની સૌથી મોટી રિટેલ કંપની 'રિલાયન્સ રિટેલ'ના વડા ઈશા અંબાણીને એક અખબારના વાર્ષિક કાર્યક્રમમાં આ એવોર્ડ આપવામાં આવ્યો હતો. ઈશા અંબાણી પણ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ડિરેક્ટર્સમાં સામેલ છે. ઈશા અંબાણી રિલાયન્સ ગ્રુપની નવી લિસ્ટેડ કંપની Jio Financial Servicesના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં પણ સામેલ છે.એવોર્ડ મેળવ્યા બાદ ઈશા અંબાણીએ કહ્યું, "અમારા પરિવાર માટે મહારાષ્ટ્ર માત્ર એક ઘર નથી પરંતુ તેનાથી ઘણું વધારે છે. આ અમારૂ કાર્યસ્થળ છે. "

### પ્રિયંકા ગાંધીની તબિયત બગડી, હોસ્પિટલમાં દાખલ



કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રા સ્વાસ્થ્ય કારણોને લીધે શુક્રવારે ભારત જોડો ન્યાય યાત્રામાં જોડાઈ શક્યા નહોતા. પહેલાથી નક્કી કાર્યક્રમ અનુસાર તેમને આજે સાંજે ઉત્તર પ્રદેશના ચંદૌલીમાંથી યાત્રામાં જોડાવાનું હતું. પ્રિયંકા ગાંધીએ સોશિયલ મીડિયા મંચ એક્સ પર પોસ્ટ કરીને ખુદ બીમારી હોવાના કારણે હોસ્પિટલમાં દાખલ થવાની જાણકારી આપી છે. તેમણે લખ્યું છે કે, હું ખૂબ જ ઉત્સાહ સાથે ઉત્તર પ્રદેશમાં ભારત જોડો ન્યાય યાત્રા પહોંચવાની રાહ જોઈ રહી હતી, બીમારીના કારણે મારે આજે હોસ્પિટલમાં દાખલ થવું પડ્યું. સ્વાસ્થ્ય થોડું સારુ થતાં ફરી યાત્રામા જોડાઈશ. ત્યાં સુધી હું ચંદૌલી-બનારસ પહોંચી રહેલા યાત્રીઓને પુરી મહેનતથી યાત્રાની તૈયારીમાં લાગેલા ઉત્તર પ્રદેશના મારા સહયોગીઓ અને ભાઈઓને શુભકામના આપું છું.

### મુંબઈમાં હથિયારો લઈને ઘુસ્યા આતંકવાદી, મચ્યો મોટો ખળભળાટ




મુંબઈના પોલીસ કંટ્રોલ રૂમમાં શુક્રવારે આવેલા એક ધમકીભર્યા કોલથી હડકંપ મચી ગયો છે. ફોન આવ્યા બાદ તાત્કાલિક પોલીસ તપાસમાં લાગી ગઈ છે. જાણકારી મુજબ એક અજાણી વ્યક્તિએ પોલીસ કંટ્રોલ રૂમને કોલ કરીને જણાવ્યું કે હથિયારોથી સજ્જ કેટલાક આતંકવાદી ડોંગરી વિસ્તારમાં ઘુસી આવ્યા છે અને તેમને મદદની જરૂર છે. આ કોલ આવતા જ પોલીસે જ્યારે તપાસ શરૂ કરી તો હોક્સ કોલ નીકળ્યો. પોલીસે ધમકીભર્યા કોલ કરનારા વ્યક્તિની ધરપકડ કરી લીધી છે. આરોપીનું નામ નજરૂલ શેખ છે.

## કિસાન આંદોલનઃ શંભુ બોર્ડર પર ફરી હંગામો, ટીયર ગેસના કારણે PSIનું મોત

### ■ હરિયાણાના ઘણા ટોલ પ્લાઝાને ફ્રી કરી દેવામાં આવ્યાં

ગુજરાત | વંદન

પંજાબના ખેડૂતોની દિલ્હી કૂચનો આજે પાંચમો દિવસ છે. શંભુ બોર્ડર પર આજે ફરી હંગામો થયો હતો. જ્યારે ખેડૂતોએ બેરિકેડિંગ તરફ જવાનો પ્રયાસ કર્યો ત્યારે હરિયાણા પોલીસે તેમના પર ટીયર ગેસના શેલ છોડ્યા. જેના કારણે અનેક ખેડૂતો ઘાયલ થયા છે. બીજી તરફ, ખેડૂતોની દિલ્હી તરફ કૂચ દરમિયાન, શંભુ સરહદ પર પાણીપત જીઆરપીમાં તૈનાત ખરઘોડાના વોર્ડ 10 ના રહેવાસી સબ ઈન્સ્પેક્ટર હીરાલાલનું અવસાન થયું હતું .

અને ખારઘોડામાં રાજ્ય સલામી સાથે તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા . ખરઘોડાના રહેવાસી હીરાલાલ (52) જીઆરપીમાં સબ ઈન્સ્પેક્ટર હતા. તેઓ સામલખા જીઆરપી ચોકીમાં ફરજ પર હતા. પરિવારજનોએ જણાવ્યું કે હીરાલાલને ત્રણ-ચાર દિવસ પહેલા



સામખા પોસ્ટ પરથી અંબાલા મોકલવામાં આવ્યો હતો અને તેની ફરજ શંભુ બોર્ડર પર તૈનાત હતી. તે પોતાની ટીમ સાથે ત્યાં કૂચ કરી રહ્યો હતો.

પાડોશી રાજ્ય હરિયાણામાં ભારતીય કિસાન યુનિયન (ચારુની)ના કાર્યકરો દ્વારા બપોરે 12 વાગ્યાથી 3 વાગ્યા સુધી હરિયાણાના ઘણા ટોલ પ્લાઝાને ફ્રી કરી દેવામાં આવ્યા હતા. BKU એકતા ઉગ્રહે આવતીકાલથી રાજ્યભરમાં ટોલ ફ્રી કરવાની જાહેરાત કરી છે. જુદા જુદા જૂથો પ્રત્યે વફાદારી ધરાવતા ખેડૂતોએ અનેક સ્થળોએ પ્રદર્શન કર્યું અને પઠાણકોટ, તરનતારન, ભટિંડા અને જલંધરમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગો પણ બંધ કરી દીધા.

તેઓએ અનેક ટોલ પ્લાઝાને ઘેરો ઘાલ્યો હતો અને તેમની માંગણીઓ ન સ્વીકારવા બદલ કેન્દ્ર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા.

હરિયાણાના હિસારમાં, હરિયાણા રોડવેઝની બસ સેવાઓ સ્થગિત રહી કારણ કે તેના કર્મચારીઓએ પણ SKMના ભારત બંધના એલાનને સમર્થન આપ્યું હતું. રોડવેઝ કર્મચારીઓએ બસ સ્ટેન્ડ પરિસરમાં દેખાવો કર્યા હતા અને તેમની માંગણીઓના સમર્થનમાં સૂત્રોચ્ચાર કર્યા હતા. શિવસેના (UBT)ના રાજ્યસભા સાંસદ સંજય રાઉતે કહ્યું કે મોદી સરકાર ખેડૂતોના આંદોલનને બદનામ કરવાનો પ્રયાસ કરી રહી છે. ભાજપના લોકો

...અનુસંધાન પેજ નં. 6 પર

### કોર્ટમાં વર્ચ્યુઅલ રીતે હાજર થયા CM કેજરીવાલ

ગુજરાત | વંદન



એક્સાઈઝ પોલિસી કેસમાં ઈડીના સમન્સ પર હાજર ન થયા બાદ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ આજે દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટમાં હાજર થયા હતા. મુખ્યમંત્રી વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કોર્ટમાં હાજર થયા હતા. તેણે કહ્યું છે કે, આગામી સમન્સમાં હું જાતે જ હાજર રહીશ. વિશ્વાસ પ્રસ્તાવ અને બજેટ સત્ર પર ચર્ચાને કારણે આ વખતે આવી શક્યા નથી. કોર્ટે કેસની આગામી તારીખ 16 માર્ચ નક્કી કરી છે. ED એ હાજર ન થવા માટે કોર્ટમાં અરજી કરી હતી. જેના પર 7 ફેબ્રુઆરીએ કોર્ટે સીએમ કેજરીવાલને સમન્સ મોકલીને 17 ફેબ્રુઆરીએ કોર્ટમાં હાજર થવા જણાવ્યું હતું. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દારૂ કૌભાંડ ...અનુસંધાન પેજ નં. 6 પર

### આ છે ભારતનું 'વાઇન કેપિટલ'



### ■ નાસિકમાં દ્રાક્ષની બમ્પર ખેતી, તેની માટીનું ખાસ યોગદાન

ગુજરાત | વંદન

દસ-પંદર વર્ષ પહેલા જો કોઈ ભારતીય વાઈન ટેસ્ટ કરવા ઈચ્છતો તો દેશમાં તેની પાસે કોઈ વિકલ્પ નહતો. જો તે કોઈપણ કિંમતે પોતાની ઈચ્છા પુરી કરવા માંગે તો તેને ફ્રાન્સ, ઈટલી કે કેલિફોર્નિયા જેવી વાઈન બનાવતી કોઈ જગ્યાની મુસાફરી કરવી પડતી. પરંતુ, હવે દેશમાં એક એવું શહેર હાજર છે, જ્યાં જઈને ભારતીય અથવા કોઈ ઈન્ટરનેશનલ ટૂરિસ્ટ સ્થાનીક રીતે ઉત્પાદન કરવામાં આવતી વાઈનનો સ્વાદ માણી શકે છે.

દસ-પંદર વર્ષ પહેલા જો કોઈ ભારતીય વાઈન ટેસ્ટ કરવા ઈચ્છતો તો દેશમાં તેની પાસે કોઈ વિકલ્પ નહતો. જો તે કોઈપણ કિંમતે પોતાની ઈચ્છા પુરી કરવા માંગે તો તેને ફ્રાન્સ, ઈટલી કે કેલિફોર્નિયા જેવી વાઈન બનાવતી કોઈ જગ્યાની મુસાફરી કરવી પડતી. પરંતુ, હવે દેશમાં એક એવું શહેર હાજર છે, જ્યાં જઈને ભારતીય અથવા કોઈ ઈન્ટરનેશનલ ટૂરિસ્ટ સ્થાનીક રીતે ઉત્પાદન કરવામાં આવતી વાઈનનો સ્વાદ માણી શકે છે. નાસિક વિશે ખૂબ જ રસપ્રદ ...અનુસંધાન પેજ નં. 6 પર

## નોન-જર્મન લોકોને દેશનિકાલ કરવાના કાવતરાં ઘડવામાં હવે AFDની હલચલ

### ■ જર્મનીનાં કેટલાંક શહેરોમાં લોકોએ દક્ષિણપંથી વિચારધારાની સામે રસ્તા પર ઉતરીને દેખાવો કર્યા

ગુજરાત | વંદન



જર્મનીની સૌથી મોટી દક્ષિણપંથી અને બીજી સૌથી મોટી પાર્ટી અલ્ટરનેટિવ ફોર જર્મની (એએફડી)એ નવ નાઝી સમર્થકોની સાથે મળીને નોનજર્મન લોકોના દેશનિકાલ માટે કાવતરાં ઘડવાની શરૂઆત કરી દીધી છે. તાજેતરમાં જ કરેક્ટિવ સંગઠને ખુલાસો કર્યો છે કે એએફડી અને નવ નાઝી સમર્થકોની એક બેઠક પણ યોજાઈ હતી.

આ બેઠકનો હેતુ નોનજર્મન લોકોને બળજબરીપૂર્વક તેમના મૂળ દેશમાં મોકલવાની દિશામાં આગળ વધવાનો હતો. આ પ્રસ્તાવ જર્મનીમાં રહેતા તમામ લોકો પર લાગુ થશે. આ બેઠકમાં રિમાઈગ્રેશનના માસ્ટર પ્લાન પર વિચારણા કરવામાં આવી હતી. જેમાં જર્મનીના કેટલાક હાઇ રેન્ક પ્રોફેશનલો, કારોબારીઓ અને આઈડેન્ટિટેરિયન મૂવમેન્ટના ઓસ્ટ્રિયાઇ નવ નાઝી માર્ટિન સેલરે પણ ભાગ લીધો હતો.

આ રિપોર્ટ સામે આવ્યા બાદ જર્મનીના રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે. જર્મનીના ચાન્સેલર ઓલાફ શુલ્ઝે કહ્યું છે કે બિનપ્રવાસીઓ અથવા તો વિદેશી મૂળના નાગરિકોની હકાલપટ્ટી કરવા સાથે સંબંધિત યોજના જર્મનીની લોકશાહી પર હુમલા સમાન છે. ...અનુસંધાન પેજ નં. 6 પર

## ડોનાલ્ડ ટ્રમ્પને અધધ.. 29000 કરોડનો ભારેખમ દંડ ફટકાર્યો

### ■ છેતરપિંડી કરીને વિશાળ રિયલ એસ્ટેટ સામ્રાજ્ય બનાવવાનો આરોપ

ગુજરાત | વંદન



અમેરિકન પૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની મુશ્કેલી વધતી જઈ રહી છે. હવે અમેરિકન પૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વિરુદ્ધ સિવિલ ફ્રોડ કેસમાં મોટી કાર્યવાહી કરવામાં આવી છે, જેમાં ન્યૂયોર્કની એક કોર્ટે પૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પર મોટો દંડ ફટકાર્યો છે.

કોર્ટે ડોનાલ્ડ ટ્રમ્પ અને ટ્રમ્પ ઓર્ગેનાઈઝેશન વિરુદ્ધ કાર્યવાહી કરીને લગભગ 355 મિલિયન અમેરિકન ડૉલર એટલે કે 29.46 હજાર કરોડ રૂપિયાનો દંડ ચૂકવવાનો આદેશ આપ્યો છે. આ ઉપરાંત કોર્ટના આદેશમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે ટ્રમ્પે દંડની રકમ પર લાખો ડોલરનું વ્યાજ પણ ચૂકવવું પડશે. આ સિવાય કોર્ટે ડોનાલ્ડ ટ્રમ્પને ન્યૂયોર્ક કોર્પોરેશનમાં અધિકારી કે ડિરેક્ટર તરીકે કામ કરવા પર પણ પ્રતિબંધ લગાવી દીધો છે.

કોર્ટે કહ્યું છે કે પૂર્વ પ્રમુખ રાજ્યની અન્ય કોઈ કાનૂની સંસ્થાઓમાં ત્રણ વર્ષ સુધી કોઈ પણ પદ પર રહી શકશે નહીં તેમજ કોઈપણ રજિસ્ટર્ડ કંપની માટે કોઈપણ નાણાકીય સંસ્થા પાસેથી લોન માટે અરજી કરી શકશે નહીં. કોર્ટે પોતાના નિર્ણયમાં કહ્યું છે કે 'ડોનાલ્ડ ટ્રમ્પે છેતરપિંડી કરી છે અને તેમની કંપનીઓની સંપત્તિના મૂલ્યમાં અતિશયોક્તિ કરી છે.' મેનહટન કોર્ટના આ 90 પાનાના નિર્ણયને કારણે ડોનાલ્ડ ટ્રમ્પનું રિયલ એસ્ટેટ સામ્રાજ્ય જોખમમાં છે. ...અનુસંધાન પેજ નં. 6 પર

## આવી રહ્યો છે ઠંડીનો વધુ એક રાઉન્ડ...



ગુજરાત | વંદન

રાજ્યમાંથી જાણે શિયાળાએ વિદાય લીધી હોય તેવો માહોલ હાલ સર્જાયો છે. ત્યારે વહેલી સવારે ઠંડી તો બપોર બાદ ગરમી અને રાત્રે ફરી ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. ત્યારે આગામી સપ્તાહમાં ફરી રાજ્યમાં કડકડતી ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. મળતી માહિતી મુજબ તા. 17 થી 21 ફેબ્રુઆરી દરમ્યાન હિમાચલ રિજિયનમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સિસ્ટમ સક્રિય થઈ રહી છે. જેથી ઉત્તર ભારતના પહાડી વિસ્તારોમાં ભારે હિમવર્ષા થશે તેમજ ઠંડા પવનો ફૂંકાવવાની આહાગી કરવામાં આવી છે.


## પુતિનની મોટી જાહેરાત; કેન્સરની વેક્સિન બનાવવાની નજીક છે રશિયા

### ■ આ વેક્સિન કેન્સરની સારવારમાં ખૂબ જ પ્રભાવી સાબિત થશે

ગુજરાત | વંદન

વિજ્ઞાનના વિકાસમાં કેન્સર સૌથો મોટો પડકાર છે. દાયકાઓથી કેન્સરને માત આપવા માટે વૈજ્ઞાનિકો લાગેલા છે, પણ હજુ સુધી કેન્સરની વેક્સિન બનાવવામાં સફળતા મળી નથી. દુનિયાના કેટલાય દેશ આ વેક્સિન બનાવવામાં લાગેલા છે, પણ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને મોટી જાહેરાત કરતા કહ્યું કે, રશિયા કેન્સરની વેક્સિન બનાવવાની ખૂબ જ નજીક છે. તેમણે કહ્યું કે, રશિયાના વૈજ્ઞાનિકો કેન્સરની વેક્સિન બનાવવાની નજીક પહોંચી ચુક્યા છે. અને બધું જ બરાબર રહ્યું તો, તે ફટાફટ દર્દીઓને મળશે. તેમણે કહ્યું કે, અમે કેન્સર વેક્સિન અને નવી પેઢી માટે ઈમ્યૂનોમોડુલેટરી દવા બનાવવાની ખૂબ જ નજીક છીએ. મને પુરો વિશ્વાસ છે કે, આ વેક્સિન કેન્સરની સારવારમાં ખૂબ જ પ્રભાવી સાબિત થશે. જો કે, પુતિને એવું નથી કહ્યું કે, વેક્સિન કેવા પ્રકારની હશે અને કેટલા દિવસે આવશે.

રોયટરના રિપોર્ટ અનુસાર, દુનિયાના કેટલાય દેશ અને કંપનીઓ કેન્સરની વેક્સિન બનાવવામાં લાગેલા છે. ગત વર્ષે બ્રિટિશ સરકાર અને




જર્મનીની બાયોટેક કંપની વચ્ચે કરાર થયો હતો. તે અંતર્ગત ક્લીનિકલ ટ્રાયલ શરુ થઈ છે. હાલમાં જ તેની ત્રીજી ટ્રાયલ શરુ થઈ છે. કંપનીનો દાવો છે કે, આ ટ્રાયલમાં ન્યૂનતમથી ન્યૂનતમ સાઈડ ઈફેક્ટ્સ આવી છે. કંપની 2030 સુધી 10 હજાર દર્દી પર કેન્સર વેક્સિનની ટ્રાયલનો ટાર્ગેટ રાખ્યો છે.

ફાર્માસ્યુટિકલ કંપની મોડર્ના એન્ડ મર્ક એન્ડ કંપની પણ એક્સપેરિમેંટલ કેન્સર વેક્સિનને વિકસિત કરી રહી છે. તે હાલમાં મિડ સ્ટેજમાં છે. સ્ટડીમાં દાવો કર્યો છે કે, સ્કિન કેન્સર મેલાનોમાથી થતાં મોતને આ વેક્સિનથી ઘણા બધા અંશે ઓછું કરી શકાય છે. સ્કિન કેન્સરમાં મેલાનોમા સૌથી ખતરનાક છે.

આ સૌ ઉપરાંત એચપીવી એટલે કે હ્યૂમન પેપિલોમાવાયરસને ખતમ કરવા માટે હાલમાં 6 કંપનીઓ વેક્સિન બનાવી છે. એચપીવીના કારણે સર્વાઈકલ કેન્સર થાય છે. ભારતમાં પણ સીરમ ઈંસ્ટીટ્યૂટે એચપીવી વેક્સિન બનાવી લીધી છે. જેને સરકાર મોટા પાયે દેશમાં 9થી 14 વર્ષની છોકરીઓને મફતમાં આપવાની યોજના બનાવી છે.

## એસ જયશંકર કેનેડાના વિદેશ મંત્રીને મળ્યા

ગુજરાત | વંદન




વિદેશ મંત્રી એસ જયશંકર ભારતીય સમય અનુસાર શુક્રવારે મોડી રાત્રે કેનેડાના વિદેશ મંત્રી મેલાની જોલીને મળ્યા હતા. બંનેની મુલાકાત જર્મનીમાં યોજાયેલી મ્યુનિખ સિક્યોરિટી કોન્ફરન્સમાં થઈ હતી. આ કોન્ફરન્સ 16-18 ફેબ્રુઆરી સુધી ચાલશે.આ દરમિયાન બંને નેતાઓએ ભારત અને કેનેડાના સંબંધો પર ચર્ચા કરી હતી. ખરેખરમાં જૂન 2023માં ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા બાદ બંને દેશો વચ્ચે તણાવ છે.

જયશંકરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર આ મીટિંગ વિશે માહિતી આપી હતી. તેણે લખ્યું- કેનેડાના વિદેશ મંત્રી મેલાનિયા જોલીને મળ્યા.

### વાંકી નજરે...

સૌજન્યથી...






## વિધાનસભા પ્રશ્નોત્તરી

■ **રાજ્યમાં ગૃહ વિભાગમાં સૌથી વધુ ભ્રષ્ટાચાર...**

ગુજરાત સરકાર સુશાસન અને વિકાસની વાતો કરે છે પણ આજે ય ગૃહ વિભાગમાં પૈસા વિના ઘણા કામો થતા ન હોવાનો ઘટસ્ફોટ થયો છે. ગૃહમંત્રીના પોલીસની છબી સુધારવાના પ્રયાસો વચ્ચે સૌથી વધુ ભ્રષ્ટાચાર પોલીસ ડિપાર્ટમેન્ટમાં થતો હોવાના વિધાનસભા ગૃહના આંકડાઓ ચાડી ખાય છે. પોલીસ તંત્રમાં થતી અરજીઓ મલાઈનું મોટુ સાધન બની રહી છે. કોર્ટમાં કેસ પહોંચે પહેલાં જ પોલીસ બધા ફેંસલા કરી લે છે.

■ **352 અધિકારી- કર્મચારીઓ લાંચ લેતા પકડાયા...**

વિધાનસભા ગૃહમાં સરકારે જ ખુલાસો કર્યો છે કે, ગૃહ વિભાગમાં સૌથી વધુ લાંચ લેતા કર્મચારીઓ પકડાયા છે. કોંગ્રેસના ધારાસભ્ય ગેનીબેન ઠાકોરે પૂછલાં સવાલના જવાબમાં ખુદ ગૃહવિભાગે એકકાર કર્યો છે કે, વર્ષ 2022 અને વર્ષ 2023માં વર્ગ-1ના 16, વર્ગ-2ના 57, વર્ગ-3ના 247 અને વર્ગ-4ના 16 એમ કુલ મળીને 352 અધિકારી- કર્મચારીઓ લાંચ લેતા પકડાયા છે. સૌથી વધુ વર્ગ -3ના કર્મચારીઓ લાંચ લે છે. લાંચ લેનારાં કર્મચારીઓ પૈકી સૌથી વધુ ગૃહ વિભાગના 109 કર્મચારીઓ પકડાયા નથી.

હાલમાં તરૂણ ભટ્ટનો કેસ એ સૌથી મોટું ઉદાહરણ છે. વિધાનસભામાં જે આંકડાઓ રજૂ થયા છે. જેમાં લાંચ લેતા પકડાયેલા કર્મચારીઓમાં ગ્રામ વિકાસ વિભાગના 37, શિક્ષણ વિભાગના 15, શહેરી વિકાસ વિભાગના 36, કૃષિ વિભાગના 12 કર્મચારીઓ છે. આ સિવાય વન- પર્યાવરણના 15, ઉર્જા વિભાગના 10 અધિકારી-કર્મચારીઓ લાંચ લેતા પકડાયા છે. ગુજરાતનો ભાગ્યે જ કોઈ સરકારી વિભાગ બાકાત છે જ્યાંના કર્મચારીએ લાંચ લીધી નહીં હોય. સરકાર સરકારી કચેરીઓમાં ભ્રષ્ટાચારને કાબૂમાં લેવામાં સદંતર નિષ્ફળ નિવડી હોવાની બાબત સામે આવી છે.

■ **કસ્ટોડિયલ ડેથના પણ આંકડાઓ...**

કસ્ટોડિયલ ડેથમાં પણ ગુજરાત પોલીસ અગ્રેસર : વિધાનસભામાં રાજ્યના ગૃહમંત્રીએ કસ્ટોડિયલ ડેથના પણ આંકડાઓ જાહેર કર્યા છે. 2022માં જેલ કસ્ટડીમાં 75 અને પોલીસ કસ્ટડીમાં 14નાં મોત થયાં છે જ્યારે 2023માં જેલ કસ્ટડીમાં 70 અને પોલીસ કસ્ટડીમાં 14નાં મોત થયાં છે. કસ્ટોડીયલ ડેથ માટે લેવાયેલા પગલાંની માહિતી આપતાં મંત્રીએ જણાવ્યું હતું કે જવાબદારો સામે ખાતાકીય તપાસ, ફરજ મોકુફી, રોકડ દંડની શિક્ષા, રીપ્રિમાન્ડની શિક્ષા, ઈજાફો અટકાવવાની અને બદલીની શિક્ષા સહિત નિયમાનુસારની કાર્યવાહી કરવામાં આવી છે. જોકે, બે વર્ષના આ કેસોમાં કોઈપણ આયોગ કે કોર્ટના વળતર ચૂકવણીના હુકમો થયાં ન હોવાથી એક પણને વળતર ચૂકવાયું નથી.


■ **બેંક એકાઉન્ટ જ નહીં, રેશનકાર્ડમાં પણ E-KYC ન કરાવો તો અનાજ ન મળે !**

કોંગ્રેસના ધારાસભ્ય અનંત પટેલે એક ગંભીર મુદ્દો ઉપસ્થિત કર્યો હતો. એમની લાગણી હતીકે એપીએલ અને અંત્યોદય કાર્ડ, એનએફએસએ કાર્ડ ધારકો અલગ કરાવવા જાય છે ત્યારે કેટેગરી બદલાઇ જાય છે. એ જ રીતેજેમને આંખે તકલીફ છે એવા લાભાર્થીઓના આધારકાર્ડ પણહોતા નથી તો એમને કેવી રીતે લાભ આપવા સરકાર માગે છે. આ જ રીતે ધારાસભ્ય સંગીતા પાટીલે પણ રેશનકાર્ડ ધારકોને રેશન ન મળતુ હોવાનો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો. એના ઉત્તરમાં નાગરિક પુરવઠામંત્રી ભીખુસિંહ પરમારે જવાબ આપ્યો કે છ માસ સુધી સરકાર દ્વારા જે કેટગરીમાં કાર્ડ હોય, એના લાભાર્થીએ એને મળતો લાભ ન લીધો હોય તો એ કાર્ડને સાયલેન્ટ કેટેગરીમાં મુકવામાં આવે છે. આવા કાર્ડ ધારકોએ જેમના નામો હોય એ તમામના આધાર કાર્ડ સાથે ઈ કેવાયસી કરાવે પછી તુરત જ કાર્ડ એક્ટિવ થઈ જાય છે અને રેશનનો લાભ લઈ શકે છે. કોંગ્રેસના સભ્યના પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ કહ્યું કે, જિલ્લા સ્તરે મામલતદાર સમક્ષ અરજી કરવાથી વાલી તરીકેનું રજિસ્ટ્રેશન કરાવી આંખની સમસ્યાવાળા લાભાર્થી રેશન મેળવી શકે છે.

■ **આ તમે આટલા બધા આંકડાઓ ક્યાંથી લાવો છો?**

કોંગ્રેસ દ્વારા વખતોવખત ગૃહમાં અદાણી, એસ્સાર અને ટાટા પાવર પાસેથી રાજ્ય સરકાર દ્વારા ખરીદાતી વીજળી અને એનાથી રાજ્યની જનતાના કરોડો રૂપિયા ખાનગી એકમોને લાભ ખટાવી દેવાના આરોપો કરવામાં આવે છે. આ આરોપો સામે ઊર્જામંત્રી કનુભાઇ દેસાઇ રાજકીયને બદલે સાલસતાથી ધીમા શ્વરે વિતગવાર જવાબ આપતા હોય છે, પરંતુ વિપક્ષી સભ્યોને એ વાત સમજાવી શકતા નથી કે રાજ્યના વીજ મથકો ઉંમરલાયક થઇ ગયા છે અને એનું ઓપરેશન એન્ડ મેન્ટેનન્સ મોંઘુ પડે છે એની સામે નવા આધુનિક ટેક્નોલોજીથી બનેલા ખાનગી એકમો પાસેથી વીજળી ખરીદવી પ્રમાણમાં સસ્તી પડે.આવો ઉત્તર રાજકીય રીતે આપી નહીં શકવાથી અધ્યક્ષ શંકર ચૌધરીએ બેવખત તો આડકતરી રીતે એમને સૂચન કર્યું હતું. પરંતુ કોંગ્રેસના સભ્યો દેસાઇને વારંવાર એકનો એક મુદ્દો જુદી જુદી રીતે પુછવા અલગ અલગ આંકડાઓ રજૂ કરતા રહે છે. અધ્યક્ષ શંકર ચૌધરીએ કોંગ્રેસના સભ્ય શૈલેષ પરમાર પ્રશ્ન પુછતાં હતા ત્યારે હળવેકથી ટકોર કરી કે, તમને બહુ પ્રેમ લાગે છે કનુભાઇ માટે !..આ તમે બધા આંકડાઓ ક્યાંથી લાવો છો ?.પહેલાં અહીં (કોંગ્રેસના સભ્યો તરફ) બળવંતસિંહ બેસતા હતા ત્યારે એ પણ આંકડાઓ લઇ આવતા હતા ..કદાચ.. એ બેઠકનો પ્રતાપ લાગે છે !... આમ, ગૃહમાં હાસ્યનું મોજુ ફરી વળ્યું હતું.

# ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા 266 જગ્યાઓ માટે ભરતી જાહેર




■ **સરકારી નોકરીની તૈયારી કરનારાઓ માટે એક સારા સમાચાર**

ગુજરાત | વંદન

ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા નવી ભરતી અંગે જાહેરાત કરવામાં આવી છે. વિગતો મુજબ આ ભરતીમાં 266 જગ્યાઓ પર પેટા હિસાબનીશ-પેટા તિજોરી અધિકારીની ભરતીની જાહેરાત કરવામાં આવી છે. પેટા હિસાબનીશની 116 જગ્યા અને પેટા તિજોરી અધિકારીની 150 જગ્યાઓની ભરતી કરાશે અને આજથી 1 માર્ચ સુધી વેબસાઈટ પર ઓનલાઈન ફોર્મ ભરી શકાશે.

સરકારી નોકરીની તૈયારી કરનારાઓ માટે એક સારા સમાચાર મળી રહ્યા છે. ચાલુ વર્ષ 2024માં કુલ 21,084 જગ્યાઓ ભરવા માટે પણ વિવિધ ભરતી બોર્ડ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા 7,459 જગ્યાઓ, પોલીસ ભરતી બોર્ડ દ્વારા 12,000 ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા 1,625 જગ્યાઓ પર ભરતી કરવામાં આવશે.

# નર્મદા યોજનાના ભાગીદાર રાજ્યોએ ગુજરાતને રૂ.7,576 કરોડ આપવાના બાકી

■ **રૂષિકેશ પટેલ : "કુલ બાકી રકમના 68 ટકા એટલે કે રૂ.5,144 કરોડ વિવાદ હેઠળ**

ગુજરાત | વંદન

ગુજરાત વિધાનસભા ગૃહમાં નર્મદા યોજનાની અંદાજપત્રીય માંગણીઓ અંગે ચર્ચા દરમિયાન રાજ્ય સરકારે માહિતી આપી હતી કે, નર્મદા યોજના માટે ગુજરાતના ત્રણ ભાગીદાર રાજ્યો મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાને ગુજરાતને રૂ. 7,576 કરોડના આપવાનાં બાકી છે. ગુજરાત સરકારના પ્રધાન અને પ્રવક્તા રૂષિકેશ પટેલે મંગળવારે આ અંગે માહિતી આપી હતી.

રૂષિકેશ પટેલે કહ્યું કે, "કુલ બાકી રકમના 68 ટકા એટલે કે રૂ.5,144 કરોડ વિવાદ હેઠળ છે. બાકીની રકમ માટે અમે સતત ચર્ચાઓ કરી રહ્યા છીએ. છેલ્લા 10 વર્ષોમાં, અમને રૂ. 1,002 કરોડ મળ્યા છે અને પ્રોજેક્ટ શરૂ થયો ત્યારથી, અમને ભાગીદાર રાજ્યો પાસેથી રૂ.4,868 કરોડ મળ્યા છે, સરકાર આ પ્રોજેક્ટને 2025-26 સુધીમાં પૂર્ણ કરવાની યોજના બનાવી રહી છે."

કોંગ્રેસના વિધાનસભ્ય અર્જુન મોઢવાડિયાએ કહ્યું હતું કે જો ભાગીદાર રાજ્યો પાસેથી રકમ વસૂલવામાં આવે તો ગુજરાતે કદાચ લોન લેવી ન પડે અને આ ભંડોળનો ઉપયોગ પ્રોજેક્ટ પૂર્ણ કરવા માટે થઈ શકે. મધ્યપ્રદેશે રૂ. 5,225 કરોડ, મહારાષ્ટ્રને રૂ. 1,778 કરોડ અને રાજસ્થાનને રૂ. 571 કરોડ દેવાના બાકી છે.



નોંધનીય છે કે ગુજરાત સહીત મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને રાજસ્થાનમાં ભાજપની અથવા તો ભાજપ સમર્થિત ગઠબંધનની સરકાર છે, છતાં રૂ.5,144 કરોડ વિવાદને કારણે ફસાયેલા છે. એવામાં સરકારો વચ્ચે સહમતી સધાઈ તો ગુજારત સરકારના ફસાયેલા રૂપિયા લોકહિતમાં માટે ઉપયોગમાં લઈ શકાય છે. આ વિવાદ ઉકેલવા ગુજરાત સરકાર શું પગલા લેશે એ જોવું રહ્યું.

નર્મદા યોજનાની અંદાજપત્રીય માંગણીઓ વિધાનસભા ગૃહમાં સર્વાનુમતે પસાર કરવામાં આવી હતી.

# ટીપી-6નો પ્લોટ નંબર 164 તંત્ર દ્વારા 2022માં વાટીકા હોસ્પિટાલિટી નામની એજન્સીને ભાડે આપ્યો હતો

■ **ગુડા : 29 ફેબ્રુ સુધીમાં પેટાભાડૂઆતો દ્વારા પ્લોટ ખાલી ન કરતાં , સામાન સાથે સીલ કરવાની તૈયારી**

ગુજરાત | વંદન




આર્થિક ઉપાર્જનના હેતુસર ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા સમયાંતરે તેની માલિકીના પ્લોટને વેચાણ કે પછી ભાડેપેટે આપવામાં આવતાં હોય છે. ટીપી-6 ખાતે આવેલ ફાઈનલ પ્લોટ 164 તંત્ર દ્વારા માર્ચ 2022માં વાટીકા હોસ્પિટાલિટી નામની સુરતની એજન્સીને ભાડે ફાળવવામાં આવ્યો હતો. એજન્સી દ્વારા પેટા ભાડુઆતોને ફાળવી દઈને ગુડાના પ્લોટ પર પોતે આર્થિક લાભ મેળવતો હોવાનું તંત્રને ધ્યાને આવતાં તત્કાલિન સમયમાં તંત્ર દ્વારા ફાળવણી રદ કરીને પ્લોટ પર દુકાનો ચલાવતાં પેટા ભાડુઆતોને કામચલાઉ ધોરણે ભાડુ ભરાવીને મુદત લંબાવી આપાઈ હતી.

29 ફેબ્રુઆરીના રોજ પેટાભાડૂઆતોની પણ મુદત પૂર્ણ થતી હોવાથી તંત્ર દ્વારા પ્લોટ ખાલી કરાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે, તંત્ર 8 જેટલાં દુકાનદારોને અગાઉ 2 નોટીસ તો આપી ચૂક્યું છે. જ્યારે આખરી નોટીસ તાજેતરમાં જ ફટકારવામાં આવી છે. આગામી 29 ફેબ્રુઆરી સુધીમાં પેટાભાડૂઆતો પાસેથી પ્લોટ ખાલી કરાવવા માટે તંત્ર સખ્તીના પગલાં ભરવાના મૂડમાં પણ જોવાં મળી રહ્યું છે. ફેબ્રુઆરી અંત સુધીમાં પેટાભાડૂઆતો દ્વારા પ્લોટ ખાલી કરવામાં નહીં આવે તો, સામાન સાથે સીલ કરવાની પણ તૈયારી દર્શાવવામાં આવી છે.


ખાલી કરાવેલ પ્લોટને નજીકના ભવિષ્યમાં ગુડા દ્વારા વેચાણ અર્થે મૂકવામાં આવે તો નવાઈ નહીં. કુડાસણ જેવાં વિસ્તારમાં હાલ જમીનના ભાવ પણ ઉંચા હોવાના કારણે વધુ ભાવ મળવાની આશા છે. જેથી કરીને આ પ્લોટની હરાજી કરાશે.

અગાઉ પેટાભાડૂઆતો દ્વારા ગુડાને રજૂઆત કરીને વ્યવસાય કરવા દેવા માટે માંગ કરવામાં આવી હતી. ગુડાએ કામચલાઉ ધોરણે શરતી મંજૂરી આપી હતી. ભાડે આપવામાં આવેલ પ્લોટની મુદત ફેબ્રુઆરીમાં પૂરી થયાં બાદ ખાલી કરાવીને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# સાયબર ક્રાઇમ: વિધાનસભા અધ્યક્ષનું ફેક એકાઉન્ટ બનાવીને ફર્નિચર વેચાણ પર મુક્યું

■ **અધ્યક્ષ શંકર ચૌધરીના સ્ટાફે પોલીસને જાણ કરી: ઝારખંડથી ફેક એકાઉન્ટ બન્યું**

ગુજરાત | વંદન



ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીના નામનું ફેસબુકનું ફેક એકાઉન્ટ બનાવીને કોઇ ગંઠીયાએ ફર્નિચર વેચાણ મુકવાની પોસ્ટ મુકવાની સાથે અનેક લોકોને મેસેજ કર્યા હતો. જે બાબત વિધાનસભા અધ્યક્ષના સ્ટાફના ધ્યાનમાં આવતા આ અંગે અમદાવાદ સાયબર ક્રાઇમ પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીનો ફોટો અને તેમના નામનો ઉપયોગ કરીને કોઇએ ફેસબુક એકાઉન્ટ બનાવ્યું હતું. બાદમાં આર્મીના અધિકારી તરીકે ઓળખ આપીને બદલી થઇ હોવાથી ફર્નિચર વેચાણનું કહીને અનેક લોકોને મેસેજ મોકલીને છેતરપિંડી કરવાનો પ્રયાસ કર્યો હતો.

કેટલાંક લોકો સાથે છેતરપિંડી પણ હતી. આ બાબત વિધાનસભા અધ્યક્ષના સ્ટાફના ધ્યાનમાં આવતા તેમણે અમદાવાદ સાયબર ક્રાઇમમાં સંપર્ક કરીને ફરિયાદ નોંધાવી હતી. આ અંગે સાયબર ક્રાઇમના ડીસીપી અજીત રાયજીને જણાવ્યું હતું કે ફરિયાદને આધારે ટેકનીકલ એનાલીસીસ શરૂ કરાયું હતું. જેમાં ફેસબુકનું એકાઉન્ટ ઝારખંડથી એક્ટીવ થયું હોવાનું જાણવા મળ્યું છે. ઓનલાઇન છેતરપિંડી કરતી ગેંગ દ્વારા હવે સ્થાનિક રાજકીય વ્યક્તિઓના ફોટોગ્રાફ્સનો ઉપયોગ કરીને છેતરપિંડી કરવાની નવી મોડ્સ ઓપરેન્ડી શરૂ કરવામાં આવી છે.

# ઈજાગ્રસ્ત કૂતરાની સરભરા માટે ગયેલી સે.29ની સોસાયટીમાં જીવદયાની ટીમ પર હુમલો કરાયો

■ **ટીમને ચાર કલાક સુધી ઘેરી લેવામાં આવી, પાંચ સામે પોલીસ ફરિયાદ**

ગુજરાત | વંદન




ગાંધીનગરના સેકટર - 29 માં આવેલ પ્રમુખ સોસાયટીમાં ઈજાગ્રસ્ત કૂતરાની સરભરા - સારવાર અર્થે ગયેલ જીવદયાની ટીમને ચારેક કલાક સુધી ઘેરી લઈ પાંચ જેટલા રહીશોએ મારામારી કરતા સેકટર - 21 પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અમદાવાદમાં રહેતાં દર્શાલીબેન નિલેષભાઇ કડીયાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમને જીવદયા ગૃપ થકી સેકટર- 29 પ્રમુખનગર સોસાયટીમા કુતરા સાથે ક્રુરતા ભર્યું વલણ થઈ રહ્યું હોવાની જાણ થઈ હતી. આથી ગત. તા. 21 મી જાન્યુઆરીએ બપોરના આશરે સાડા ચારેક વાગે દર્શાલીબેન સાથેના જીવદયા પ્રેમી રાનુબેન રાધેશ્યામ ભૌમિક તથા મંજુલાબેન વિનુભાઇ પટેલ તથા આશાબેન વ્યાસ ઉપરોક્ત સોસાયટીમા ગયા હતા.

જ્યાં એક કુતરાને પીઠમા ઈજા હોય તેઓ કુતરાનો ફોટો પાડી તેને ખવડાવવાનુ તેમજ સારવારની કામગીરી કરતા હતા. તેવામા સોસાયટીમા રહેતી બહેનો અચાનક જીવદયા ટીમ પાસે જઈ કેમ છો પૂછીને જોર-જોરથી બોલી જેમ-ફાવે તેમ બોલવા લાગ્યા હતા. તેવામા સોસાયટીની મહિલાઓનું ઉપરાણુ બીજા પુરુષો પણ ત્યાં પહોંચી ગયા હતા. બાદમાં પાંચથી રહીશોએ ગાળો બોલતા દર્શાલીબેને જીવદયાનું કામ કરવા આવ્યા હોવાનો ખુલાસો કર્યો હતો. આ દરમ્યાન કેટલાક લોકો અચાનક તેઓની તરફ ધસી જતાં આશાબેન ગભરાઈને નીકળી ગયા હતા. બાદમાં આ લોકોએ દર્શાલીબેનનાં વાળ ખેચી શરીરે ગડદાપાટુનો માર માર્યો હતો. જેથી તેમણે 100 નંબર ડાયલ કરેલો પણ પોલીસનો સંપર્ક થઈ શક્યો ન હતો. એટલે રહીશોએ જીવદયા પ્રેમી મહિલાઓનો પણ ફોન પણ લઈ અસભ્ય વર્તન કર્યું હતું.

ઉપરાંત જીવદયાનુ કામ ભુલી જશો તેવી ધમકી આપી સાડા ચારેક કલાક સુધી જેમ તેમ પ્રશ્નો પુછી મહિલાઓએ માનસિક પરેશાન કરી બેસાડી રાખી હતી.

# 'ઘોડા ઉપર ઠાકોર જ બેસી શકે, તમારે અમારી પરમીશન લેવી પડે'

■ **જાતિસૂચક શબ્દો બોલનાર 3 યુવકોની પોલીસ સ્ટેશનમાં ફરિયાદ**

ગુજરાત | વંદન



ગાંધીનગરના માણસા તાલુકામાં દલિત યુવકનો વરઘોડો કાઢવા મામલે ગામના એક સમાજના કેટલાક યુવકોએ હોબાળો મચાવ્યો હતો. વરરાજાને વરઘોડા પરથી નીચે ઉતારીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને જાતિસૂચક શબ્દો પણ 3 જેટલા યુવકોએ કહ્યા હતા. આ મામલે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસ દોડતી થઈ ગઈ હતી.

કલોલના યુવકના ગાંધીનગરના માણસા તાલુકામાં આવેસા ચડાસણા ગામની યુવતી સાથે લગ્ન નક્કી કર્યા હતા. જેને લઈને પરિજનો તથા સંબંધીઓ જાન લઈને ગામમાં પહોંચ્યા હતા. આ બાદ ડીજે સાથે વરરાજાને ઘોડી પર બેસાડ્યા હતા. જાન દૂધની ડેરી પાસે પહોંચતા જ બાઈક પર એક યુવક આવ્યો અને વરરાજાને ઘોડી પરથી નીચે ઉતારીને કહેવા લાગ્યો કે, તમને વરઘોડો કાઢવાના ગામના રિવાજની ખબર નથી? તમારે વરઘોડો કાઢવા અમારી પરમીશન લેવી પડે. ઘોડા ઉપર ઠાકોર જ બેસી શકે. તેમ કહીને જાતિ સૂચક શબ્દો કહીને અપશબ્દો કહ્યા હતા.

આ બાદ અન્ય 3 જેટલા યુવકો પણ ત્યાં આવ્યા હતા અને ચારેય વ્યક્તિઓએ મળીને ગામમાંથી ઘોડી અને ડીજેવાળાને ધમકી આપીને ભગાડી દીધા હતા. અપશબ્દો બોલવાની ના પાડતા અજાણ્યા વ્યક્તિએ વરરાજાના કાકાના દીકરીને લાફો મારી દીધો હતો. વરરાજાને પ્રાઈવેટ કારમાં બેસીને લગ્ન સ્થળે લઈ જવાનો પ્રયાસ કરતા તેમાં પણ રોક્યા હતા અને અપશબ્દો બોલાવા લાગ્યા હતા. સંબંધીઓએ જ્યારે આ ઘટનાનો વીડિયો ઉતાર્યો તો તેમને પણ મારી નાખવાની ધમકી આપી હતી. ઘટનાને પગલે પોલીસ પણ દોડી આવી હતી. સમગ્ર મામલે માણસા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા 4 વ્યક્તિઓ વિરુદ્ધ જાતિ વિષયક શબ્દો ઉચ્ચારી જાનથી મારી નાખવાની ધમકી આપવા બદલ ફરિયાદ નોંધાવાઈ હતી.

# ગાંધીનગરના સંસ્કૃતિક કુંજ ખાતે 'વસંતોત્સવ"નો શુભારંભ

■ **એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની થીમ, 23મી ફેબ્રુઆરી સુધી નૃત્યકલાપર્વનું આયોજન**

ગુજરાત | વંદન



વસંતોત્સવ વર્ષ 1996થી ગાંધીનગરનાં સંસ્કૃતિ કુંજ ખાતે યોજાતો સાંસ્કૃતિક લોક ઉત્સવ છે. જેની પાટનગરનો કલા રસિક વર્ગ આતૂરતાપૂર્વક રાહ જોતો હોય છે. ગાંધીનગરના સંસ્કૃતિક કુંજ ખાતે નૃત્યકલાપર્વ 'વસંતોત્સવ' નો મંત્રી મુળુભાઈ બેરા હસ્તે શુભારંભ કરવામાં આવ્યો છે. 23 મી ફેબ્રુઆરી સુધી યોજાનારા વસંતોત્સવમાં એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની થીમ પર ઉજવણી કરવામાં આવી રહી છે.

'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની થીમ પર વસંતોત્સવની ઉજવણી રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ ગુજરાત સરકાર, કમિશનર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર અને પશ્ચિમ કલા કેન્દ્ર ઉદયપુરના સંયુક્ત ઉપક્રમે ગાંધીનગર ખાતે કરવામાં આવી રહી છે. વસંતોત્સવનો શુભારંભ સાંસ્કૃતિક પ્રવૃતિઓના મંત્રી મુળુભાઈ બેરાના હસ્તે કરાઈ હતી. ગાંધીનગર ખાતે તા. 23મી ફેબ્રુઆરી સુધી વસંતોત્સવ યોજાશે. આ સાંસ્કૃતિક પર્વ વસંતોત્સવના આગમનની ગાંધીનગરવાસીઓ આતુરતાથી રાહ જોતા હોય છે. વર્ષોથી ચાલ્યા આવતા ઉત્સવને માણવા હજારોની સંખ્યામાં લોકો ઉમટે છે. સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રસ્તુતિ દરરોજ સાંજે 7:00 થી રાત્રીના 10 વાગ્યા સુધી સંસ્કૃતિ કુંજ, સરિતા ઉદ્યાન પાસે, 'જ' રોડ, ગાંધીનગર ખાતે થશે. જેમાં રાજસ્થાન, પંજાબ, અસમ,ઓરિસ્સા, કર્ણાટક, ઉત્તરપ્રદેશ, કેરળ, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ રાજ્ય દ્વારા અલગ અલગ જાણીતા પ્રાદેશિક નૃત્ય - કલાકૃતિ પ્રસ્તુત કરવામાં આવશે.

ઉપરાંત ગુજરાતના ખ્યાતના કલાકારો અને વૃંદો દ્વારા ગણેશ વંદના, રાજ્યના વિવિધ પ્રસિદ્ધ ગ્રુપ દ્વારા પારંપરિક નૃત્ય કૃતિઓની પ્રસ્તુતિ, પ્રાચીન અર્વાચીન ગરબા અને રાસની પ્રસ્તુતિ, તુરી બારોટ સમાજના મંડળો દ્વારા વિવિધ વિસરાતા લોકનૃત્યોની પ્રસ્તુતિ થઈ હતી.

# નવી જંત્રી ગાંધીનગર શહેરનો સિનારિયો બદલશે

■ **ઓછી જંત્રી વાળા કુડાસણ, રાયસણ, કોબા, સરગાસણના વિસ્તારોની જંત્રી ટોચ પર**

ગુજરાત | વંદન

ગાંધીનગર શહેરમાં છેલ્લા દસકામાં શહેરમાં રિયલ એસ્ટેટ સેક્ટરનો સિનારીયો બદલાઇ ગયો છે. સમગ્ર ડેવલપમેન્ટ ન્યૂ ગાંધીનગરમાં છે ત્યારે હવે નવી જંત્રી લાગુ થશે તે કિસ્સામાં અત્યારસુધી સાવ ઓછી જંત્રી હતી તેવા સરગાસણ, કુડાસણ, રાયસણ, કોબા સહિતના વિસ્તારો ટોચ ઉપર પહોંચે તેવી શક્યતા છે. જિલ્લા મહેસૂલી તંત્રએ કરેલા સરવે દરમિયાન આ વિસ્તારોમાં કોમર્શિયલ અને રેસિડેન્સિયલ બંને એકમોમાં બજાર કિંમત ઘણી ઉંચી જોવા મળી છે. અત્યારસુધી જંત્રીના દરો સેક્ટર વિસ્તારમાં વધારે હતા પરંતુ હવે ન્યૂ ગાંધીનગરના વિસ્તારોમાં સેક્ટરોથી વધારે ઉંચી જંત્રી રહેવાની શક્યતા છે.

જિલ્લા તંત્ર દ્વારા શહેર વિસ્તારનો સરવે પૂર્ણ કરીને રીપોર્ટ રાજ્ય સરકારને સોંપી દીધો છે. આ સરવે દરમિયાન ન્યૂ ગાંધીનગરના વિસ્તારોની ભાવ ઘણા વધારે જોવા મળ્યા હોવાનું સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.ગાંધીનગર સહિત સમગ્ર રાજ્યમાં જંત્રીના દરો છેલ્લે 2011માં અમલી બનાવવામાં આવ્યા હતા. ત્યારબાદ ગત વર્ષ 15 એપ્રિલથી સરકાર દ્વારા જંત્રીના ભાવમાં 2 ગણો વધારો કર્યો હતો. પરંતુ સરવે બાદ ચોક્કસ દરો જાહેર થઇ શકે તે માટે રાજ્ય સરકારે તમામ જિલ્લામાં સરવેના આદેશ કર્યા હતા. જેના પગલે ગાંધીનગર જિલ્લા તંત્ર દ્વારા સાયન્ટીફિક સરવે હાથ ધરવામાં આવ્યો હતો.ગાંધીનગર શહેરમાં વિવિધ 900 જેટલા વેલ્યુ ઝોનમાં વહેંચીને 25થી વધુ ટીમો કામે લગાડવામાં આવી હતી. જિલ્લા તંત્ર દ્વારા સરવે બાદ મળેલા ભાવોની ચકાસણી કરીને સરકારને સુપરત કરી દેવામાં આવ્યા છે. નવા દરો ક્યારથી અમલી બનાવવા તેનો નિર્ણય તો સરકાર કક્ષાએથી થશે.

# જો સરકારે ખરેખર મંજૂરી આપવી હોય તો સમગ્ર રાજ્યમાંથી દારૂબંધી દૂર કરવી જોઇએ

■ **ગીફ્ટ સીટીમાં જ દારૂની મંજૂરી શું કામ? સરકારી નીતિ સામે હાઈકોર્ટમાં રિટ ..**

ગુજરાત | વંદન

દારૂબંધી ધરાવતા ગુજરાતમાં આ નીતિ સામે કાનુની લડત ચાલી જ રહી છે ત્યારે હવે ગીફટસીટીમાં દારૂની મંજૂરી આપવા સામે હાઈકોર્ટમાં અરજી થઈ છે. ગીફટ સીટીમાં દારૂની મંજૂરી એ પૈસાનો ખેલ છે અન્યથા સમગ્ર રાજયમાં તેની મંજૂરી આપી દેવી જોઈએ.

ઈરફાન ભંગાનીએ તેમની અરજીમાં કહ્યું કે દારૂબંધી હોવા છતાં પણ ગુજરાતમાંથી અવારનવાર દારૂ ઝડપાતો હોય છે. જે રાજ્યોમાં દારુની મંજૂરી છે ત્યાં મહિલાઓ પર સૌથી વધુ અત્યાચારો થતાં હોય છે. ધનવાનોના લાભાર્થે ગિફ્ટ સિટીમાં દારૂની મંજૂરી આપવામાં આવી છે. જો સરકાર દારૂ ઉપર પ્રતિબંધ હટાવવા માંગતી હોય તો આદિજાતિ વિસ્તારમાં તેની ફેક્ટરી નાખે જેથી કરીને ગરીબ આદિજાતિના લોકોને પણ તેની આવક થાય. આ પરિપત્ર ફક્ત પૈસાદાર માણસો માટે જાહેર કરાયો છે.

ગિફ્ટ સિટીમાં 500 કરોડની પ્રોપર્ટીની ડીલ થઈ ચૂકી છે. તેમજ 108 કરોડની મેમ્બરશીપ રજિસ્ટર થઈ ચૂકી છે. સરકાર ફક્ત ગિફ્ટ સિટીમાં દારૂની મંજૂરી આપીને મોનોપોલી ઉભી કરી રહી છે. જો સરકારે ખરેખર છૂટ આપવી હોય તો સમગ્ર રાજ્યમાંથી દારૂબંધી દૂર કરે.

ઈરફાન ભંગાનીનું એવું પણ કહેવું છે કે છૂટ બાદ ગિફ્ટ સિટીમાં દારુ દૂધની જેમ વેચાશે. સામાન્ય માણસ ગિફ્ટ સિટીમાં પ્રોપર્ટી ખરીદી શકવા કે ત્યાં જઈને દારૂ પીવા સક્ષમ નથી. આથી અરજદારે હાઈકોર્ટમાં અરજી કરીને સરકારને નિર્દેશ આપવા માગ કરી છે. જેથી સરકાર ગિફ્ટ સિટીને લઈને બહાર પાડેલું જાહેરનામું પરત લે. ઈરફાન ભંગાની સરકાર સમક્ષ પણ રજૂઆત કરી ચૂક્યાં છે કે ગિફ્ટ સિટીની દારુની મંજૂરી પાછી ખેંચવી જોઈએ.





અરજદારે પોતાની અરજી વધુમાં જણાવ્યું છે કે, મહાત્મા ગાંધીના ગુજરાતમાં દારૂ ઉપર પ્રતિબંધ છે, તેમ છતાંય દારૂ પકડાય છે. દારૂને લઈને કેસમાં પણ અનેક લોકોએ જીવ ગુમાવ્યા છે. સરકારે ગિફ્ટ સિટીને લઈને પરિપત્ર જાહેર કરીને ત્યાંની પ્રોપર્ટીના ભાવ વધારવા માટેનું કામ કર્યું છે. અરજદારે પોતાની અરજીમાં ગુજરાતમાં બંનેલા લઠ્ઠાકાંડનો પણ ઉલ્લેખ કર્યો છે.

જેમાં અનેક મહિલાઓ વિધવા થઈ હોવાનું નોંધ્યું છે. અરજદારનું કહેવું છે કે, ગિફ્ટ સિટીમાં દારૂ હવે દૂધની જેમ વેચાશે. જો સરકારે ખરેખર છૂટ આપવી હોય તો સમગ્ર રાજ્યમાંથી દારૂબંધી દૂર કરવી જોઈએ.

ઉલ્લેખનીય છે કે, 22 ડિસેમ્બર 2023ના દિવસે રાજ્ય સરકારે એક પરિપત્ર બહાર પાડીને ગાંધીનીગર સ્થિત ગિફ્ટી સિટીમાં દારુબંધીનો નિયમ હળવો કરીને ત્યાં કામ કરતાં કર્મચારીઓ અને વિઝિટર્સને ત્યાં બેસીને દારુ પીવાની મંજૂરી આપી હતી. તેમને માટે લિકર પરમિશન પણ બહાર પાડવામાં આવી રહી છે.

### રહેણાંક મિલકતમાં 75 ટકા,કોમર્શિયલ મિલકતમાં 60 ટકા વ્યાજ માફીની જાહેરાત

## મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૩૧ માર્ચ સુધી વ્યાજ રિબેટ યોજના જાહેર કરવામાં આવી

ગુજરાત | વંદન

અમદાવાદ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મિલકત વેરાના બાકી લેણાંની વસુલાત માટે વ્યાજ રિબેટ યોજના જાહેર કરવામાં આવી છે જેનો અમલ ૩૧ માર્ચ સુધી થશે. આ ઉપરાંત બાપુનગર પાર્ટી પ્લોટના ભાડાના દર અને ડોર ટુ ડમ્પની કામગીરી સાથે કાઉ•ન્સલરોને જોડવા માટે કમિટીમાં નિર્ણય કરવામાં આવ્યો હતો.

મ્યુનિસિપલ સ્ટેન્ડિંગ કમીટી ચેરમેન દેવાંગભાઈ દાણીએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ચાલુ વર્ષે પ્રોપર્ટી ટેક્સમાં વ્યાજ માફીની સ્કીમ મૂકવામાં આવી છે.

રહેણાંક મિલકતમાં ૭૫ ટકા અને કોમર્શિયલ મિલકતમાં ૬૦ ટકા વ્યાજ માફીની જાહેરાત કરવામાં આવી છે. ૧૫ ફેબ્રુઆરી




૨૦૨૪થી ૩૧ માર્ચ ૨૦૨૪ સુધી જ માફીની સ્કીમ લાગુ પડશે. લોકો ઝડપી પ્રોપર્ટી ટેક્સ ભરી શકે અને બાકી ટેક્સ ધારકો દંડ અને સીલની કાર્યવાહીથી બચી શકે તેના માટે વ્યાજ માફીની સ્કીમ લાવવામાં આવી છે. આમ, આ રિબેટ સ્કીમનો લાભ ૪૫ દિવસ સુધી કરદાતાઓને મળશે.

શહેરના બાપુનગર વિસ્તારમાં લાલ બહાદુર શાસ્ત્રી સ્ટેડિયમમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નવો પાર્ટી પ્લોટ બનાવવામાં આવ્યો છે. જેનું ભાડું સ્ટેન્ડિંગ કમિટીમાં નક્કી કરવામાં આવ્યું છે. મ્યુનિસિપલ કમિશનર દ્વારા પાર્ટી પ્લોટનું ભાડું અને ડિપોઝીટ રૂપિયા ૩૦,૦૦૦ નક્કી કરવામાં આવી હતી. જેમાં સુધારો કરી ભાડું અને ડિપોઝિટ ૧૫,૦૦૦ નક્કી કરવામાં આવી છે.મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ડોર ટુ ડોર કચરાની ગાડી ક્યા વિસ્તારમાંથી કઈ સોસાયટીમાંથી કચરો ઉપાડે છે અને ગાડી કચરો લેવા ગઈ હતી કે કેમ તે અંગેની માહિતી હવે કોર્પોરેટરો જોઈ શકે તેના માટે એપ્લિકેશનમાં કોર્પોરેટરોને યુઝર પાસવર્ડ સાથે એક્સપ્રેસ આપવામાં આવશે. ગટરની સફાઈ CCTV મારફતે શહેરના વિવિધ વિસ્તારોમાં ગટરની સફાઈ CCTV મારફતે કરવામાં આવે છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વિવિધ ઝોનમાં CCTV ડિસિલટિંગનો ડેટા હવે સેન્ટ્રલાઈઝ કરવા માટેની પણ સૂચના આપવામાં આવી છે. CCTV ના ડેટાથી ક્યા વિસ્તારમાં સફાઈ થઈ અને યોગ્ય સફાઈ થઈ કે કેમ તે તમામ અંગે યોગ્ય માહિતી મળી રહેશે.

## જમીન ખરીદવાના બહાને બિલ્ડર સાથે રૂપિયા 3.46 કરોડની ઠગાઈ

### ગુજરાત યુનિ. પોલીસે ગુનો નોંધી તપાસ આદરી

ગુજરાત | વંદન

જમીન ડેવલપ કરવાની કામગીરી કરતી કંપનીના સંચાલકોએ જમીન ડેવલપ કરવાના પૈસા લીધા બાદ તેના પર કોઈ જ કામગીરી નહિ કરી બિલ્ડરને ચુનો લગાવ્યો હતો. આ ઉપરાંત જમની ખરીદવા માટે પણ પૈસા પડાવ્યા હતા અને તે રૂપિયા અંગત કામમાં વાપરી નાંખ્યા હતા. આ અંગે બિલ્ડરે ફરિયાદ નોંધાવતાં પોલીસે રૂ. 3.46 કરોડની ઠગાઈની ફરિયાદ નોંધી વધુ તપાસ આદરી છે. મણિનગરમાં રહેતા જીજ્ઞેશ જોષી આંબાવાડી ખાતે જમીન લે-વેચ તથા કન્સ્ટ્રક્શન વ્યવસાય કરે છે. તેમની કંપનીના ભાગીદારના કહેવાથી તેમણે તેમના ચાર પ્રોજેક્ટની જમીન ડેવેલપ કરવાનું કામ ચેતસ શાહ (રહે.વાઈસરોય વીલે, બોડકદેવ) અને મિતલ પટેલ (રહે.પાલ્વગ્રોવ એપાર્ટમેન્ટ, બોડકદેવ)ની કંપનીને સોપ્યું હતું. આ માટે પ્લોટ ખરીદનાર વ્યક્તિઓએ અઢી કરોડ રૂપિયા ચૂકવી આપ્યા હતા. તેમ છતાંય, પ્લોટ ડેવેલપ કરાયા નહોતા. જેથી




જીજ્ઞેશભાઈએ સવા કરોડના ખર્ચે જમીન ડેવેલપ કરાવી હતી.

આ ઉપરાંત, પીપળી ગામની જમીન રવિન્દ્રભાઈ પટેલ પાસેથી ૮૬ લાખમાં ખરીદવાનું નક્કી થયું હતું, પરંતુ ભાગીદારી પેઢી માત્ર NA થયેલી જમીન જ ખરીદી શકે તેવો નિયમ હોવાથી ચેતસે આ જમીન તેના ખેડૂત મિત્ર મિહીર દલાલ (રહે. આયોજનનગર, ધરણીધર)ના નામે ખરીદવાનું કહ્યું હતું. જમીન NA થયા બાદ તે જીજ્ઞેશભાઈને કંપનીને ટ્રાન્સફર કરી આપશે તેમ નક્કી થયું હતું. ચેતસ શાહ, મિતલ પટેલ, રવિન્દ્ર પટેલ અને મિહીર દલાલે રૂ. ૩.૪૬ કરોડની છેતરપિંડી કરી હતી. જે અંગે ગુજરાત યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધ્યો છે.

### વિપક્ષે હિસાબ માંગતા સત્તાધારી પક્ષ ભાજપ મૂંઝાયો

## કોર્પોરેશનમાં વિરોધ પક્ષ કોંગ્રસે વી.એસ. હોસ્પિટલના ખર્ચનો હિસાબ માંગ્યો

ગુજરાત | વંદન

અમદાવાદ મ્યુનિ.સંચાલિત વી.એસ.હોસ્પિટલ માટે છેલ્લા બાર વર્ષના સમયમાં સત્તાધારી પક્ષ તરફથી કુલ રુપિયા 2160.52 કરોડનું બજેટ મંજૂર કરાયુ હતુ. જંગી રકમનુ બજેટ મંજૂર કરવા સામે દર્દીઓની સંખ્યા ઘટી સેવાઓ ઘટી છતાં રુપિયા 913 કરોડનો ખર્ચ ક્યાં અને કેવી રીતે કરવામાં આવ્યો એ અંગે વિપક્ષ તરફથી હિસાબ માંગવામાં આવતા સત્તાધારી પક્ષ મૂંઝવણમાં મુકાઈ ગયો હતો.

વિપક્ષનેતાએ આક્ષેપ કરતા કહ્યું, હોસ્પિટલના જર્જરીત બિલ્ડિંગનુ સમારકામ કરાયુ નથી કે હોસ્પિટલનુ નવુ બિલ્ડિંગ પણ બનાવાયુ નથી. આમ છતાં આટલી મોટી રકમમાંથી તો એસ.વી. પી.હોસ્પિટલ જેવી નવી હોસ્પિટલ બની ગઈ હોત. અમદાવાદ મ્યુનિ. ના જનરલ બજેટ સહિત સંલગ્ન સંસ્થાઓ મ્યુનિ.સ્કુલ, મા.જે. પુસ્તકાલય, વી.એસ.હોસ્પિટલ




એ.એમ.ટી.એસ.ના વાર્ષિક બજેટ મંજૂર કરવા બે દિવસની બેઠકનો આરંભ થયો હતો.

વી.એસ. હોસ્પિટલના બજેટની દરખાસ્ત ઉપર કમિટિ ચેરમેન બોલી રહયા હતા એ સમયે વિપક્ષ નેતાએ વી.એસ. હોસ્પિટલની વાહવાહી કરવાના બદલે વાસ્તવિક બાબત સ્વીકારવા રજૂઆત કરી હતી. વિપક્ષે કહ્યું, વર્ષ-2011-12થી વર્ષ-2024-25 સુધીના વર્ષમાં વી.એસ.હોસ્પિટલ માટે સત્તાધારી પક્ષ તરફથી કુલ રૂપિયા 2160.52 કરોડનુ બજેટ મંજૂર કરાયુ છે. મંજૂર કરવામા આવેલા બજેટની સામે કુલ રુપિયા 913.94 કરોડનો ખર્ચ કરવામાં આવેલો છે. દર્દીઓની સંખ્યા ઘટી છે.

મોટાભાગની સેવાઓ બંધ કરી દેવામા આવી છે. સ્ટાફ પણ પુરતો હોસ્પિટલમાં કરવામાં આવેલા પરિસ્થિતિમાં ખર્ચની તપાસ માટે એક કમિટિ બનાવવામા આવે. એક તબકકે અધ્યક્ષ સ્થાને બેઠેલા મેયર પ્રતિભાજૈને કમિટિ બનાવો ત્યાં સુધી કીધા બાદ કંઈક ખોટું બોલાઈ ગયુ એમ લાગતા બોર્ડ બેઠક દસ મિનીટ માટે મુલત્વી રખાઈ હતી.

## અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેનનું કામ ચાલી રહ્યું છે ધમધોકાર

### ગુજરાત, દાદરાનગર હવેલી અને મહારાષ્ટ્રમાં પ્રોજેક્ટ માટે 100% જમીન સંપાદન કરવામાં આવી

ગુજરાત | વંદન

તાજેતરમાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ દ્વારા છેલ્લા એક વર્ષમાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટની શું કામગીરી રહી તેની જાહેરાત કરવામાં આવી હતી. ગુજરાત અને મહારાષ્ટ્ર માટે તમામ સિવિલ કોન્ટ્રાક્ટ અને તમામ ડેપો અને ઈલેક્ટ્રિકલ પેકેજો એનાયત કરવામાં આવ્યા હતા. ગુજરાત, દાદરાનગર હવેલી અને મહારાષ્ટ્રમાં પ્રોજેક્ટ માટે 100% જમીન સેપાદન કરવામાં આવ્યુ હતું... વર્ષ દરમિયાન મુંબઈ HSR સ્ટેશન અને ભૂગર્ભ ટનલ માટેનું કામ પહેલેથી જ શરૂ થઈ ગયું છે.

ગુજરાતમાં 136 કિમી વાયાડક્ટ અને 282 કિમી પિયરનું કામ પૂર્ણ થયું છે. ગુજરાતના વલસાડમાં પ્રથમ પર્વતીય ટનલનું બ્રેકથ્રુ પૂર્ણ થયું હતું. સુરત અને આણંદમાં જાપાનીઝ શિંકનસેન માં ઉપયોગમાં લેવાતા પ્રથમ રિઈનફોર્સ્ડ કોંક્રીટ (RC) ટ્રેક બેડ નાખવાની શરૂઆત



થઈ છે. ભારતમાં પહેલીવાર જે-સ્લેબ બેલાસ્ટલેસ ટ્રેક સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ગુજરાતમાં સંરેખણ સાથે છ નદી પુલનું બાંધકામ પૂર્ણ થયું. સાબરમતી ખાતે હાઈ સ્પીડ રેલ મલ્ટિમોડલ હબ પૂર્ણ થયું છે.

બુલેટ ટ્રેન પ્રોજેક્ટની કામગીરીની વિગતો જાહેર કરવામાં આવી છે. જેમાં ગુજરાત અને મહારાષ્ટ્ર માટે તમામ સિવિલ કોન્ટ્રાક્ટ અપાયા છે. જેમાં બુલેટ ડેપો અને ઈલેક્ટ્રીક પેકેજ એનાયત કરાયા છે. ગુજરાત, દાદરાનગર હવેલી, મહારાષ્ટ્રમાં જમીન સંપાદનનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. મુંબઈ HSR સ્ટેશન અને ભૂગર્ભ ટનલ માટેની કામગીરી હાલ ચાલુ ચે. ગુજરાતમાં 136 કિમી વાયાડક્ટ અને 282 કિમિ પિયરનું કામ પૂર્ણ છે.

વલસાડમાં પ્રથમ પર્વતીય ટનલનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. સુરત, આણંદ, જાપાનીઝ ટેકનોલોજીનો આરસીસી ટ્રેક બેડ તૈયાર કરાયો છે. ભારતમાં પહેલીવાર જે-સ્બેલ બેલાસ્ટલેસ ટ્રેક સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સંરેખણ ગામે છ નદીના પુલનું બાંધકામ પણ પુરૂ કરવામાં આવ્યું છે. સાબરમતી ખાતે હાઈ સ્પીડ રેલ મલ્ટીમોડલ હબ બનાવાયું છે. બુલેટ ટ્રેન પ્રોજેક્ટની કામગીરીની વિગતો જાહેર કરાઈ છે. છેલ્લા એક વર્ષમાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટની કામગીરીની વિગતો જાહેર કરાઈ છે. ગુજરાત અને મહારાષ્ટ્ર માટે તમામ સિવિલ કોન્ટ્રાક્ટ અપાયા

ગુજરાત, DNH અને મહારાષ્ટ્રમાં પ્રોજેક્ટ માટે 100% જમીન હાંસલ કરવામાં આવી છે આ વર્ષે મહત્વના કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આજે, અમે થાણે ડેપો માટે કરાર કરાર પર હસ્તાક્ષર કર્યા છે

વર્ષ દરમિયાન મહારાષ્ટ્ર (156 કિમી) એટલે કે C-1 (મુંબઈ HSR સ્ટેશન), C-2 (ભારતની પ્રથમ અન્ડરસી રેલ ટનલ સહિત 21 કિમી લાંબી ટનલનું બાંધકામ) અને C-3 માં 3 HSR સ્ટેશનો સાથે 135 કિમી સંરેખણ. થાણે, વિરાર અને બોઈસર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે મુંબઈ HSR સ્ટેશન અને ભૂગર્ભ ટનલ માટેનું કામ પહેલેથી જ શરૂ થઈ ગયું છે ગુજરાતમાં 136 કિમી વાયાડક્ટ અને 282 કિમી પિયરનું કામ પૂર્ણ થયું છે સુરતમાં સૌપ્રથમ સ્ટીલ બ્રિજનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું અને ગુજરાતના વલસાડમાં પ્રથમ પર્વતીય ટનલનું બ્રેકથ્રુ પૂર્ણ થયું હતું.

સુરત અને આણંદમાં જાપાનીઝ શિંકનસેનમાં ઉપયોગમાં લેવાતા પ્રથમ રિઈનફોર્સ્ડ કોંક્રીટ (RC) ટ્રેક બેડ નાખવાની શરૂઆત થઈ છે. ભારતમાં પહેલીવાર જે-સ્લેબ બેલાસ્ટલેસ ટ્રેક સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ગુજરાતમાં સંરેખણ સાથે છ નદી પુલનું બાંધકામ પૂર્ણ થયું સાબરમતી ખાતે હાઈ સ્પીડ રેલ મલ્ટિમોડલ હબ પૂર્ણ થયું છે.

## અંતિમ સંસ્કારની ભટ્ટી નીચે દારૂ મળી આવ્યો...!

### ભાજપના હોદ્દેદાર અને સ્મશાનના કોન્ટ્રાક્ટરે CNG ભઠ્ઠી નીચે 1800 બોટલ દારૂ સંતાડ્યો




ગુજરાત | વંદન

અમદાવાદના હાટકેશ્વર સ્મશાનમાંથી પોલીસે વિદેશી દારૂ અને બિયરનો જથ્થો ઝડપી પાડ્યો છે. મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત સ્મશાન ગૃહને ચલાવવાનો પેટા કોન્ટ્રાક્ટ ધરાવતા અને ખોખરા વોર્ડનો ભાજપનો અનુસૂચિત જાતિ મોરચાનો પ્રમુખ અક્ષય વેગડની 1800 બોટલ સાથે પોલીસે ધરપકડ કરી છે. અક્ષય વેગડ અને તેનો ભાઈ રાજન વેગડ CNG ભઠ્ઠીના ભોયરામાં વિદેશી દારૂનો જથ્થો સંતાડીને રાખતા હતા. પોલીસે 2.62 લાખનો વિદેશી દારૂ અને 11,000નો બિયર કબજે કરી અક્ષય વેગડ અને એક સગીરની ધરપકડ કરી છે.

મળતી માહિતી મુજબ, ખોખરા પોલીસને બાતમી મળી હતી કે, હાટકેશ્વર સ્મશાન ગૃહમાં આવેલી CNG ભઠ્ઠીમાં કેટલોક દારૂનો જથ્થો સંતાડવામાં આવેલો છે. સ્મશાનમાં જ રહેતા અને પેટા કોન્ટ્રાક્ટ ધરાવતો અક્ષય વેગડ દ્વારા ત્યાં દારૂ ઉતારી અને વેચાણ કરવામાં આવે છે. જેના પગલે પોલીસે દરોડો પાડતા CNG ભઠ્ઠીમાંથી 1803 જેટલી વિદેશી દારૂની બોટલ અને 98 બિયરના ટીન મળી આવ્યા હતા. પોલીસે સ્થળ પરથી અક્ષય વેગડ અને એક સગીરની ધરપકડ કરી હતી.

તપાસમાં જાણવા મળ્યું હતું કે, અક્ષય અને તેનો ભાઈ બહારથી વિદેશી દારૂ લાવી અને સ્મશાન ગૃહમાં સંતાડી દેતા હતા અને ત્યારબાદ તેનું વેચાણ કરતા હતા.મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત હાટકેશ્વર સ્મશાન ગૃહમાંથી વિદેશી દારૂ અને બિયર સાથે ઝડપાયેલો આરોપી અક્ષય વેગડ ખોખરા વોર્ડનો અનુસૂચિત જાતિ મોરચાનો પ્રમુખ છે. હાટકેશ્વર સ્મશાન ચલાવવા માટેનો પેટા કોન્ટ્રાકટ છે. જ્યાં શબ સળગે તેની નીચે જ વિદેશી દારૂનો જથ્થો સંતાડી વેચાણ કરવામાં આવતું હોવાથી અનેક સવાલ ઉભા થયા છે.

મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ અને ભાજપના નેતાઓ પોતાના મળતીયા માણસોને ગોઠવી અને સફાઈથી લઈ લાકડાનો કોન્ટ્રાક્ટ આપી દેતા હોય છે અને પછી ત્યાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ શરૂ થાય છે. સ્મશાન ગૃહમાં ક્યારેય કોઈપણ અધિકારી કે ભાજપના ચેરમેન જોવા આવ્યા નથી, જેના કારણે સ્મશાનમાં બેફામપણે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ શરૂ થઈ ગઈ છે.

## લૉ ગાર્ડન બીઆરટીએસ સ્ટેન્ડથી સીએન સુધી ફ્લાયઓવર બનશે

ગુજરાત | વંદન

શહેરમાં ભારે ટ્રાફિક સર્જાતો હોય તેવા જંક્શન પર ફ્લાયઓવર બનાવવામાં આવી રહ્યા છે. ટ્રાફિક મેનેજમેન્ટના ભાગરૂપે કોર્પોરેશન લૉ ગાર્ડન ખાતેના બીઆરટીએસ સ્ટેશન પાસેથી પંચવટી સર્કલ થઈ આંબાવાડી સર્કલ પર એલ આકારનો ફ્લાયઓવર બનાવવાનું આયોજન કર્યું છે. આ ફ્લાયઓવર સીએન વિદ્યાલય સુધી લંબાવાશે. મ્યુનિ.એ આ માટે આંબાવાડી સર્કલ પર ટ્રાફિકનો સરવે પણ કરાવ્યો હતો. જે મુજબ સવારે 7થી રાતના 11 સુધીના 16 કલાકમાં આ જંકશન પરથી રોજ સરેરાશ 1.18 લાખ વાહન પસાર થાય છે. આમાંથી 69 હજાર ટુવ્હીલર અને 31551 કાર પસાર થાય છે. રોજ લગભગ 460 ખાનગી બસ પણ અહીંથી પસાર થતી હોય છે. છડાવાડથી પાંજરાપોળ તરફ જતા રોડ પર સૌથી વધુ વાહન પસાર થતા હોય છે. સાંજે 6થી 7 વાગ્યાના પીકઅવરમાં આંબાવાડી સર્કલ પરથી સરેરાશ 9210 વાહનની અવરજવર રહે છે. જ્યારે આ પીકઅવરમાં પાંજરાપોળથી પંચવટી સુધીના રોડ પર સૌથી વધુ વાહન પસાર થતા હોય છે.

સરવે મુજબ છડાવાડથી પંચવટી રોડ પર સૌથી ઓછાં વાહનોની અવરજવર રહેતી હોય છે. 2023-24ના બજેટમાં ફ્લાયઓવરના આ પ્રોજેક્ટ માટે જોગવાઈ કરવામાં આવી હતી અને પંચવટી ખાતે માત્ર એક જંકશન પર બ્રિજ બનાવવાનો હતો. પરંતુ પાંજરાપોળ સુધી ભારે ટ્રાફિકની સમસ્યા રહેતી હોવાથી પ્લાનમાં ફેરફાર કરવામાં આવ્યો છે અને હવે આ ફ્લાયઓવરને સીએન વિદ્યાલય સુધી લઈ જવાશે. મ્યુનિ.એ આંબાવાડી સર્કલનો પણ ટ્રાફિક સરવે કરાવ્યો હતો.


### મનોચિકિત્સકોનું માનવું છે કે, પ્રેમ પ્રકરણમાં હત્યા માટે મુખ્યત્વે એકતરફી પ્રેમ જવાબદાર

## ચોંકવનારું સત્ય: ગુજરાતમાં છેલ્લા 10 વર્ષમાં 1446 વ્યક્તિની પ્રેમ પ્રકરણને કારણે હત્યા થઈ

ગુજરાત | વંદન

પ્રેમીઓના પર્વ વેલેન્ટાઈન્સ ડેની ગઈકાલે ઉજવણી કરવામાં આવી છે. જેમાં ઘણા પ્રેમીઓએ પોતાના પ્રેમનો એકરાર કર્યો હશે તો કેટલાક પ્રેમીઓ એકમેકને મોંઘીદાટ ગિફ્ટ પણ આપી હશે. પ્રેમના આ પર્વ દરમિયાન અનેક લોકો એવા પણ છે જેમની પ્રેમ પ્રકરણને કારણે હત્યા પણ થઈ છે. ગુજરાતમાંથી જ છેલ્લા 10 વર્ષમાં 1446 વ્યક્તિની પ્રેમ પ્રકરણને કારણે હત્યા થઈ હોવાનું સામે આવ્યું છે.

છેલ્લા 10 વર્ષમાં પ્રેમ પ્રકરણને કારણે સૌથી વધુ 179 હત્યા વર્ષ 2021માં થઈ હતી. વર્ષ 2022ની વાત કરવામાં આવે તો ગુજરાતમાં પ્રેમ પ્રકરણને કારણે 134ની હત્યા થઈ હતી. પ્રેમ પ્રકરણને કારણે વર્ષ 2022માં સૌથી વધુ હત્યા થઈ હોય તેવા રાજ્યોમાં ઉત્તર પ્રદેશ 253 સાથે મોખરે, બિહાર 171 સાથે બીજા, મધ્ય પ્રદેશ 146 સાથે ત્રીજા, મહારાષ્ટ્ર 143 સાથે ચોથા જ્યારે ગુજરાત પાંચમાં સ્થાને છે. સમગ્ર દેશમાંથી એક વર્ષમાં 1401 વ્યક્તિની પ્રેમ પ્રકરણને કારણે હત્યા થઈ હતી. ગુજરાતમાં રાજકીય, અનૈતિક સંબંધો, અંગત વેર જેવા કારણો કરતાં પણ પ્રેમ પ્રકરણને કારણે વધુ હત્યા થાય છે. અમદાવાદમાંથી છેલ્લા પાંચ વર્ષમાં પ્રેમ પ્રકરણને કારણે 40



વ્યક્તિની હત્યા થયેલી છે. જેમાં 2020માં 6, 2021માં 11 અને 2022માં 8 હત્યાનો સમાવેશ થાય છે. બીજી તરફ સુરતમાંથી ગત વર્ષે પાંચ વ્યક્તિની પ્રેમ પ્રકરણને કારણે હત્યા થઈ હતી.

આ અંગે મનોચિકિત્સકોનું માનવું છે કે, પ્રેમ પ્રકરણમાં હત્યા માટે અનેક કિસ્સામાં એકતરફી પ્રેમ પણ જવાબદાર હોય છે. કોઈ પાત્ર મારું ના થઈ શકે તો બીજાનું પણ નહીં તેવી માનસિક્તા હાવી થઈ જાય તો તેવા કિસ્સામાં પણ હત્યા થતી હોય છે. પ્રેમના એકરારને સામે વાળું પાત્ર ફગાવી દે તો તે ઘણાંથી ઝીરવાતું નથી અને તે સ્થિતિમાં તેઓ આવું અવિચારી પગલું ભરી દેતાં હોય છે. કોઈ મિત્રમાં સામે વાળું મારું ના થઈ શકે તો અન્યનું નહીં તેવી ભાવના જોવા મળે તો તાકીદે તેના માતા-પિતાને જાણ કરવી હિતાવહ છે. કોઈ પાત્ર ઈન્કાર કરે તો તેને જીવનનો અંત માનવાને બદલે ભવિષ્યમાં હજુ વધારે કંઈક સારું થશે તેમ માનીને જીવનમાં આગળ વધવું જોઈએ

### એક જ દિવસમાં રૂ. 13,49,825નો પ્રોફેશનલ ટેક્સ વસૂલ્યો હતો

## અમદાવાદની સ્કૂલોને પ્રોફેશનલ ટેક્સ ભરવા નોટિસ

ગુજરાત | વંદન

અમદાવાદ, મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્રોફેશનલ ટેક્સ વિભાગ દ્વારા ગત ૨ જાન્યુઆરીથી પ્રોફેશનલ ટેક્સ વસૂલાતને સઘન બનાવવા માટે ખાસ અભિયાન ચલાવાઈ રહ્યું છે. આ અભિયાન અંતર્ગત યુરો કિડ્સ સ્કૂલ, એ-વન સ્કૂલ, પ્રકાશ હાઈસ્કૂલ, ગોપી દાલબાટી સહિતના એકમોને પ્રોફેશનલ ટેક્સના સંદર્ભે નોટિસ ફટકારવામાં આવી છે.

પ્રોફેશનલ ટેક્સ વિભાગ દ્વારા ઘાટલોડિયાના દેવનારાયણ ઈલેક્ટ્રોનિક્સ, લક્ષ્મી વાસણ ભંડાર, વિમલનાથ જ્વેલર્સ, પુરોહિત ચવાણું, યુરો કિડ્સ સ્કૂલ, શ્રીહરિ ગૃહ ઉદ્યોગ, જલારામ પાત્રા હાઉસ, મોરપંખ ડિઝાઈન, ફેમસ હેર આર્ટ, મેમનગરના સ્વીટ હોમ ફર્નિશિંગ, પેનામેક્સ ઈન્ફોટેક લિ., સુભાષ ચોકની એ વન સ્કૂલ, નહેરુપાર્કની કીસ્ટોન યુનિવર્સ ઓફ એજ્યુકેશન, આરસી ટેકનિકલ રોડના સાંઈનાથ ઓટો, ચાણક્યપુરીની માતા પાર્વતી હિન્દી પ્રાથમિક સ્કૂલ, ચાંદલોડિયા ગામના તિરુપતિ વિદ્યાલય, ગોતા-ચાંદલોડિયા રોડ પરના સિટી સ્કવેર માર્ટ,ત્રાગડના યુનિક ઈનોવેટ્સ, પ્રાઈમ ઈન્સ્ટીરિયર, હેતાંશ એન્ટરપ્રાઈઝ, ક્રિષ્ના એન્ટરપ્રાઈઝ, વસ્ત્રાપુર, તળાવની બ્રિટિશ કાઉ•ન્સલ લાઈબ્રેરી, બીસી એક્ઝામિનેશન એન્ડ ઈં•ગ્લશ સર્વિસ પ્રાઈવેટ લિમિટેડ, ન્યૂ સુવર્ણા સ્પા, સેલેક્ટો ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, ગુરુકુલ




રોડના નીલકમલ કોફી બાર, નવનીત હાઉસ, ગોતાના અદાણી સીએનજી પંપ, ગોપી દાલબાટી, શ્રી રાજપૂત સમાજ ભવન,શ્રી કાંચી શંકર સ્કૂલ, એવર શાઈન ફ્લોર,

અણીધારા ગ્રેનાઈટ, અંજલિ ગ્રેનાઈટ, માહી માર્બલ, ઓગણજના મહાવીર ઈલેક્ટ્રોનિક્સ, વૈભવ બિલ્ડ મોલ, ઓનેસ્ટ, લાપીનોઝ ધ ગ્રે, પલાશ પાર્ટી પ્લોટ, સોમેશ્વર ફાર્મ, વિહત ફાર્મ ગેસ્ટ હાઉસ, ફૂડ ફોરેસ્ટ, બિગ ઈલેક્ટ્રોનિક્સ, જયરામ ઈન્ટીરિયર, એચઆરએસ મોડ્યુલર ફર્નિટેક, શ્રી દ્વારકેશ, વિન્ડો વર્લ્ડ, શ્રી પાટીદાર ટ્રેડર્સ, શ્રેયા એન્ટરપ્રાઈઝ, ધ ગ્રીન ડેઝર્ટ પાર્ટીપ્લોટ એન્ડ તિલક ફાર્મ, ધ ગ્રીન ડેઝર્ટ ગાર્ડન રેસ્ટોરાં,

વિવેકાનંદ રોડ પરના કલાપી સુપર માર્કેટ, કલાપી ટ્રેડિંગ, પ્રિશા બ્યુટી સલૂન, ગુરુદ્વારાના સિક્યોર ઓટોમોબાઈલ્સ, જેપી એનર્જી, ડેનિસ કોફી બાર, અગ્રવાલ ટાવરમાં સાર્થક સ્કૂલ અને સત્તાધાર સોસાયટીની પ્રકાશ હાઈસ્કૂલ તેમજ સાર્થક-૨ સ્કૂલને તંત્રએ પ્રોફેશનલ ટેક્સના સંદર્ભમાં નોટિસ ફટકારી હતી. સત્તાવાળાઓએ કુલ ૫૦૨ પ્રોફેશનલ ટેક્સધારકોના એકમોની રૂબરૂ સ્થળ તપાસ કરીને કુલ ૨૩૧ પ્રોફેશનલ ટેક્સધારકોને નોટિસ ઈશ્યૂ કરી હતી

તેમજ એક જ દિવસમાં રૂ. ૧૩,૪૯,૮૨૫નો પ્રોફેશનલ ટેક્સ વસૂલ્યો હતો. પૂર્વ ઝોનાંથી સૌથી વધુ રૂ. ૭.૧૪ લાખથી વધુની રિકવરી કરવામાં આવી હતી, જ્યારે ઉત્તર પશ્ચિમ ઝોનમાંથી રૂ. ૨.૦૨ લાખથી વધુની રિકવરી, ઉત્તર ઝોનમાંથી રૂ. ૧.૩૦ લાખથી વધુની રિકવરી, મધ્ય ઝોનમાંથી રૂ. ૯૯,૭૯૬ની રિકવરી, પશ્ચિમ ઝોનમાંથી રૂ. ૭૯,૪૭૦ની રિકવરી, દક્ષિણ ઝોનમાંથી રૂ. ૬૨,૧૨૩ની રિકવરી, દક્ષિણ પશ્ચિમ ઝોનમાંથી સૌથી ઓછી રૂ. ૬૦,૮૫૫ની રિકવરી તંત્ર દ્વારા કરવામાં આવી હતી.

## ગુજરાતમાં દિવ્યાંગ બાળકો માટે 3000 શિક્ષકોની તાતી જરૂરિયાત

### ઉમેદવારો ખૂબ જ ઓછા હોવાથી ફરીવાર ટેટ પરીક્ષા લેવાશે

ગુજરાત | વંદન

ગુજરાતમાં સરકારી પ્રાથમિક સ્કૂલોમાં દિવ્યાંગ બાળકોને ભણાવતા સ્પેશ્યલ એજ્યુકેટર્સની 3 હજાર જેટલી જગ્યાઓ ભરવા માટે પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરી દ્વારા પ્રક્રિયા શરૂ કરાઈ છે. જો કે સરકારના નવા નિયમો મુજબ ટેટ-1 અને ટેટ-2 પાસ થયેલા ઉમેદવારો ખૂબ જ ઓછા હોવાથી ફરીવાર ટેટ પરીક્ષાઓ લેવી પડશે.

રાજ્યની જીલ્લા પંચાયત હેઠળની સરકારી પ્રાથમિક સ્કૂલો અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ (કોર્પોરેશન) હેઠળની પ્રાથમિક સ્કૂલોમાં સ્પેશ્યલ એજ્યુકેટરની જગ્યાઓ ભરવા માટે અંતે સરકાર દ્વારા પ્રક્રિયા શરૂ કરી દેવામા આવી છે. વર્ગ-3ના સ્પેશ્યલ એજ્યુકેટર્સ માટે સરકારની પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરી ( પ્રા.શિક્ષણ પસંદગી સમિતિ) દ્વારા કરાયેલી જાહેરાત મુજબ ધો.1થી 5માં જનરલની 950 સહિત 1861 જગ્યાઓ ભરાશે. જ્યારેધો.6થી 8માં જનરલની 592 સહિત 1139 જગ્યાઓ ભરાશે.

આમ સરકારી સ્કૂલોમાં દિવ્યાંગ બાળકોને ભણાવી શકે તેવા કુલ 3 હજાર સ્પેશ્યલ એજ્યુકેટર્સ નિમવા માટે ભરતી પ્રક્રિયા શરૂ કરાઈ છે અને અરજીઓ મંગાવવામા આવી છે.જે મુજબ ઉમેદવારો 19 ફેબ્રુઆરથી 28 ફેબ્રુઆરી સુધી ઓનલાઈન ફોર્મ ભરી શકશે અને 28મીએ સાંજ સુધી ફોર્મ કચેરી ખાતે જમા કરવાના રહેશે. સ્પેશ્યલ એજ્યુકેટર્સની ભરતી માટે સરકારે નવા નિયમો લાગુ કર્યા છે અને નવા નિયમો મુજબ ભરતી થનાર છે તેમજ સ્પેશ્યલ એજ્યુકેટર્સ માટે પણ પ્રથમવાર ટેટ લેવામા આવી હતી. જેમાં ધો.1થી 5 માટે ટેટ-1 અને ધો.6થી 8 માટે ટેટ-2 લેવાઈ હતી. જો કે 3 હજાર જેટલી જગ્યાઓ સામે ટેટ- 1માં અને 1900 અને ટેટ-2માં 1800 જેટલા ઉમેદવારે પરીક્ષા આપી હતી અને જેમાંથી ખૂબ જ ઓછા ઉમેદવારો પાસ થયા છે.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

સંપાદકીય....

## વડાપ્રધાન મોદીએ તેમના વિષે જે કહેવામાં આવે છે તે પૂરવાર કર્યું -મોદી હૈ તો મુમકીન હૈ....અભિનંદન....!





કતાર નામનો દેશ. તેમાં વળી ઈસ્લામિક દેશ કટ્ટરપંથી દેશ. એ દેશમાં ભારતની નેવીના 8 પૂર્વ અધિકારીઓ પર કતાર દેશના કટ્ટર દુશ્મન ઈઝરાયલ માટે જાસુસી કરવાનો આરોપ. ત્યાંની કોર્ટે ભારતના એ પૂર્વ અધિકારીઓને નાની મોટી નહીં પણ ફાંસીની સજા સંભળાવી. નેવીના એ પૂર્વ અધિકારીઓને મળવા દેવાની મંજૂરી પણ નહીં. ભારતમાં હાહાકાર મચી ગયો. કટ્ટરપંથી ઈસ્લામિક દેશમાં ફાંસીની સજા ફરમાવવામાં આવી હોય એટલે સમજો કે બચવાની કોઈ શક્યતા જ નહીં. બચે તો માત્ર કતારના રાજા બચાવી શકે. અને એ રાજાને ભારત તરફથી રાજદ્વારા સંબંધોનો ઉપયોગ કરીને વિનંતી કરવામાં આવી અને ગણતરીના દિવસોમાં તો ફાંસીની સજા રદ. આખી સજામાંથી નિર્દોષ છુટકારો અને જોતજોતામાં 8 પૂર્વ અધિકારીઓ સ્વદેશ પરત આવે છે અને પોતાના પરિવારને મળીને કહે છે કે અમને તો આશા જ નહોતી કે અમે બચીશું પણ ભલુ થજો આપમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું કે જેમના કારણે તેઓ સહીસલામત પરત આવી શક્યા....!

કતારમાં ભારતના આ 8 પૂર્વ નેવી અધિકારીઓને ફાંસીની સજા સંભળવવામાં આવી ત્યારે વિરોધીઓ દ્વારા મોદી સરકારને પડકાર ફેંકાયો કે લો હવે બચાવો ભારતીયોને ફાંસીના માંચડેથી...અમે પણ જોઈશું કે કઈ રીતે તેઓ બચે છે...અને આખા ભારત અને આખી દુનિયાએ જોયું કે 8 જિંદગીઓને મોદી સરકાર સિંહના મોઢામાંથી સહીસલામત બહાર લાવીને ભારત લઈ આવે છે. અને વિરોધીઓ ચુ....પ.

આ છે નયા ભારતના વડાપ્રધાન મોદીની રાજકીય તાકાત. કોઈપણ પ્રચાર પ્રસાર વગર ચુપચાપ તેમને બચાવવાની પ્રક્રિયા શરૂ થઈ અને જેઓ એમ માનતા હતા કે ફાંસીની સજા રદ થાય તો પણ નેવીના એ પૂર્વ અધિકારીઓને વર્ષો સુધી તો જેલમાં રહેવુ જ પડશે. પણ વડાપ્રધાનના પ્રયાસોથી તેમને એકાદ બે મહિના સુધી જેલમાં રહેવુ પડ્યું અને ભારત પરત પણ આવીને પરિવારની સાથે મિલન થઈ ગયું.

સામાન્ય રીતે અન્ય કોઈ વડાપ્રધાન હોત તો ઢંઢેરો પિટત અને હું બચાવીને લાવીશ એવી શેખી મારી હોત. પરંતુ મિડિયાસેવી વડાપ્રધાને આ મામલે પ્રચાર-પ્રસારથી દૂર રહીને એવુ સરસ કામ 8 જિંદગીઓ બચાવવા કર્યું કે વગર પ્રચારે વડાપ્રધાન મોદીના નામની વાહ વાહ થઈ ગઈ અને વિશ્વ મંચ પર દુનિયાએ નયા ભારતની જે તાકાત જોઈ, એ વડાપ્રધાન મોદીએ છેલ્લાં 10 વર્ષમાં મેળવેલી આંતરરાષ્ટ્રીય શાખનો મજબૂત પુરાવો છે.

આ મામલે ખરેખર વડાપ્રધાન મોદી ભારતના અભિનંદનના અધિકારી અને હક્કદાર છે. તેની સાથે સાથે ભારત સરકારે વિદેશમાં જ્યાં જ્યાં પણ ભારતીય લશ્કરના પૂર્વ સૈનિકો કે અધિકારીઓ કામ કરી રહ્યાં હોય તેમને એ સંદેશો આપવો જોઈશે કે આવુ ન કરાય અને આવુ ન કરો. કતારની કોર્ટે જે આરોપ મૂક્યો તેમાં કંઈક તો તથ્ય હશે જ. કેમ કે કતાર કાંઈ પાકિસ્તાનની જેમ ભારતનો દુશ્મન દેશ નથી. પાકિસ્તાનમાં આવુ થયું હોય તો એમ માની શકાય કે તેમને ફસાવવામાં આવ્યાં હશે. પણ કતારની સાથે ભારતના સારા સંબંધો છે, ખાસ કરીને વડાપ્રધાન મોદીની સાથે અંગત સંબંધો હોવા છતાં 8 પૂર્વ અધિકારીઓને જે સજા ફટકારી તેમાં સમજી વિચારીની કે પુરાવાના આધારે કરી હશે, એમ માની લેવુ પડે. બની શકે કે જે કંપની માટે તેઓ કતારમાં કામ કરી રહ્યાં હતા એ કંપનીએ તેમને ફસાવ્યા હોઈ શકે, અને પકડાઈ ગયા હોય.

હવે મામલો સમેટાઈ ગયો છે. 8 જિંદગીઓને જે રીતે બચાવવામાં આવી તેની આજના ઈતિહાસમાં નોંધ લેવાઈ ગઈ છે અને ભારત સરકારે પ્રસિધ્ધિથી દૂર રહીને જે રાજદ્વારી સંબંધોનો ઉપયોગ કર્યો તે કાબિલે તારીફ છે. અને અશક્ય લાગતુ કામ કરી બતાવીને વડાપ્રધાન મોદીએ તેમના વિષે જે કહેવામાં આવે છે તે પૂરવાર કર્યું કે-મોદી હૈ તો મુમકીન હૈ....વડાપ્રધાનને અભિનંદન હો....


ધર્મ

## 22મીએ વિશ્વકર્મા જયંતી : દેવતાઓના શિલ્પકાર વિશ્વકર્માએ જ સોનાની લંકા અને દ્વારકાનગરી બનાવી હતી

હિન્દુ પંચાંગ મુજબ, વિશ્વકર્મા જયંતિ મહા મહિનાના શુક્લ પક્ષના તેરસના દિવસે ઉજવવામાં આવે છે. વર્ષ 2024માં વિશ્વકર્મા જયંતિ 22 ફેબ્રુઆરીનાં રોજ ઉજવવામાં આવશે. વિશ્વકર્મા જયંતિના દિવસે સમગ્ર ભારતમાં ભગવાન વિશ્વકર્માની પૂજા કરવામાં આવે છે. આ દિવસે દેવતાઓના કારીગર ભગવાન વિશ્વકર્મા તેમના સાધનો અને મશીનરી માટે વિશેષ પૂજા કરવામાં આવે છે. ગુજરાતમાં આ તહેવાર મહા મહિનામાં ઉજવવામાં આવે છે તો ઉત્તર ભારતમાં ફેબ્રુઆરીમાં અને દક્ષિણ ભારતમાં સપ્ટેમ્બરમાં ઉજવવામાં આવે છે.

ભગવાન વિશ્વકર્મા દેવી-દેવતાઓ સાથે સંબંધિત તમામ નિર્માણનું કામ કરે છે. વિશ્વકર્માજીએ ત્રેતાયુગમાં સુવર્ણ લંકાનું નિર્માણ કર્યું હતું. પુષ્પક વિમાન,દ્વાપર યુગમાં શહેર દ્વારકા નગરીનું નિર્માણ કર્યું હતું. આ સિવાય દેવતાઓના મહેલો, રથ અને શસ્ત્રો પણ વિશ્વકર્માએ જ બનાવ્યા છે. આ તહેવાર એવા લોકો માટે ખૂબ જ ખાસ છે જેઓ બાંધકામના કામ સાથે જોડાયેલા છે, જેમ કે ઘર બનાવનારા, ફર્નિચર બનાવનારા, મશીનરી સાથે જોડાયેલા લોકો, ફેક્ટરીઓ સાથે જોડાયેલા લોકો માટે આ તહેવારનું અનેરું મહત્ત્વ છે. આ બધા લોકો માટે વિશ્વકર્મા જયંતિ એક મોટો તહેવાર છે.

વિશ્વકર્મા જીના વિશેષ કામ પૈકી



એક છે સુવર્ણ લંકાનું નિર્માણ. લંકા વિશે આમ તો ઘણી માન્યતાઓ પ્રચલિત છે. તો એવી પણ માન્યતા છે કે અસુરો માલ્યવાન, સુમાલી અને માલીએ વિશ્વકર્માને અસુરો માટે એક વિશાળ ઈમારત બનાવવાની વિનંતી કરી હતી. આ ત્રણેય અસુરોની પ્રાર્થના સાંભળીને વિશ્વકર્માજીએ સમુદ્ર કિનારે ત્રિકુટ નામના પર્વત પર સોનાની લંકા બનાવી હતી.

દ્વાપર યુગમાં જ્યારે શ્રી કૃષ્ણએ કંસને વશ કરી લીધો ત્યારે કંસના સસરા જરાસંધે શ્રી કૃષ્ણને મારવા માટે મથુરા પર વારંવાર આક્રમણ કરવાનું શરૂ કર્યું હતું. શ્રી કૃષ્ણ અને બલરામ દરેક વખતે તેને હરાવી દેતા હતા, પરંતુ જ્યારે જરાસંધના હુમલાઓ વધવા લાગ્યા ત્યારે શ્રી કૃષ્ણએ મથુરાની રક્ષા માટે મથુરા છોડી દેવાનુંનક્કી કર્યું હતું. તે સમયે શ્રી કૃષ્ણએ વિશ્વકર્માને સલામત સ્થળે અલગ શહેર બનાવવાનું કહ્યું હતું. આ પછી વિશ્વકર્માજીએ દ્વારકા શહેરનું નિર્માણ કર્યું અને કૃષ્ણ-બલરામ અને યદુવંશી દ્વારકા શહેરમાં રહેવા લાગ્યા હતાં.

## કોઇએ ઇમરજન્સી નાંખી તો કોઇએ વહેલી ચૂંટણીઓ આપતા સત્તાથી કાયમ દૂર રહેવુ પડ્યું

# ત્રણ નેતાઓની એ ત્રણ ભૂલો કે જેણે ભારતના રાજકારણની દશા અને દિશા બદલી નાંખી

## દેશની વર્તમાન નેતાગીરી એ ભૂલોમાંથી શીખીને સફળતા માર્ગે ચાલી રહી છે...નો ટેન્શન..

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

નવી સંસદના બંને ગૃહોને સંબોધિત રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવમાં બોલતા, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના પરિપ્રેક્ષ્યમાં, આઝાદી પછીના ભારતના સાત દાયકાના ઈતિહાસમાં નેહરુ-ગાંધી પરિવારની ભૂલોની ગણતરી કરીને દર્શાવી હતી. તેના પગલે રાજકીયક્ષેત્રે એવી ચર્ચા શરૂ થઈ કે સ્વતંત્ર ભારતમાં કોઈપણ પક્ષ કે કોઈપણ રાજકારણીએ કરેલી સૌથી મોટી અને સૌથી મહત્વપૂર્ણ રાજકીય ભૂલ કઈ હતી? માત્ર એક ભૂલને નામ આપવું મુશ્કેલ છે, તેથી અભ્યાસુઓએ ત્રણ ગંભીર ભૂલો શોધી કાઢી છે. જે છેલ્લા 50 વર્ષો સુધીના સંશોધનને મર્યાદિત કરે છે.



પ્રથમ, સ્પષ્ટ કરીએ કે આ એક સંપૂર્ણ રાજકીય ભૂલો છે. આર્થિક, સામાજિક, વિદેશી બાબતોને લગતી નીતિઓમાં થયેલી ભૂલોનો સમાવેશ કરવામાં આવ્યો નથી. આનો સંબંધ શુદ્ધ રાજકારણ સાથે હોવો જોઈએ. બીજું, કઈ ભૂલ ખરાબ હતી કે સૌથી ખરાબ તેનો નિર્ણય નૈતિકતા કે સાચા અને ખોટાના આધારે લેવામાં આવ્યો નથી.

અને ત્રીજું, આ ત્રણેય ભૂલોની યાદીમાં કઈ ભૂલોનો સમાવેશ થશે અને કઈ ભૂલોને યાદીમાં સૌથી ઉપર મૂકવામાં આવશે તેની સૌથી મોટી કસોટી એ રહેશે કે કઈ ભૂલને કારણે આગામી કેટલાંક દાયકાઓ સુધી રાજકારણની દિશા બદલાઈ ગઈ. જે ભૂલની અસર સૌથી લાંબી અનુભવાઈ તે સૌથી ગંભીર ભૂલ ગણી સકાય કે કહી શકાય..

પ્રથમ સૌથી ભૂલમાં તત્કાલીન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીનું નામ મોખરે મૂકી શકાય. ઈંદિરા ગાંધીએ કટોકટી દરમિયાન આરએસએસને નિશાન બનાવ્યું હતું અને તેના હજારો કાર્યકરોને જેલમાં ધકેલી દીધા હતા,

બીજી સૌથી મોટી ભૂલ ગાંધી પરિવારના જ નેતાએ કરી હતી. 1989માં, રાજીવ ગાંધીએ લોકસભામાં 197 બેઠકો મેળવી હોવા છતાં તેમની સરકાર ન બનાવવાનો નિર્ણય કર્યો. તેમણે કહ્યું કે જનાદેશ તેમની વિરુદ્ધ છે અને તેઓ તેનું સન્માન કરશે. યાદ રહે, તેમની પાર્ટી લોકસભામાં સૌથી મોટી પાર્ટી હતી.

ત્રીજી ભૂલ ભાજપના નેતાઓએ કરી હોવાનું રાજકીય ઈતિહાસમાં નોંધાયેલુ છે. મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢમાં અટલ બિહારી વાજપેયી અને લાલ કૃષ્ણ અડવાણીએ જંગી બહુમતી સાથે ચૂંટણી જીતીને પ્રોત્સાહિત કર્યા, સામાન્ય ચૂંટણીઓ નિર્ધારિત કરતાં છ મહિના પહેલાં યોજાઈ. અને પરિણામ એ આવ્યું કે 2004ની ચૂંટણીમાં વાજપેયીની ઈન્ડિયા શાઈનીંગ સરકાર હારી ગઈ અને કોંગ્રેસે સત્તા મેળવીને 10 વર્ષ રાજ કર્યું હતું.



પહેલો પ્રશ્ન આ હોઈ શકે છેઃ ઈમરજન્સી લાદવાની સૌથી મોટી રાજકીય ભૂલ કઈ રીતે ? RSS કેડરને ટાર્ગેટ કરીને જેલમાં ધકેલી દેવાનું આટલું મહત્વનું કેવી રીતે માનવામાં આવતું હતું? આ પ્રશ્નોના જવાબ સરળ છે.

તેમણે આરએસએસ પર જે નિશાન બનાવ્યા તેની અસર લાંબા સમય સુધી દેખાઈ રહી હતી. સૌપ્રથમ, તેણે આરએસએસને રાજકીય દળ તરીકે કાયદેસર બનાવ્યું, અને તેને તેના પક્ષના મુખ્ય વૈચારિક હરીફનો દરજ્જો આપ્યો. ત્યાં સુધી તેમની પાર્ટીની તાકાત એવી હતી કે તેને કોઈ વિચારધારા સામે લડવું પડ્યું ન હતું.

તેમના પોતાના પક્ષમાં, કેટલાક રૂઢિચુસ્તો, જમણેરી ઝુકાવ ધરાવતા, સ્વતંત્ર પક્ષના ઉદાર મૂડીવાદના સમર્થકો અને ડાબેરી વલણના કેટલાક તત્વો હતા. પરંતુ કોંગ્રેસની વિચારધારા વિરુદ્ધ બીજી વિચારધારાની સ્થિતિ ક્યારેય ન હતી.

આ હરીફાઈમાં ઈન્દિરા ગાંધીએ તેમની પાર્ટીને સામેલ કરી હતી. આરએસએસના મોટાભાગે અનામી અને સામાન્ય લોકોની મોટી સંખ્યામાં ધરપકડ કરીને, તેમણે આરએસએસને વ્યાપક માન આપ્યું અને અમુક અંશે તાકાત આપી. . થોડા સમય પછી, જનસંઘે ભારતીય જનતા પાર્ટી (BJP) ના રૂપમાં નવો અવતાર લીધો, જે કોંગ્રેસની એકમાત્ર વૈચારિક હરીફ બની.

1989ની ચૂંટણીમાં રાજીવ ગાંધીની કોંગ્રેસ 1984-85ની 414 બેઠકોથી ઘટીને 197 બેઠકો પર આવી ગઈ. બીજી સૌથી મોટી પાર્ટી જનતા દળ હતી, જેને માત્ર 143 બેઠકો મળી હતી અને જેના સૌથી મોટા નેતા વી.પી. સિંહ વડાપ્રધાન પદના પ્રબળ દાવેદાર હતા. સરકાર રચવાનો દાવો ન કરવાનો નિર્ણય કરીને, કોંગ્રેસે એક અકુદરતી ગઠબંધનનો માર્ગ મોકળો કર્યો જેમાં ભાજપ અને ડાબેરીઓ, એકબીજાના કડવા વૈચારિક દુશ્મનો હોવા છતાં ટેકો આપ્યો અને વી.પી. સિંહની સરકાર બની હતી.

સ્વાભાવિક છે કે, રાજીવ ગાંધીએ વિચાર્યું જ હશે કે આવું મેળ ખાતું ગઠબંધન લાંબું નહીં ચાલે અને આગામી ચૂંટણીમાં તેઓ ફરી સત્તામાં આવશે. પરંતુ તેમણે તેના મૂલ્યાંકનમાં ઘણી ભૂલો કરી હતી.



સૌથી મોટી ભૂલ એ હતી કે તેમને એ સમજાતું નહોતું કે લાલકૃષ્ણ અડવાણીને ભાજપને કોંગ્રેસના રાષ્ટ્રીય વિકલ્પ તરીકે સ્થાપિત કરવાની તક આપવામાં શું જોખમ હોઈ શકે. બીજી તરફ, કોંગ્રેસ સતત નબળી પડતી રહી હતી, અને અડવાણીની ભાજપની બેઠકોની સંખ્યા ટૂંક સમયમાં એકસો(100)ના આંકડા સુધી પહોંચી ગઈ અને તેણે તેના રાજકીય અસ્પૃશ્ય ટેગથી એટલી હદે છૂટકારો મેળવ્યો કે 1998માં પર્યાપ્ત સંખ્યામાં પ્રાદેશિક પક્ષો સાથે ગઠબંધન કર્યું.

તે અસ્પૃશ્યતાના આ જૂના લેબલમાંથી છૂટકારો મેળવવાની મુખ્ય વાત એ હતી કે વિચારધારાના આધારે તેનો વિરોધ કરનારા માંડલવાળી અને ડાબેરી પક્ષોએ પણ ભાજપ સાથે જોડાણ સ્વીકાર્યું. આ 1989માં રાજીવ ગાંધી તરફથી તેમને મળેલી રાજકીય સત્તાની ભેટ હતી.

બાદમાં તેમની પાર્ટી 15 વર્ષ સુધી સત્તામાં રહી પરંતુ સતત નબળી પડી. આ એક ખોટી ગણતરીથી ભારતીય રાજકારણમાં કોંગ્રેસ યુગનો અંત આવ્યો અને 2014માં ભાજપનો યુગ શરૂ થયો.

રાજકીય રીતે વિચારો કે કોંગ્રેસે 197 સાંસદો હોવા છતાં તેની સરકાર બનાવવાનો ઈનકાર કર્યો હતો, જ્યારે 20 વર્ષ (1996, 1998, 1999, 2004) પછીના તમામ ગઠબંધનનું નેતૃત્વ પાર્ટી દ્વારા કરવામાં આવ્યું હતું જેને ઓછી બેઠકો મળી હતી. અલબત્ત, કોંગ્રેસે 2009માં 206 બેઠકો જીતીને આ આંકડામાં થોડો સુધારો કર્યો હતો.

આ માત્ર ગઠબંધનની વાત છે. 1991-96માં નરસિમ્હા રાવની લઘુમતી કોંગ્રેસ સરકાર વિશે નહીં. રાજીવ ગઠબંધનની અનિવાર્યતાની પૂર્વાનુમાન કરી શક્યા ન હતા અને તેમના સૌથી ખરાબ હરીફોને સત્તા સોંપવા માટે તેમણે લીધેલા આળસુ નિર્ણયે ભારતીય રાજકારણનો માર્ગ બદલી નાખ્યો હતો.

ત્રીજી ભૂલ પર નજર કરીએ તો,

(અનુસંધાન પેજ-6 ઉપર)

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

## યાદ છે? હવે શહેરમાં ક્યાંય ચકો ચકી દેખાતા નથી ...!!

જ્યારે નાના હતા ત્યારે પપ્પા ઘરમાં દિવાલ પર ઘણા બધા ફોટા ટાંગતા જેવા કે દેવલોક પામેલા વડીલોના ફોટા, મમ્મી સાથેનો કોઈ બ્લેક એન્ડ વ્હાઈટ ફોટો, કોઈ દેવીમાં નો ફોટો, શંકર ભગવાન કે પછી હનુમાનજીનો ફોટો વગેરે વગેરે. એ સમયે દિવાન ખંડમાં ફોટા ટાંગવાની ફેશન હતી. ફોટા પાછળ બાંધેલી સાંકળ કે મજબુત દોરી દીવાલમાં ટાંકેલા એક ખીલ સાથે બાંધી દેતા. દીવાલમાં બે ખીલા લગાવતા કે એક લાકડાની જાડી પટ્ટી જડેલી રહેતી એના સહારે બધા ફોટા લગતા.

એ ફોટા નીચેની તરફ નમેલા રહેતા અને એ કારણે એની પાછળ ખાસ્સી જગ્યા રહેતી. દર વર્ષે અચૂક ચકા-ચકીની એકદી જોડી ઘાંસના તણખલા, નાની મોટી સળીઓ, દોરા, સુતળીના ટુકડા જેવી અનેક વસ્તુઓ દિવસભર ઉડા ઉડ કરી અને મહામેહનતે બહારથી શોધી લવાતી અને પછી એ ફોટાઓમાંના એકદા ફોટા પાછળ માળો બાંધતી. સવાર પડે એ જોડીની મેહનત ચાલુ થઈ જતી. આસપાસની ઝાડી પરથી કે કચરામાંથી એ બધું શોધી નાનકડી ચાંચમાં ઊંચકી આવે.

ઉડી આવીને પ્રથમ બારીના સળિયા ઉપર બેસે પછી ગભરાતા ગભરાતા ચારે તરફ ડોક અને નજર ફેરવે કે અંદર આવવામાં કોઈ ખાતરો તો નથી ને? સબ સલામત લાગે એ પછી ઉડી અંદર આવી પેલા ફોટોમાંથી એકદા ફોટા પાછળ એ તણખલા વગેરે ગોઠવીને લગભગ અઠવાડીયાની મેહનત પછી એ માળો બાંધી દેતા. આપણે ઘરમાં કચરો પડતો એટલે એમને ભગાડવાનો પ્રયત્ન કરતા પણ એ જોડી તો માળો બાંધવાના કામમા લાગેલી રહેતી અને અંતે માળો બાંધીને જ રહેતા. માળો બની જાય પછી ક્યારે ઈંડા મૂકાઈ ગયા એની ખબર નો'હતી રેહતી પણ ચકા ચકીની ઉડા ઉડ અને અંદર બહાર આવન જાવન ચાલુ રહેતી. ઘણીવાર માળામાંથી એકાદું ઈંડું નીચે પડી પણ જાય.

નીચે પડી ઈંડુ ફૂટી ગયું હોય. આપણે એમાંથી નિક્ળેલુ

**પછી એ ફોટાઓમાંના એકદા ફોટા પાછળ માળો બાંધતી...**



પીળું પ્રવાહી નજીક જઈ કુતુહલ પૂર્વક જોતા, વળી પાછા માંહો માહે વાતો કરતા કે આ ઈંડાની મમ્મીને કેવું થતું હશે નહિ? આ બાજુ બીચારી ચકી ને ચકો આમથી તેમ ઉડા ઉડ કરી મુકતા ઘડીમાં બારીના સળિયા પર જઈ બેસે તો ઘડીમાં બારણા ઉપર, ઘડીમાં કોઈ ફોટા ઉપર બેસી ચીં ચીં ચીં કરી દયામણી આંખોથી એ ફૂટેલા ઈંડા તરફ જોયા કરતા. આપણે લાગતું કે આ ઈંડાના મમ્મી અને પપ્પા રડે છે પણ આપણી મમ્મી ગુસ્સામાં ચોકડીમાંથી પોતું લાવી એ પીળું પ્રવાહી લુછી ટાઈલ્સ સાફ કરી નાંખતી.

આપણે એ ઈંડાની વાત ભૂલી રમવા ઘરની બહાર દોડી જતા, ચકો ચકી પણ એ ફૂટેલા ઈંડાને ભૂલી બચેલા ઈંડાઓની દેખભાળ કરવા ચાલ્યા જતા.

ચકો ફોટાની ઉપર બેઠો હોય અને કદાચ ચકી બચેલા ઈંડા ઉપર બેઠી હોય. એમની ઉડા ઉડ થોડી ઓછી થતી. થોડા દિવસમાં ફરી એમની ઉડા ઉડ વધી જતી. ઈંડામાંથી બચ્ચા બહાર આવ્યા હોય અને ચકા ચકીની જવાબદારી અને ચિંતામાં વધારો થયો હોય. જવાબદારી, ઈંડામાંથી નીકળેલા એક બે બચ્ચાઓના ભારણ પોષણની અને ચિંતા એમની સુરક્ષાની એટલે બે માંથી એકાદું ફોટા ની ઉપર કે આસપાસ જ રેહતું અને બીજું બહાર જઈ નવાગંતુકો માટે એમની નાની શી ચાંચમાં નાના જીવડાં કે દાણા લાવી બચ્ચાઓની ચાંચમાં મુકતા. પોતાના મમ્મી કે પપ્પા ને આવતા જોઈ એ બચ્ચા પણ નાના નાના મોં ફાડી તૈયાર રહેતા. એ ચીં ચીં ચીં કરતા એમની નાની શી ચાંચ ઉઘાડતા ત્યારે અંદરથી એમના કોમળ મોં નો લાલ લાલ કલર દેખાતો.

આપણે પરસ્પર સામું જોતા અને પૂછતા કે એમને દાંત ક્યારે આવશે? કોઈ વાર એકાદ બચ્ચું માળાની બહાર નીચે પડી જતું. એ એની અર્ધ વિકસિત પંખો વડે ઉડવાની નિષ્ફળ કોશિશ કરતુ. આ તરફ એના પપ્પા મમ્મી ફરી ચિંતાતુર દેખાતા. એ ખુબ કકળાટ કરી મુકતા. આપણે આપણા પપ્પા ને બોલવી લાવતા એ ખુરશી લાવી ચકલીના બચ્ચા ને ફરી પાછુ માળામાં મૂકી આપતા.પાછુ બધું રાબેતા મુજબ થઈ જતું . થોડા દિવસ પછી એ બધું આપણા માટે એકદમ સામાન્ય થઈ પડતું અને આપણે એની તરફ ધ્યાન આપવાનું ઓછું કરી દેતા.

બચ્ચા ધીમે ધીમે મોટા થઈ જતા આપણને ખબર પણ ના રહેતી. એ એમની મમ્મી અને પપ્પા સાથે પોતાની પાંખે ઉડતા ઉડતા બહાર ફરતા થઈ જતા અને પછી એક દિવસ સ્વતંત્ર થઈ પોતાની મેળે ઉડીને દૂર જતા રહેતા. ચકો અને ચકી પણ માળો સુનો મૂકી કોઈ ઝાડ ઉપર જતા રેહતા. એટલામાં દિવાળી આવતી અને ઘરની સાફ સફાઈ થતી અને મમ્મી ચકા ચકીને કોસતા કોસતા પેલા ફોટા પાછળથી "કચરો" કાઢી કચરા પેટીમાં નાખી દેતી. હું આ આખી વાત શ્રીમતીજી સાથે કરી રહ્યો હતો ત્યારે અમારે ઘેર મારી ભાણી અમી અને એની ૮ વર્ષની દિકરી કાવ્યા આવેલા. કાવ્યા એ મને કુતૂહલવશ કાલાઘેલા સ્વરે પૂછ્યું, મામા દાદા માળો એટલે શું? પ્રથમ તો હું આવાક થઈ ગયો. મને થયું કેમ સમજાવું કે માળો એટલે શું ? હવે ઘરોમાં કોઈ દિવંગત વડીલોના ફોટા દીવાલ પર ટાંગતુ નથી કે હવે શહેરમાં ક્યાંય ચકો ચકી દેખાતા નથી . તમારી પાસે નાનકડી કાવ્યાના સવાલનો જવાબ હોય તો મને કહેજો

નિલેશ

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

## ફટ રે, ભૂંડા..!! : નફફટ, તારો હાર તું રાખજે, કો'ક દિ તારે ગળે ફાંસો ખાવા કામમાં આવશે

**સૌજન્ય - પ્રીતમ લખલાણી**

કડવીમાના ત્રીજા નંબરના દીકરાની દીકરી કંકુને દિનાનાથે ફુરસદની ઘડીએ ઘડી હશે!ખરેખર! ગામ આખાની છોકરીઓને દેવાનું રૂપ ઈશ્વરે એકલું કંકુને આપી દીધેલ!હરણી જેવી તેની ચમકતી આંખો! કાળા ભમ્મર નાગણ જેવા ઘટાદાર વાળ! ગોળમટોળ ચંદ્ર જેવું મુખ જોઈ ગામના દરબારોના છોકરાઓને થતું કે જો આ કંકુ હરિજન વાસમાં ન જન્મી હોત તો!

સાત આઠ ચોપડી ભણેલ, સમજુ અને ચાલાક કંકુ, ગામના દરબારના છોકરાઓને ક્યાં ઓળખતી ન હતી! સવાર સાંજ જ્યારે બે ચાર સહિયર જોડે ગામની નવી વાવે પાણી ભરવા નીકળતી ત્યારે આસપાસના ખેતરની વાડમાંથી સીસોટીનો ધોધ વરસતો!આદપર ગામના દરબારોમાં, દસ સાથીની બળુકી ખેતીવાડી વાળા દરબાર મોહનસિંહના એકના એક દીકરા ભરતસિંહની છાપ માથા ફરેલ માણસમાં થતી હતી! બિચારા! નીચલા વર્ણના લોકો તેને દૂરથી આવતો જુએ તો, શેરીની એક કોર ઊભા રહી જાય! ભરતસિંહને જો શેરીમાં કયાં ય કૂતરું કે કોઈ ઢોર નજરે ન ચડે તો તે હાથમાં રહેલા પરોણાને હરિજન બરડામાં વીંઝતો, ધોળી સિગારેટના ધુમાડા ઉડાડતોને બબે ફાંટ ગાળો વરસાવતો આગળ જાય!

ભરતસિંહ નામના આ વરુએ પોતાના હવસને પોષવા હરિજનવાસની કંઈક કુમળી કળીને ચીમળી નાખી હતી! પણ આ કંકુ તો કંકુ હતી! નાક પર માખીને બેસવા ન દે તે કંકુ ભરતસિંહના પંજામાં કયાંથી આવે!ગામની નાની મોટી શેરીમાં નવરાત્રીના આગમનમાં શરણાઈના સૂરમાં ઢોલ ઢબૂકતા હતા! ગામ આખું માતાજીના નોરતાના આગમનમાં થનગનતું હોય ત્યારે આદપરનો હરિજનવાસ કેમ એકલો રહી જાય!

હર વખતની જેમ આ વખતે પણ હરિજનવાસના મુખિયા ગણપત પરમારે તેમ જ બીજા બે ચાર કાર્યકરોએ એક સાંજે નક્કી કર્યું કે માતાજીની ગરબી દશેરા લગી, રામાપીરની ડેરી સામેની પડતર જગ્યામાં પધરાવી! આ વાતની હરિજનવાસમાં જાણ થતા જ બીજા દિવસની સવારથી દસ બાર છોકરીઓ હાથમાં સૂંડલા ને સાવરણાં લઈ સાફ સફાઈ કરવા માટે લાગી ગઈ હતી!

એ વખતે ભરતસિંહ ગાડું લઈ ખેતર જવા ત્યાંથી નીકળ્યો. દરબારના ગાડાને દૂરથી જોતાં જ બધી છોકરીઓ હાથના સાવરણાંને સંકેલી એક કોર ભેગી થઈને ઊભી રહી ગઈ, પણ ઝાંઝરના તાલે સાવરણો લઈને ચોક વાળતી કંકુને ખ્યાલ ન રહ્યો કે દરબાર ભરતસિંહનું ગાડું રામાપીરની ડેરી તરફ આવી રહ્યું છે. બસ, એ તો એની અલ્લડ મસ્તીમાં, મનમાં માતાજીના ગરબા ગણગણતી ચારેકોર સાવરણો વીંઝતી હતી. ઉડતી ધૂળના ગોટામાં કંકુને દેખાણું નહીં કે દરબારનું ગાડું છેક તેના સાવરણાની નજદીક આવી રહ્યું છે. પુરવાટ દોડ્યે આવતા બળદના ડોકની ઘંટડીઓ એના કાને રણકી.

બળદની અડફેટમાં આવતાં તે માંડ બચી ગઈ, ઈશ્વર કૃપાથી એ બે ડગલાં પાછળ ખસી ગઈ, પણ હાથનો સાવરણો દરબારના બળદને અડી ગયો!દરબારનો પીતો સાતમાં આસમાને ગયો! બેફામ ગાળોનો ધોધ વરસાવતો, 'સાલી, તેં મારા બળદને અભડાવી દીધો! તેને બળદની રાસ ખેંચી! ગાડાને એક કોર ઊભું રાખી. ગાડેથી હેઠે ઉતરી તેણે હાથના બડીકા વડે કંકુના વાંસા પર ધડધડ ઝીંકવા માંડયા. 'તમારી માના હલકીના! સાલી, તારા મનમાં સમજે છે શું! તને આંખ છે કે પછી કોડા! દેખાતું નથી કે ગાડું લઈને ખેતર જઈ રહ્યો છું.' આમ કહીં તેને ફરી હાથના બડીકા વડે આઘુંપાછું જોયા વગર કંકુના વાંસામાં વીંઝવા માંડ્યો!

બડીકા વાંસામાં પડતાં જ માની ચીસો પાડતી કંકુ ચોક વચ્ચે ઢળી પડી! ભરતસિંહ તો જાણે કશું કંઈ બન્યું જ નથી, એમ સમજી ગાડું લઈ પોતાના ખેતર તરફ જવા બીડી ફૂંકતો નીકળી પડ્યા.કંકુને ભરતસિંહ દીઠો નહોતો ગમતો પણ પેટ કરાવે વેઠ! રોજ સવારે કડવી માની પાછળ પાછળ ભરતસિંહના ખેતરે મૂલે જતી. ભરતસિંહ મૂવો ખેતરમાં ગૂડાણો હોય પણ કંકુ ઊંધું ઘાલીને કામ કરતી, હશે, 'મુઓ એના પાપે મરશે.'

એક ખરે બપોરે ચંપા અને કંકુ માંડવીના ડોડા વીણતી, એકમેકની મશ્કરી કરતી, કપાળનો પસીનો લૂછતી, ઘરેથી ભાત આવવાની રાહ જોતી હતી,

(અનુસંધાન પેજ-6 ઉપર)

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# ગાંધીધામમાં નાગરિકોની પ્રાથમિક સુવિધા મુદ્દે કોંગ્રેસ દ્વારા હલ્લાબોલ

■ નગરપાલિકાની બેઠકમાં મામલો બીચકે તે પહેલા પોલીસ બોલાવી લેવાઈ



ગુજરાત | વંદન

ગાંધીધામના સુંદરપુરી, ખોડિયારનગર, કાર્ગો વગેરે જુદા-જુદા વિસ્તારોમાં રોડ, ગટર સહિતની પ્રાથમિક સુવિધાના અભાવે લોકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે. જેથી કંટાળીને કોંગ્રેસની આગેવાની હેઠળ નાગરિકો નગરપાલિકા કચેરીમાં દોડી ગયા હતા અને પ્રમુખ સમક્ષ ઉગ્ર રજૂઆત કરી હતી તેમજ સમસ્યાનું નિરાકરણ નહીં આવે તો દસ દિવસ બાદ તાળાં બંધી કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી હતી.

ગાંધીધામ સુધરાઈમાં આવેદનપત્ર પાઠવીને લોકોએ જણાવ્યું હતું કે, અહીંના સુંદરપુરીમાં પેવર બ્લોકનું કામ અધૂરું છોડી દેવાયું હતું. આ અંગે રજૂઆત કરાતાં ગ્રાન્ટ વપરાઈ ગયાનો જવાબ આપવામાં આવ્યો હતો, પરંતુ આ કામના નાણાં અન્ય કામગીરીમાં વાપરી નાખ્યાનો આક્ષેપ કરાયો હતો. ઉપરાંત કચ્છ જિલ્લા મહિલા કોંગ્રેસના પ્રમુખ રાધાસિંગ ચૌધરીએ ખોડિયારનગર, કાર્ગો સહિતના વિસ્તારોમાં ગટર, સફાઈ, સ્ટ્રીટલાઈટના અભાવે લોકો ત્રસ્ત બની ગયા છે. શું આ વિસ્તારો સુધરાઇના કાર્યક્ષેત્રમાં નથી આવતા ? તેવો પ્રશ્ન કર્યો હતો તેમજ સમસ્યાઓ અંગે વહેલી તકે યોગ્ય નિર્ણય નહીં લેવાય તો આગામી સમયમાં નગરપાલિકા કચેરીને તાળાં બંધી કરવાની ચીમકી ઉચ્ચારી હતી. ગાંધીધામ શહેર કોંગ્રેસ પ્રમુખ સંજયભાઈ ગાંધીએ કામો સંદર્ભે લેખિત ખાતરી માગી હતી, પરંતુ સુધરાઇના એન્જિનીયર સાનુકૂળ પ્રતિભાવ આપી શક્યા ન હતા અને અગાઉનાં કામો દર્શાવી બચાવનો પ્રયાસ કર્યો હતો તેમજ જીયુડીસીનાં કામો ચાલુ હોવાનું જણાવ્યું હતું.

# અમદાવાદની જેમ હવે તાપીના કિનારે બનશે રીવરફ્રન્ટ

■ 7880 કરોડના નવા અંદાજોને શાસકોની મંજૂરી મળી

ગુજરાત | વંદન

શહેરમાંથી પસાર થતી તાપી નદીમાં સૂચીત કન્વેન્સિયલ બેરેજથી લઈ કઠોર બ્રિજ સુધીના બંને કિનારે 33-33 કિલોમીટર લાંબો રિવરફ્રન્ટનો પ્રોજેક્ટ ઘણા વર્ષોથી કાગળ ઉપર ચાલ્યા બાદ હવે મનપા કમિશનર શાલિની અગ્રવાલના પ્રયાસોથી તે ઝડપથી ફ્લોર પર આવે તેવું લાગી રહ્યું છે. જોકે હવે જે રીતે નવું પ્લાનિંગ વિશ્વબેંકના સૂચન સામેલ કરાયા બાદ થયું છે તેના કારણે રિવરફ્રન્ટના પ્રોજેક્ટની કુલ કોસ્ટ 3900 કરોડ મંજૂર કરાઈ હતી. તેમાં સુધારો કરીને 7800 કરોડ થતી હોવાથી સુધારેલા અંદાજો મંજૂર કરવાની દરખાસ્ત શાસકો સમક્ષ મુકવામાં આવી હતી જેને સ્થાયી સમિતિમાં મંજૂરી આપી દેવામાં આવી છે. આ અંદાજોમાં રિવરફ્રન્ટ



માટે 6713 કરોડ તેમજ વરસાદી ગટરની લાઈન સહિત આઉટલેટ ઈન્ટરસેપ્ટર કરવા માટે 1167 રકોડ મળી કુલ 7880 કરોડના અંદાજ મંજૂર કરાયા છે. આ અંદાજો સાથે વર્લ્ડ બેંક પાસેથી લેવાની થતી લોનનો આંકડો પણ ઉંચો જશે હવે કુલ પ્રોજેક્ટ કોસ્ટના 70 ટકા રૂપિયા લેખે 5290 કરોડની લોન લેવા માટે સરકાર પાસે મંજૂરી લેવા સહીતની પ્રક્રિયા માટે કમિશનરને અધિકુત કરતો ઠરાવ પણ શાસકોએ કરી દીધો છે.તે રીતે સુરતવાસીઓને પણ તાપી નદીના કિનારે પીકનીક માટે સારો વિકલ્પ ઊભો કરવા ઉપરાંત વોટર ટ્રાન્સપોર્ટ, તાપી નદીને દૂષિત થતી અટકાવવા સહીત અનેક હેતુઓ સાંકળી તાપી નદીના બંને કાંઠે રિવરફ્રન્ટ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

અનુસંધાન પેજ 1 પરથી...

## 370ના લક્ષ્ય...

કરવામાં આવશે. પૂર્વ કેન્દ્રીય મંત્રી અને બીજેપીના વરિષ્ઠ નેતા રવિશંકર પ્રસાદે રાષ્ટ્રીય અધિવેશન વિશે જણાવ્યું હતું કે લોકસભા ચૂંટણીમાં NDA 400 બેઠકો જીતવાના લક્ષ્ય સાથે દેશભરમાંથી પ્રતિનિધિઓ તેમાં ભાગ લઈ રહ્યા છે.બીજેપી અધ્યક્ષ જેપી નડ્ડાએ શુક્રવારે સાંજે વિકસિત ભારતની વિભાવના પર એક પ્રદર્શનનું પણ ઉદ્ઘાટન કર્યું હતું. આજે શનિવારે રાષ્ટ્રીય અધિકારીઓની પ્રથમ બેઠક શરૂ થઇ હતી. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપસ્થિત રહ્યાં હતા. બપોરે 3 કલાકે ધ્વજવંદન સાથે પાર્ટી સંમેલનનો પ્રારંભ થયો હતો. ઓપન સેશનની શરૂઆત પાર્ટી અધ્યક્ષ જેપી નડ્ડાના ભાષણથી થઇ હતી. આ પછી પાર્ટી સંમેલનમાં લાવવામાં આવનાર પ્રસ્તાવો પર ચર્ચાનો પ્રાંભ થયો હતો. ખાસ કરીને રામ મંદિર અંગેના ઠરાવમાં વડાપ્રધાનના ભારોભાર વખાણ કરીને તેમનું ભારે સન્માન કરવામાં આવ્યું હતું.સંમેલનનો સૌથી મહત્વનો ભાગ આવતીકાલ રવિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ભાષણ હશે. આમાં કાર્યકરો માટે આગામી ચૂંટણીઓ માટેનો સંદેશ હશે. પાર્ટીના નેતાઓને આશા છે કે આ વખતે રાષ્ટ્રીય અધિવેશન તેના કાર્યકરોને ઉત્સાહિત કરવાનું કામ કરશે જેથી મોદી સતત ત્રીજી વખત દેશના વડાપ્રધાન બને અને આ મામલે પૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નેહરુના રેકોર્ડની બરાબરી કરે. નેહરૂએ સતત ત્રણ વખત વડાપ્રધાન થયા હતા. અને 2024ની ચૂંટણીમાં મોદી ત્રીજી વખત જીતીને નેહરૂના એ રેકોર્ડની બરાબરી કરશે અને રાજીવ ગાંધી વખતે મળેલી 404 બેઠકોનો રેકોર્ડ પણ 400 કે પાર બેઠકો મેળવીને તોડશે. નોંધનીય છે કે લોકસભા ચૂંટણી પહેલા ભાજપનું રાષ્ટ્રીય અધિવેશન થાય છે અને તેમાં મોટા નિર્ણયો લેવામાં આવે છે. રાષ્ટ્રીય સંમેલનનો મુખ્ય ઉદ્દેશ્ય સંગઠનાત્મક કાર્યસૂચિ રજૂ કરવાનો છે. આમાં પાર્ટીના બૂથ લેવલના કાર્યકરો પણ ભાગ લે છે.

## કિસાન આંદોલન...

ખેડૂતોને માઓવાદી અને નક્સલવાદી કહેતા હતા. જે રીતે ભ્રષ્ટાચાર થયો છે તે ભાજપનું ખાતું ફ્રીઝ કરવું જોઈએ. કોંગ્રેસ દેશભરમાં વિરોધ કરશે તો અમે તેમની સાથે છીએ.ટિકરી બોર્ડર પર મલ્ટી લેયર બેરિકેડિંગની સાથે મોટી સંખ્યામાં સુરક્ષા દળો તૈનાત કરવામાં આવ્યા છે. ખેડૂતોને દિલ્હી આવતા અટકાવવા માટે દિલ્હી પોલીસે સંપૂર્ણ સુરક્ષા વ્યવસ્થા કરી છે. ટિકરી બોર્ડર પર વાહનવ્યવહાર બંધ થવાથી સામાન્ય જનજીવન પ્રભાવિત થવા લાગ્યું છે. આ વિસ્તારમાં કામ કરતા લોકોને આજીવિકાની સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે, જ્યારે ટિકરી બોર્ડર અને બહાદુરગઢથી આગળ કામ કરતા લોકોને બે કિલોમીટરનું અંતર પગપાળા જવુ પડે છે. હોસ્પિટલ જતા લોકો પણ પરેશાન છે.

## કોર્ટમાં વર્ચ્યુઅલ...

કેસમાં કેન્દ્રીય એજન્સીના સમન્સનું પાલન ન કરવા બદલ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ વિરુદ્ધ રાઉઝ એવન્યુ કોર્ટમાં પહોંચ્યું હતું. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે દિલ્હીના મુખ્યમંત્રીને પાંચ સમન્સ મોકલ્યા છે. પરંતુ કેજરીવાલ દેખાયા ન હતા. જે બાદ તપાસ એજન્સીએ કોર્ટનો સંપર્ક કર્યો હતો.

ED દ્વારા પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટની કલમ 50 ના પાલનમાં હાજર ન થવા બદલ ફરિયાદનો કેસ નોંધવામાં આવ્યો હતો, જે સમન્સ દસ્તાવેજોના ઉત્પાદન વગેરેના સંદર્ભમાં EDની સત્તાઓ આપે છે. અગાઉ એડિશનલ સોલિસિટર જનરલ એસવી રાજુ રાઉઝ એવન્યુ કોર્ટના એડિશનલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ દિવ્યા મલ્હોત્રા સમક્ષ હાજર થયા હતા અને ED વતી દલીલ કરી હતી.

તેણે કહ્યું હતું કે, EDએ કેજરીવાલને અલગ-અલગ તારીખે 6 વખત સમન્સ પાઠવ્યા હતા અને પૂછપરછ માટે બોલાવ્યા હતા. પરંતુ તેઓ દર વખતે સમન્સનું પાલન કરવામાં અસમર્થ હતા અને જાણીજોઈને તપાસમાં સહકાર આપતા ન હતા. આવી સ્થિતિમાં કેજરીવાલ વિરુદ્ધ નિર્ધારિત નિયમો અનુસાર યોગ્ય કાયદાકીય કાર્યવાહી થવી જોઈએ. કોર્ટે આ કેસની સુનાવણી 7 ફેબ્રુઆરીના રોજ નિયત કરી હતી.AAP ધારાસભ્યો દ્વારા હોર્સ-ટ્રેડિંગના આરોપો અને એક્સાઇઝ પોલિસીમાં EDના સમન્સ વચ્ચે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે શુક્રવારે વિધાનસભામાં વિશ્વાસ પ્રસ્તાવ રજૂ કર્યો. વિધાનસભાના અધ્યક્ષ રામનિવાસ ગોયલે શનિવારે પ્રસ્તાવ પર ચર્ચા કરવાનો નિર્ણય લીધો હતો. કેજરીવાલે પ્રસ્તાવ રજૂ કરતી વખતે કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. વિવિધ રાજ્યોમાં પક્ષો તોડવામાં આવી રહ્યા છે અને ખોટા કેસોમાં ફસાવીને સરકારોને પથરાવવામાં આવી રહી છે.

## ભારતનું...

માહિતી છે કે ભારતમાં ઉત્પાદિત વાઈનના મોટા ભાગનું ઉત્પાદન આ શહેરમાં થાય છે. એકલા આ શહેરમાં 52 વાઈનરી છે, જેને ચલાવવા માટે 8000 એકર જમીનમાં દ્રાક્ષની ખેતી કરવામાં આવે છે. જો આપણે નાસિકની આસપાસના તમામ પ્રકારના વિટીકલ્ચર વિશે વાત કરીએ, તો તેનો કુલ વિસ્તાર લગભગ 18000 એકર છે. નાસિકમાં મોટા પાયે દ્રાક્ષની ખેતી થતી હોવાથી ત્યાં હાજર વાઈનરીઓને વાઈન બનાવવા માટે દ્રાક્ષ સરળતાથી મળી રહે છે. નાસિકમાં દ્રાક્ષની બમ્પર ખેતીમાં તેની માટીનું ખાસ યોગદાન છે. અહીંની માટી એકદમ અલગ પ્રકારની હોય છે. તેમાં રેડ લેટરાઈટ જોવા મળે છે. ફક્ત માટીની વાત નથી, અહીંના પાણીની સિસ્ટમ પણ ખૂબ જ સારી છે. દ્રાક્ષની ખેતી માટે પાણીની ખૂબ જ જરુર પડે છે. પરંતુ, સિસ્ટમ સારી હોવાના કારણે પાણીની ઉપલબ્ધતા સરળ છે.

## નોનજર્મન લોકોને...

જર્મનીના બંધારણમાં કહેવામાં આવ્યું છે કે કોઇ વ્યક્તિના મૂળ, વંશ અથવા તો ભાષા અથવા તો દેશના કારણે ભેદભાવ કરી શકાય નહીં. બીજી બાજુ ફ્રી ડેમોક્રેટિક પાર્ટીના સાંસદ ક્રિશ્ચિયન ડ્યૂરે કહ્યું છે કે પ્રવાસી લોકોની હકાલપટ્ટી કરવાની યોજના જર્મન ઈતિહાસના સૌથી કાળા પ્રકરણની યાદ અપાવે છે. તેઓ વર્ષ 1933થી 1945 વચ્ચેના નાઝી યુગનો ઉલ્લેખ કરી રહ્યા હતા.

## ડોનાલ્ડ ટ્રમ્પને...

ઉલ્લેખનીય છે કે આ કેસની સુનાવણી લગભગ ત્રણ મહિનાથી કોર્ટમાં ચાલી રહી હતીપૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના પુત્રો પર બેંકો અને વીમા કંપનીઓ સહિત અન્યો સાથે છેતરપિંડી કરીને વિશાળ રિયલ એસ્ટેટ સામ્રાજ્ય બનાવવાનો આરોપ છે. આ ઉપરાંત ટ્રમ્પ અને તેમના પુત્રો પર તેમની સંપત્તિને નફો કરવા માટે અતિશયોક્તિ કરવાનો પણ આરોપ છે. જોકે, ટ્રમ્પ અને તેમના પુત્રોએ કોઈપણ પ્રકારની ગેરરીતિનો ઈન્કાર કર્યો છે.

# રાજકોટમાં ખાલી પડેલા ફાસ્ટટ્રેક કોર્ટ બિલ્ડીંગમાં નવો રેકર્ડરૂમ બનશે

ગુજરાત | વંદન

તાજેતરમાં રાજકોટની તમામ કોર્ટોનું નવા બિલ્ડીંગમાં સ્થળાંતર થયું છે અને હાલમાં જુની ફાસ્ટટ્રેક કોર્ટનું બિલ્ડીંગ ખાલી પડેલ છે ત્યાં નવા રેકર્ડરૂમ બનાવવા માટે રાજકોટ તાલુકા મામલતદારે જીલ્લા કલેકટરને દરખાસ્ત કરી હોવાનું જાણવા મળેલ છે.





મળતી વધુ વિગતો મુજબ ફાસ્ટટ્રેક કોર્ટનું બિલ્ડીંગ હાલમાં ખાલી પડેલ છે અને ત્યાં નવો રેકર્ડ રૂમ બનાવવા માટે રાજકોટ તાલુકા મામલતદારે જીલ્લા કલેકટરને દરખાસ્ત કરી છે. ઉલ્લેખનીય બાબત એ છે કે રાજકોટ તાલુકાના 102 ગામોની થોકબંધ મેન્યુઅલ હકકપત્રક નોંધો જુની કલેકટર ઓફીસના ગ્રામપંચાયત વિભાગના ઈવીએમ જયાં રખાય છે ત્યાં તેમજ યુએલસી કચેરી અને મામલતદાર કચેરીમાં પણ આવી નોંધોના ઢગલા પડયા છે.

અને આ નોંધો હાલમાં જયાં ત્યાં રખડી રહી છે ત્યારે આ મહત્વના ગણાતા દસ્તાવેજ એક જ જગ્યાએ સચવાઈ રહે તે માટે રાજકોટ તાલુકા મામલતદારે જુની ફાસ્ટટ્રેક કોર્ટનું બિલ્ડીંગ સોંપી દેવા અને અત્રે જુના રેકર્ડની સાચવણી માટે નવા રેકર્ડરૂમ બનાવવા માટે વિગતવાર દરખાસ્ત રાજકોટ જીલ્લા કલેકટરને કરવામાં આવી છે.

ઉલ્લેખનીય બાબત એ છે કે, આ બાબત અંગે જીલ્લા કલેકટરે પણ માર્ગ મકાન વિભાગને જાણ કરી છે. નોંધનીય બાબત એ છે કે હાલમાં ફાસ્ટટ્રેક કોર્ટની જગ્યા ન્યાયતંત્ર હસ્તક છે. આથી હવે ટુંક સમયમાં જ આ જગ્યા માર્ગ મકાન વિભાગને સુપ્રત કરી દેવાતા નજીકના દિવસોમાં જ અત્રે નવા રેકર્ડરૂમ બને તેવી શકયતા છે.

અનુસંધાન પેજ 12 પરથી...

## સાબરમતી રિવરફ્રન્ટ...

સ્પોર્ટ્સ એન્ક્લેવની અંદર નરેન્દ્ર મોદી સ્ટેડિયમ સાથે કનેક્ટિવિટી વધારવાનો છે. આ તબક્કામાં સાબરમતી નદીની સમાંતર 5.8 કિમીનો રસ્તો હશે, જે સ્ટેડિયમ સુધી સીધો પ્રવેશ પ્રદાન કરશે. બીજા તબક્કામાં રિવરફ્રન્ટને ઈન્દિરા બ્રિજ સુધી લંબાવવામાં આવશે, જે સ્ટેડિયમ સુધીના પ્રવાસના અંતરને નોંધપાત્ર રીતે ઘટાડશે અને રહેવાસીઓ અને મુલાકાતીઓને સમાન રીતે લાભ કરશે. ડેપ્યુટી કમિશનર (પશ્ચિમ ઝોન) આઈ કે પટેલે પુષ્ટિ કરી હતી કે રસ્તાનો તબક્કાવાર પુનઃવિકાસ કરવામાં આવશે. હાલમાં ત્રણ જગ્યાએ રસ્તો ખુલ્લો છે. પછીથી તેને તબક્કાવાર ખોલવામાં આવશે.

## વડાપ્રધાન એક જ...

દેવભૂમિ દ્વારકા જિલ્લા વહીવટી તંત્રએ તડામાર તૈયારીઓ શરૂ કરી છે. સૂત્રોએ વધુમાં ઉમેર્યું કે, પીએમ મોદી 24મી ફેબ્રુઆરીની રાત્રે જામનગર આવશે. 25 ફેબ્રુઆરીએ તેઓ બેટ દ્વારકા મંદિરની મુલાકાત લશે અને સિગ્નેચર બ્રિજનું ઉદ્ઘાટન કરશે. ત્યાર બાદ તેઓ દ્વારકાધીશના દર્શન કરવા જશે અને ત્યાં પણ સભાને સંબોધન કરશે. ત્યાર બાદ તેઓ રાજકોટ જશે અને ત્યાં રાજકોટ એઈમ્સની IPD સેવા, અટલ સરોવર તથા ઝનાના હોસ્પિટલનું લોકાર્પણ કરશે અને ત્યાં પણ રેલી યોજીને જનસભા સંબોધશે.

## શહેરને ઝીરો...

આયોજન કરવામાં આવ્યુ છે. મેયર પ્રતિભા જૈને વર્ષ-૨૦૨૩-૨૪ના વર્ષના અંદાજપત્રમાં સુચવેલા પ્રજાલક્ષી પ્રકલ્પો માટેના કેપીટલ બજેટમાંથી ૮૦ ટકા થી વધુ કામો પુરા કરવામાં આવ્યા હોવાનુ કહયુ હતુ.

## પ્રથમ તબક્કામાં...

ઘટક અન્વયે સમગ્ર રાજ્યમાં 75 થી વધુ ફ્લાય ઓવર બનાવવાની સામે અમદાવાદ મહાનગરમાં 20 ફ્લાય ઓવર બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારે અમદાવાદમાં આ પૈકીના 7 ફ્લાય ઓવર બ્રિજ માટે 612.86 કરોડની ફાળવણીની સૈદ્ધાંતિક અનુમતિ આપેલી છે. હવે અમદાવાદમાં બે નવા ફ્લાય ઓવર બ્રિજ માટેની મહાનગરપાલિકાએ કરેલી દરખાસ્ત શહેરી વિકાસ વિભાગ દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ રજૂ કરવામાં આવતા તેમણે 2023-24ના વર્ષમાં થયેલી જોગવાઈઓમાંથી 185.12 કરોડ ફાળવવા સૈદ્ધાંતિક અનુમોદન આપ્યું છે. રાજ્ય સરકારે શહેરોને આર્થિક રીતે ગતિશીલ, જીવંત, રહેવા લાયક અને પર્યાવરણની દ્રષ્ટિએ સસ્ટેઇનેબલ અને કેપેબલ બનાવવા 'ઈઝ ઓફ લિવિંગ' પર ધ્યાન આપવાની નેમ રાખી છે.

## અમદાવાદ મેટ્રો..

સવારે ૬:૨૦ કલાકે ઉપડશે તથા બીજી ટ્રેન ૬:૪૦ કલાકે ઉપડશે. ત્યારબાદ સવારના ૭:૦૦ કલાકથી મેટ્રો સેવાઓ રાબેતા મુજબ ૧૨ મિનિટના અંતરે કાર્યરત રહેશે.

## ગીર અભ્યારણ્યમાં..

જતા હોવા છતાં ગીર અભ્યારણ્ય અને નેશનલ પાર્કની આજુબાજુ કુલ 2332 કૂવાઓ ખુલ્લી હાલતમાં છે. દર વર્ષે વન વિભાગ ખુલ્લા કૂવાઓની ફરતે પેરાપેટ વોલ કરવામાં આવશે તેવા દાવા કરે છે અને કરોડો રૂપિયાનું બજેટ હોવા છતાં હજુ સુધી તે કામગીરી પૂર્ણ થવા પામી નથી.

કોંગ્રેસના અરવિંદ લાડાણી દ્વારા વિધાનસભામાં ડિસેમ્બર-2023ની સ્થિતિએ ગીર અભ્યારણ્ય નેશનલ પાર્ક નજીક ખુલ્લા કૂવા અંગે પૂછેલા સવાલના લેખિત જવાબમાં વન અને પર્યાવરણ વિભાગે જણાવ્યું હતું કે, 2332 જેટલા કૂવાઓ ખુલ્લા છે જેને બજેટની ઉપલબ્ધતાના આધારે પેરાપેટ વોલથી સુરક્ષિત કરવામાં આવશે.

વન વિભાગે જવાબમાં એવી પણ કબૂલાત કરી છે કે ખુલ્લા કૂવાના કારણે સિંહ તથા અન્ય રક્ષિત વન્ય પ્રાણીઓ તેમાં પડી જાય છે અને મૃત્યુ પામે છે કે ઈજાગ્રસ્ત થાય છે. જૂનાગઢના સાસણ ખાતે છેલ્લા બે વર્ષમાં સુવિધાઓ વધારવા પાછળ કેટલો ખર્ચ થયો તેવા ભગવાનજી કરગટીયાના સવાલના જવાબમાં 2350 લાખ રૂપિયાનો ખર્ચ કરાયો હોવાનું પ્રવાસન વિભાગે જણાવ્યું હતું.

છેલ્લા એક વર્ષમાં સિંહના સંરક્ષણ માટે કેન્દ્ર સરકાર તરફથી કેટલી સહાય મળી તે અંગે અમૂલ ભટ્ટના સવાલના જવાબમાં વન વિભાગે જણાવ્યું હતું કે, સરકાર દ્વારા લાયન પ્રોજેક્ટ જાહેર કરાયો હતો. તે અંતર્ગત સિંહની સંભાળથી લઈને ગીર અને બરડાના માલધારીઓનું પુનર્વસન સહિત અનેક બાબતોને સમાવી લેવાઈ હતી. તે પેટે જાન્યુઆરી-2023માં 2 કરોડ રૂપિયાની સહાય કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યને મળી છે. સેન્ટ્રલ ઝુ ઓથોરિટીની મંજૂરી પછી રાજ્યમાં વધુ એક સફારી પાર્ક બનાવાશે તેમ પણ જણાવાયું હતું.

## દુષ્કર્મના આરોપસર...

કોન્સ્ટેબલ તરીકે ફરજ નિભાવતો હતો, ત્રીજો આરોપી હનીફ શાહમદાર છે જે હોમગાર્ડ તરીકે સેવા બજાવતો હતો. જ્યારે અન્ય એક નાગરિક પરેશ સિંગોડ છે જેણે પોલીસકર્મીની ઓળખ આપી હતી. આ ચારેય આરોપીઓની ધરપકડ કરીને પોલીસે વધુ પુરાવા એકત્ર કરવાની તજવીજ હાથ ધરીછે. SPનો દાવો છે કે આરોપીઓ વિરૂદ્ધ કડકમાં કડક કાર્યવાહી કરાશે. મહત્વપૂર્ણ છે કે થોડા સમય અગાઉ જ ગીરસોમનાથ જિલ્લાની પોલીસ પર તોડકાંડનો આરોપ લાગ્યો હતો, ACBની રેડમાં ફસાયેલા કેટલાક પોલીસકર્મીઓ વિરૂદ્ધ કાર્યવાહી પણ થઈ હતી. જોકે તોડકાંડ બાદ હવે દુષ્કર્મનો આરોપ લાગતા ખાખી પર વધુ એક દાગ લાગ્યો છે. હવે જોવાનુ રહેશે ઝડપાયેલા આરોપીઓ સામે કેવી કડક કાર્યવાહી થાય છે.

## છેલ્લા 5...

તથા આંતરરાષ્ટીય કક્ષાએ પ્રથમ હરોળમાં લાવવા આ વર્ષે બજેટમાં કૌશલ્ય વિકાસ માટે રૂ. ૫૬૮ કરોડની માતબર જોગવાઈ કરવામાં આવી છે. ગુજરાત ભવિષ્યમાં સેમિકન્ડક્ટર હબ બનવા જઈ રહ્યું છે. સેમિકન્ડક્ટર ઉદ્યોગ અનુરૂપ કુશળ માનવબળ તૈયાર કરવા 'કૌશલ્યા : ધ સ્કીલ યુનિવર્સિટી' ખાતે વ્યાપક તાલીમ કેન્દ્રની સ્થાપના કરવા માઈક્રોન કંપની સાથે રાજ્ય સરકારે એમઓયુ કર્યા છે.

વડાપ્રધાનશ્રીની દીર્ઘદ્રષ્ટાથી શરૂ કરાયેલી 'કૌશલ્યા : સ્કીલ યુનિવર્સીટીની' હેઠળ ન્યુ એઈજ સ્કીલ આધારિત ૬ વિદ્યા શાખા શરૂ કરવામાં આવી છે. આ વિદ્યા શાખા હેઠળ નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ને અનુરૂપ ૧૨૦ જેટલા વિવિધ અભ્યાસક્રમો અંતર્ગત વિદ્યાર્થીઓને તાલીમબદ્ધ કરી રોજગારી પૂરી પાડવામાં આવી રહી છે.

કૌશલ્યા : ધ સ્કિલ યુનિવર્સિટીએ ડ્રોન ઉત્પાદન અને ડ્રોન તાલીમ માટે "ડ્રોન મંત્રા" લેબોરેટરી પણ વિકસાવી છે. ડ્રોન ક્ષેત્રના વિકાસને ધ્યાને લઈ ડ્રોન પાયલટ ટ્રેનિંગને વેગ આપવા રિમોટ પાઈલટ ટ્રેનિંગ ઓર્ગેનાઈઝેશન ખાતે ડ્રોન ઈન્સ્ટ્રક્ટર ટ્રેનીંગ સેન્ટરની સ્થાપના કરવામાં આવશે, તેમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું.બલવંતસિંહ રાજપૂતે શ્રમયોગી કલ્યાણ અંગે વાત કરતા કહ્યું હતું કે, ગુજરાતના શ્રમયોગીઓના આર્થિક, સામાજિક અને શૈક્ષણિક ઉત્કર્ષ માટે રાજ્ય સરકારે અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકી છે. તેમણે ઉમેર્યું કે, શ્રમિકોને આર્થિક સહાય પૂરી પાડવા વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૦.૬૭ લાખથી વધુ શ્રમિકોને રૂ. ૧૩૧૫ કરોડની રકમ બોનસ તરીકે ચૂકવવામાં આવી છે, જે બોનસ પેટે ચૂકવાયેલ સૌથી વધુ રકમ છે.

અન્ન સુરક્ષા ઉપરાંત શ્રમિકોને આરોગ્ય સુવિધા પૂરી પાડવા રાજ્યમાં હાલ ૧૫૪ ધનવંતરી આરોગ્ય રથ કાર્યરત છે. આ ૧૫૪ રથ થકી અત્યાર સુધીમાં કુલ ૮૦ લાખથી વધુ ઓ.પી.ડી. થઈ છે. રાજ્યભરના શ્રમિકોને પ્રાથમિક સારવાર પહોંચાડવા ૫૦ નવા ધનવંતરી રથો કાર્યાનવિત કરવામાં આવશે, તેવી મંત્રીશ્રીએ માહિતી આપી હતી.

વધુમાં તેમણે ઉમેર્યું કે, નોંધાયેલા બાંધકામ શ્રમિકના બાળકોના અભ્યાસ માટે ભરેલ કુલ ફીના ૧૦૦% રકમની સહાય આપવા નિવાસી શિક્ષણ સહાય યોજના, ગુજરાત સામુહિક જુથ અકસ્માત યોજના, મરણોત્તર ક્રિયા માટે અંત્યેષ્ઠી સહાય જેવી વિવિધ યોજનાઓ અમલમાં છે. અંત્યેષ્ઠી સહાય યોજના હેઠળ રૂ.૫૦૦૦ સહાય આપવામાં આવતી હતી, જેમાં વધારો કરીને વર્ષ ૨૦૨૪-૨૫થી સહાયની રકમ રૂ. ૧૦,૦૦૦ કરાઇ છે.

અનુસંધાન પેજ 10 પરથી...

## 84 વર્ષ...

ભંગારોની શોધમાં લેક સુપિરિયરમાં રિમોટ સેન્સિંગ કરી રહ્યું છે. ફાઉન્ટેને હિસ્ટોરિકલ સોસાયટીનો સંપર્ક કર્યો અને ગયા વર્ષે આર્લિંગ્ટનની શોધ થઈ.

આર્લિંગ્ટન જહાજ 30 એપ્રિલ, 1940ના રોજ પોર્ટ આર્થર, ઑન્ટારિયોથી, સંપૂર્ણપણે ઘઉંથી ભરેલા અને ઓવેન સાઉન્ડ, ઑન્ટારિયો તરફ પ્રયાણ કર્યું હતું.. જે 1940માં મિશિગનના અપર પેનિનસુલાથી તોફાન દરમિયાન તેના કેપ્ટનને સાથે લઈને સુપિરિયર લેકમાં ડૂબી ગયું હતું .

ગ્રેટ લેક્સ શિપબ્રેક હિસ્ટોરિકલ સોસાયટી અને જહાજ ભંગાણ સંશોધક ડેન ફાઉન્ટેને હાલમાં જ જાહેરાત કરી હતી કે મિશિગનના પેનિન્સુલા કેવિના ઉત્તરમાં લગભગ 35 માઇલ (60 કિલોમીટર) લગભગ 650 ફૂટ (200 મીટર) પાણીમાં 244-ફૂટ (74-મીટર) બલ્ક કેરિયર આર્લિંગ્ટનની શોધ કરવામાં આવી હતી . .આર્લિંગ્ટન ગ્રેટ લેક્સના અનુભવી કેપ્ટન ફ્રેડરિક "ટેટી બગ" બર્કના આદેશ હેઠળ ઓવેન સાઉન્ડ, ઑન્ટારિયો તરફ પ્રયાણ કર્યું હતું.

પરંતુ આર્લિંગ્ટન અને મોટા માલવાહક, કોલિંગવૂડ, જેમ જેમ લેક સુપિરિયર તરફ આગળ વધ્યા, તેઓને ગાઢ ધુમ્મસનો સામનો કરવો પડ્યો અને પછી રાત્રિના સમયે તોફાનનો સામનો કરવો પડ્યો જેણે બંને જહાજોને નુકસાન પહોંચાડ્યું. જેમાં આર્લિંગ્ટનમાં પાણી ભરાઇ ગયું હતું.

1 મે, 1940ની શરૂઆતમાં, આર્લિંગ્ટન ડૂબવાનું શરૂ કર્યું અને જહાજના મુખ્ય ઈજનેરે એલાર્મ વગાડ્યું. આર્લિંગ્ટન સાથે પાણીમાં નીચે ડૂબી ગયેલા કેપ્ટન બર્ક સિવાયના તમામ ક્રૂ સુરક્ષિત રીતે કોલિંગવુડ જહાજ સુધી પહોંચી ગયા હતા. અને આર્લિંગ્ટન જહાજે કેપ્ટન સાથે જળસમાધિ લીધી હતી.

ફાઉન્ટેન કહે છે કે, "આર્લિંગ્ટનને તળાવમાં અત્યાર સુધી શોધી કાઢવું લેક સુપિરિયરના ઘણા રહસ્યોમાંથી માત્ર એક વધુ ઉકેલવું રોમાંચક છે, હું આશા રાખું છું કે તેની વાર્તાનો આ અંતિમ પ્રકરણ કેપ્ટન બર્કના પરિવારને કંઈક અંશે બંધ કરી શકશે કેમ કે તેમના માટે પણ એ એક રહસ્ય જ છે..."

ગ્રેટ લેક્સ શિપરેક હિસ્ટોરિકલ સોસાયટીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર બ્રુસ લી કહે છે, આર્લિંગ્ટનની શોધ મિશિગનના નેગૌનીના રહેવાસી, ફાઉન્ટેનને આભારી છે, જે લગભગ એક દાયકાથી જહાજના ભંગારોની શોધમાં લેક સુપિરિયરમાં રિમોટ સેન્સિંગ કરી રહ્યા છે. ફાઉન્ટેન કેવિનાવ દ્વીપકલ્પના ઉત્તરીય છેડા પાસે "સંભવિત લક્ષ્ય" સાથે જૂથનો સંપર્ક કર્યો, અને ગયા વર્ષે આર્લિંગ્ટનની શોધ થઈ હતી. આ જુથ દ્વારા હજુ અન્ય ડૂબી ગયેલા જહાજો શોધવાનું કામ ચાલી રહ્યું છે અને તેમાંથી વળી કોઇ નવી કહાની બહાર આવી શકે.

અનુસંધાન પેજ 4 પરથી...

## ફટ રે ભૂંડા...

ત્યાં કાને ચિસો પડી. 'દોડો.. દોડો! ભરતસિંહને એરુ આભડી ગયો!' લાલજી પટેલના ખેતરમાંથી બે ચાર છોકરા ચારે બાજુ રાડો નાખતા હતા! આસપાસના ખેતરમાં કયાંક બપોરનું ભાત ખાવા બેઠેલા ખેડૂતો, તો ક્યાંક હજી ભાત ન આવ્યું હોવાથી કામ કરતા મૂલીઓ, હડી કાઢતા લાલજી પટેલના ખેતર તરફ દોડ્યા! કંકુ અને ચંપા, પણ ખભા પરની પછેડીનો એક કોર ખેતરમાં ઘ્રા કરી દોડતા લોકોની પછવાડે દોડ્યાં!

લાલજી પટેલના ખેતરના, ઘેઘૂર પીપળા તળે ખાટલામાં ભરતસિંહ ચત્તાપાટ પડ્યા હતા. બે ચાર માણસો પંખો નાખતા, ફાળિયાથી કપાળનો પસીનો લુછતા ભગવાનને સ્મરણ કરતા બેઠા હતા. ભરતસિંહના ડાબા પગના અંગૂઠેથી લોહી વહેતું હતું!

આંખના પલકારામાં ભરતસિંહને એરુ આભડ્યાની વાત આસપાસના ખેતર શેઢે તેમ જ ગામમાં પહોંચી ગઈ. ઘરેથી ઉઘાડા પગે હડી કાઢતાં આવી પહોંચેલ ભરતસિંહની મા, કાશીમા ખાટલા પાસે બેસી હૈયાફાટ રુદન કરતા દીકરાને જીવતદાન બક્ષવા ઈશ્વરને આજીજી કરતાં હતાં. દરબાર મોહનસિંહ દીકરાના કપાળેથી પસીનો લૂછતાં, ટોળે વળેલામાંથી કોઈ બાજુના ગામમાંથી વૈદ્ય કે સાપ ઉતારવા વાળાને બોલાવવા ઘોડું દોડાવવા કાલાવાલા કરતા હતા.

આસપાસના ગામમાંથી ડૉકટર કે પછી સાપ ઉતારવાવાળા આવે તે પહેલાં કદાચ ભરતસિંહ હતા ન હતા થઈ જાય તો! દરબારનો દીકરો હોવાને નાતે, ભરતસિંહનું ઠંડું પડતું શરીર જોઈ, ગામના બે ચાર નાના મોટા વૈદ્યો પોતાની રીતે, તો વળી કોઈ પોતાને સાપ ઉતારતા આવડે છે એવા ઢોંગ ધતીંગ કરવા, લીમડાની ડાળીઓ લઈને દરબારના પગ પાસે ધૂણતા આસન જમાવીને બેસી ગયા હતા.

ભરતસિંહનું કાળું પડતું શરીર જોતાં તો એમ જ લાગતું હતું કે હમણાં ઘડીક બે ઘડીકમાં નાના દરબારના રામ રમી જશે! આ જોઈ, દરબારના ખાટલાની થોડેક છેટે ઊભેલ ટોળામાંથી મોંઘી મા બોલ્યાં, 'મોહન દરબાર, અમારા વાસમાંથી જો કોઈને એરૂ આભડી જાય તો અમારી કડવી માના દીકરા બાબુની દીકરી કંકુ લોહી ચૂસીને ઝેર ઊતારી નાખે છે! પણ બાપુ! તમે દરબાર અને અમે હરિજન! જો, અમારામાંથી કોઈને સાપ ડસ્યો હોત તો આટલીવાર અમે વાટ ન જોઈ હોત, અમારી આ કંકુએ ક્યારનું લોહી ચૂસીને ઝેર ઉતારી નાખ્યું હોત!'

'અરે! મોંઘી મા, તમે આ શું વાત કરો છો! માણસ જીવન મરણ વચ્ચે ઝોલાં ખાતો હોય ત્યારે તમે આભડછેટની કયાં વાટ કરો છો? ક્યાં છે કડવી માના દીકરા બાબુની દીકરી કંકુ! બોલાવો એને જલદી!'ચંપાની પાછળ ઉભેલ કંકુ જરા સળવળી. કાશીમાએ ઊભા થઈ કંકુનો હાથ પકડી તેને ભરતસિંહના ખાટલા પાસે ખેંચી લાવ્યા! 'દીકરી, મારો દીકરો મરવા પડ્યો છે અને તું સાવ અજાણી થઈને આમ એક ખૂણામાં ઊભી છો! અરે! દીકરી, તું કોની રાહ જુવે છે! જો તું મારા ભરતનું ઝેર ઉતારીને તેને ઊભો કરી દઈશ તો હું તને દીકરી, સોને મઢી દઈશ!'

ખાટલા પાસે પડેલ દાતરડાને કંકુએ પોતાની ચુંદડીના એક છેડે લૂછી મનમાં બે ત્રણ વાર રામાપીરનું રટણ કરી, હળવેકથી ભરતસિંહના ડાબા પગના અંગૂઠાને પકડી, સાપ જ્યાં કરડ્યો હતો તેની થોડેક ઉપરની જગ્યાએ એક ધારદાર કાપો મૂક્યો. 'કાશીમાના મુખમાંથી ચીસ નીકળી ગઈ, અરે! દીકરી કંકુ, જરા ધીરે!' કંકુ જરા હસી! અને આંખેથી કાશીમાને ચિંતા ન કરવાનો સંકેત કરી, ભરતસિંહના અંગૂઠા ઉપર જ્યાં કાપો મૂક્યો હતો ત્યાંથી લોહી ચૂસવા માંડ્યું!

આ જોઈ દરબાર મોહનસિંહ બોલ્યા, 'દીકરા, જરા ધ્યાન રાખીને ધીરે ધીરે લોહી ચૂસજે! મારા દીકરાને જીવતદાન દેવા જતાં તું તારી જાતને જોખમમાં ન મૂકી દેતી, ભલા જો તને કંઈ થઈ જશે તો હું ગામને મ્હોં દેખાડવા જેવો નહીં રહું!''દરબાર તમે બિલકુલ બે ફિકર રહો! મારી કંકુ તો હમણાં આંખના પલકારામાં દરબાનું ઝેર ચૂસીને ખાટલેથી ઊભા કરી દેશે!' કડવીમાએ આશ્વાસન આપતાં કહ્યું.કંકુએ ઝેર ચુસેલ લોહીનો એક કોગળો કર્યો! લોહીનો રંગ જોઈ આસપાસનાં ઊભેલાંના મોઢામાંથી અરેરાટી નીકળી ગઈ! આમ લગાતાર દસબાર વાર લોહી ચૂસીને તેણે કોગળા કરી નાખ્યા! જ્યારે કોગળામાં લાલચટક ચોખ્ખું લોહી નજરે પડ્યું એટલે કંકુએ લોહી ચૂસવાનું બધ કર્યું.

બે પાંચ મિનિટમાં ભરતસિંહ આળસ મરડી, આંખ ખુલતાં જ ખાટલાની આસપાસ લોકોને ટોળે વળીને ઊભેલા જોઈ તેણે રાડ પાડી,'શું અહીંયા ઊભા છો? કંઈ નાટક તમાશો છે?'કાશીમાએ ભરતસિંહની રાડને ગણકારી નહીં. ભરતસિંહના માથે હાથ ફેરવી, ખાટલેથી હરખભેર ઊભા થઈ, દૂર ઊભેલા કડવીમાને જઈને ભેટી પડ્યાં! અને તરત જ તેમનું ધ્યાન, પીપળા તળે બેઠી શ્વાસ લેતી કંકુ પર ગયું. કાશીમાએ હરખઘેલાં બની ગળામાંથી દસ તોલાનો હાર કાઢી કંકુ પાસે જઈ તેના ગળામાં નાખી દીધો!

આ જોઈ ખાટલે પડેલ ભરતસિંહ બરાડી ઊઠ્યા, 'અરે! એ કંકુડી જલદીથી હાર કાઢી મારે ખાટલે મૂકી દે!આ ડોસી ડોસાને તો ક્યાં અક્કલ જ બળી છે! આમ કહી, એક કતરાતી નજરે ભરતસિંહે ઉમેર્યું, 'બાપુ, તમે જ આ .. આ લોકોને બગાડ્યા છે! કહો બધાને કે જલદી પાછાં, માંડવી વીણવા લાગી જાય. અને સાંજે ચોરાની ઝાલર ખેતરે ન સંભળાય ત્યાં લગી કોઈ ઘરે જવાની ઉતાવળ ન કરે નહિતર બધાનો અરધો દહાડો આજ કાપી લઈશ!'

મોહનસિંહને મોઢે તો આવી ગયું, 'દીકરા, આ છોરીના પ્રતાપે તો તું આજ આમ રાડો પાડી રહ્યો છે.' પણ સ્વછંદી દીકરો એમનો ઊઘડો લેશે એ બીકે કંઈ બોલ્યા નહીં.સામેથી કંકુ હાંફળી ફાંફળી હડી કાઢતી આવી. જોઈ લ્યો જાણે મહાચંડીનું રૂપ! ભરતસિંહની સામે આવી તેણે તેની સામે તેનો હાર ફેંકી બોલી, 'ફટ રે ભૂંડા! તને તો મરવા દેવો જોઈતો હતો. નફ્ફટ તારો હાર તું રાખજે, કો'ક દિ તારે ગળે ફાંસો ખાવા કામમાં આવશે. તને અડીને તો મારું જીવતર અભડાઈ ગયું. તે દિ' તો તારા બળદને અડી ગઈ હતી ને તે મને ઢોર માર માર્યો હતો. આજ તારા અંગૂઠાને ચૂસીને તારું આખું શરીર અભડાવ્યું છે.

# અદાણી ગ્રીન દ્વારા ખાવડા ખાતે રીન્યુએબલ એનર્જી પાર્કમાંથી વીજ ઉત્પાદન શરૂ કર્યું

■ રણના વેરાન પ્રદેશમાં 8,000 કર્મચારીઓને રહેવા યોગ્ય વાતાવરણ બનાવ્યું

ગુજરાત | વંદન

ભારતની સૌથી મોટી રિન્યુએબલ એનર્જી કંપની અને વિશ્વની બીજા ક્રમની સૌથી મોટી સોલાર પીવી વિકાસકાર અદાણી ગ્રીન એનર્જી લિ. (AGEL)એ ગુજરાતના ખાવડામાં ૫૫૧ મેગાવોટની સૌર ક્ષમતા કાર્યરત કરી નેશનલ ગ્રીડને વીજ પુરવઠો પૂરો પાડવાનો આરંભ કર્યો છે.

ખાવડામાં રીન્યુએબલ એનર્જી પાર્કમાં કામ શરુ કર્યાના એક વર્ષમાં જ અદાણી ગ્રીને રસ્તાઓ અને કનેક્ટિવિટી સહિતની પાયાની માળખાકીય સુવિધાઓના વિકાસ સાથે અને સ્વ-ટકાઉ સામાજિક ઈકોસિસ્ટમ બનાવવાની શરૂઆત કરી આ સીમાચિહ્ન હાંસલ કર્યું છે, કંપનીએ કચ્છના રણના પડકારજનક અને વેરાન પ્રદેશને પણ પોતાના ૮,000-મજબુત કર્મચારીઓ માટે રહેવા યોગ્ય વાતાવરણમાં પરિવર્તિત કર્યું છે. અદાણી ગ્રુપના ચેરમેન શ્રી ગૌતમ અદાણીએ જણાવ્યું હતું કે, "અદાણી ગ્રીન એનર્જી સૌર અને પવન માટે વિશ્વની સૌથી વ્યાપક રિન્યુએબલ એનર્જી ઈકોસિસ્ટમ બનાવી રહી છે."ખાવડામાં રીન્યુએબલ એનર્જી પ્લાન્ટ જેવા બોલ્ડ અને નવીન પ્રકલ્પો મારફત અદાણી ગ્રીન એનર્જી ઉચ્ચ વૈશ્વિક બેન્ચમાર્ક પ્રસ્થાપિત કરવા તરફ આગળ વધી રહી છે અને ગીગા-સ્કેલ રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ્સ માટે વિશ્વના આયોજન અને અમલીકરણના પ્રસ્થાપિત ધોરણોને ફરી દોહરાવે છે. તેમણે ઉમેર્યું હતું કે આ સિમાચિહ્ન ચાલુ દશકાના અંત સુધીમાં રિન્યુએબલ એનર્જીની ક્ષમતાના ૫00 GW અને કાર્બન ન્યુટ્રાલિટીના મહત્વાકાંક્ષી લક્ષ્યો હાંસલ કરવા તરફની ભારતની સમાન સ્વચ્છ ઉર્જા સંક્રમણ યાત્રાને વેગ આપવા માટે અદાણી સમૂહની પ્રતિબદ્ધતા અને ચાવીરુપ ભૂમિકાને માન્ય કરે છે.




આ રીન્યુએબલ એનર્જી પાર્કમાં ૩0 GW રીન્યુએબલ એનર્જી પેદા કરવાની ક્ષમતા વિકસાવવાનો અદાણી ગ્રીન એનર્જીનો ઈરાદો છે. આગામી પાંચ વર્ષમાં નિર્ધારીત ક્ષમતા કાર્યરત થવાની અપેક્ષા છે. આ લક્ષ્ય જ્યારે સંપ્પન થશે ત્યારે ખાવડાનો રીન્યુએબલ એનર્જી પાર્ક વિશ્વનું સૌથી વિરાટ રિન્યુએબલ એનર્જી ઈન્સ્ટોલેશન બનીને ઉભરી આવશે.

ખાવડાનો આ રીન્યુએબલ એનર્જી પાર્ક દર વર્ષે એક કરોડ સાંઈઠ લાખથી વધુ આવાસોમાં પ્રકાશના અજવાળા પાથરશે. વિશાળ પાયા ઉપર રીન્યુએબલ એનર્જીના પ્રોજેક્ટ્સ, પુરવઠાની મજબૂત સાંકળનું નેટવર્ક અને તકનીકી કૌશલ્ય વિકસાવવામાં માહેર પુરવાર થયેલી અદાણી ગ્રીન એનર્જી લિ.એ વિશ્વના સ્વચ્છ ઉર્જા ક્ષેત્રમાં વિશાળ ક્ષમતાના પ્લાન્ટનું નિર્માણ કરવાના વિક્રમ સ્થાપિત કરવાની લગોલગ કોઈ નથી. આ પ્રદેશ દેશના શ્રેષ્ઠ પવન અને સૌર સંસાધનોથી સમૃધ્ધ છે, જે રીન્યુએબલ એનર્જીના ગીગા-સ્કેલ વિકાસ માટે આદર્શ સ્થિતિ બનાવે છે.

# શેરબજાર 2 માર્ચ શનિવારે પણ ખુલ્લું રહેશે: એનએસઈ


■ બે સ્પેશિયલ ટ્રેડિંગ સેશન

ગુજરાત | વંદન



નેશનલ સ્ટોક એક્સચેન્જ એટલે કે NSEએ જાહેરાત કરી હતી કે 2 માર્ચ એટલે કે શનિવારની રજાના દિવસે પણ બજાર ખુલ્લું રહેશે. આ સમયગાળા દરમિયાન બે વિશેષ લાઈવ ટ્રેડિંગ સેશન હશે. આ ડિઝાસ્ટર રિકવરી સાઈટના પરીક્ષણ માટે કરવામાં આવી રહ્યું છે. સ્પેશિયલ ટ્રેડિંગનું પ્રથમ સત્ર પ્રાઈમરી સાઈટ પર સવારે 9.15થી સવારે 10 વાગ્યા સુધી અને બીજું સત્ર DR સાઈટ પર સવારે 11.30થી 12.30 વાગ્યા સુધી રહેશે. પ્રી-ઓપનિંગ સેશન સવારે 9થી 9.08 અને સવારે 11.15થી 11.23 સુધીનું રહેશે. ફ્યુચર અને ઓપ્શન કોન્ટ્રાક્ટ સાથેના શેર સહિત સિક્યોરિટીઝમાં અપર અને લોઅર સર્કિટ મર્યાદા 5% હશે. એટલે કે, આ રેન્જમાં જ શેરની વધઘટ થશે. જે શેરો પહેલાથી જ 2% બેન્ડમાં છે તે આ બેન્ડમાં રહેશે.

# મંદીનો સામનો કરી રહેલા હીરા ઉદ્યોગ સામે વધુ એક પડકાર!



■ 1 માર્ચથી અમેરિકા સહિત G-7 દેશો દ્વારા રશિયાની રફ ડાયમંડની માઈનિંગ કંપનીઓ પર પ્રતિબંધ

ગુજરાત | વંદન

ઓફિસ ઓફ ફોરેન એસેટ કંટ્રોલ એટલે કે ઓફેક દ્વારા આ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જે અંતર્ગત 1 કેરેટ કે તેથી વધુ વજન ધરાવતા પોલિશ્ડ હીરા પર પ્ર

મંદીમાંથી પસાર થઈ રહેલા સુરતના હીરા ઉદ્યોગ માટે વધુ એક માઠા સમાચાર આવ્યા છે. આગામી 1 માર્ચથી અમેરિકા સહિત G-7 દેશો દ્વારા રશિયાની રફ ડાયમંડની માઈનિંગ કંપનીઓ પર પ્રતિબંધ મુકવામાં આવશે જેની સીધી અસર સુરતના હીરા ઉદ્યોગ પર પડશે. ઓફિસ ઓફ ફોરેન એસેટ કંટ્રોલ એટલે કે ઓફેક દ્વારા આ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જે અંતર્ગત 1 કેરેટ કે તેથી વધુ વજન ધરાવતા પોલિશ્ડ હીરા પર પ્રતિબંધ લાગુ થશે. સુરતમાં આયાત થતા કુલ રફ ડાયમંડ પૈકી 30 થી 35 ટકા રફ રશિયાથી આયાત કરવામાં આવે છે. જો કે રશિયાથી આયાત થતા મોટા ભાગના હીરા પાતળી સાઈઝના હોય છે પરંતુ જો અડધા કેરેટથી નાની સાઈઝના હીરા પર પ્રતિબંધ મુકવામાં આવશે તો સુરતના હીરા ઉદ્યોગને પડ્યા પર પાટું લાગશે.

# રશિયા પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદી ભારતને હવે મોંઘી પડશે

■ રશિયન ક્રૂડ ઓઈલ હવે લાંબા રૂટથી ભારતમાં આવી રહ્યું છે

ગુજરાત | વંદન

રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવું ભારત માટે ફરી મોંઘુ સાબિત થઈ શકે છે. એક સરકારી અધિકારીએ જણાવ્યું કે મોસ્કોથી મોકલવામાં આવેલ સામાન હવે લાંબા રૂટ થકી ભારત પહોંચી રહ્યો છે. આ લાંબા રસ્તા પાછળનું કારણ છે કે કાર્ગો જહાજોને રાતા સમુદ્રના માર્ગ પર હુતી હુમલાથી સુરક્ષિત કરી શકાય. અધિકારીએ કહ્યું, 'ક્રૂડ ઓઈલની આયાત પર થોડી અસર થઈ છે કારણ કે રશિયન ક્રૂડ ઓઈલ હવે લાંબા રૂટથી ભારતમાં આવી રહ્યું છે અને તે હવે મોંઘું પડી રહ્યું છે.'

હુથી બળવાખોરોના હુમલાએ ભારતીય કંપનીઓ માટે શિપિંગ ખર્ચમાં વધારો કર્યો છે અને મોટી માલવાહક કંપનીઓ આફ્રિકાના લાંબા રૂટનો ઉપયોગ કરી રહી છે અથવા સુએઝ કેનાલમાંથી સુરક્ષિત માર્ગ માટે નજીકના બંદરો પર રાહ જોઈ રહી છે. રશિયા-યુક્રેન યુદ્ધ શરૂ થયા બાદ ભારતે રશિયા પાસેથી ડિસ્કાઉન્ટ પર ઓફર થઈ રહેલ ક્રૂડ ઓઈલની આયાત વધારી દીધી હતી. સસ્તી આયાતને કારણે ભારત હવે મોટા ભાગનું ક્રૂડ ઓઈલ રશિયા પાસેથી ખરીદી રહ્યું છે.




ત્યારબાદ ઈરાક અને સાઉદી અરેબિયાનો ટોચના નિકાસકાર દેશ છે.રશિયન ક્રૂડ ઓઈલ અંગે જી-૭ દેશોએ લાદેલ પ્રતિબંધો ભારત માટે પહેલેથી જ તેને ઓછો આકર્ષક વિકલ્પ બનાવી રહ્યો હતો. જોકે, આ રેડ સી કટોકટી પછી, પરિવહન ખર્ચ વધતા કુલ પડતરમાં વધુ વધારો થયો છે તેથી ભારતને તેની ક્રૂડ ઓઈલની જરૂરિયાતો માટે ફરીથી પશ્ચિમ એશિયાના તેના પરંપરાગત સાથી પર વધુ નિર્ભર રહેવું પડી શકે છે.

જાન્યુઆરીમાં રશિયામાંથી ક્રૂડ ઓઈલની આયાતમાં સતત બીજા મહિને ઘટાડો નોંધાયો હતો અને તે ૧૨ મહિનાના સૌથી નીચલા સ્તરે પહોંચ્યું હતુ. રશિયાએ જાન્યુઆરીમાં ભારતને દરરોજ ૧૨ લાખ બેરલ ક્રૂડ ઓઈલ સપ્લાય કર્યું હતું, જ્યારે નવેમ્બર અને ડિસેમ્બરમાં આ આંકડો ૧૩.૨ લાખ અને ૧૬.૨ લાખ પ્રતિ બેરલ હતો.

# વિદેશ જવા માટે ડોલર ખરીદવા નહીં પડે, હવે રૂપિયો પણ ચાલશે

■ 16 દેશોમાં UPI દ્વારા પેમેન્ટ થઈ શકશે

ગુજરાત | વંદન

વિદેશ જવા હવે ડૉલર ખરીદવાની ચિંતા કરવાની જરૂર નથી. ખાસ કરીને, આ દેશોમાં જ્યાં સરકારે કરાર કર્યા છે, તમે તમારા UPI દ્વારા પેમેન્ટ કરી શકો છો. આ દેશોની લિસ્ટ મોદી સરકારના સમયમાં વધી રહી છે. વિદેશ મંત્રાલયએ હાલમાં જાહેરાતની યૂનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ (UPI) સર્વિસે હવે શ્રીલંકા અને મોરેશિયસ માં પણ ઉપલબ્ધ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શ્રીલંકા અને મૉરીશસમાં UPI અને રૂપે કાર્ડ સર્વિસને લૉન્ચ પણ કર્યું છે.

હાલમાં જ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શ્રીલંકા અને મૉરીશસમાં UPI અને રૂપે કાર્ડ સર્વિસેના ઉદ્ઘાટનના અવસર પર એર પ્રોગ્રામમાં ભાગ લિધો હતો. એનપીસીઆઈ ઈન્ટરનેશનલ પેમેન્ટ લિમિટેડ અને લાઈરાએ આ મહિનામાંની શરૂઆતમાં ફ્રન્સમાં યૂપીઆઈ તેની જાહેરાત કરી છે. હવે ફ્રાન્સમાં એફિલ ટૉવર ખાતે યૂપીઆઈના માધ્યમથી પેમેન્ટ કરી શકશે.



યૂપીઆઈ પેમેન્ટ કરવાનો સૌથી સરળ તરત કરવાની રીત છે. તેમાં યૂઝર્સ તેના બેન્ક ખાતાથી રિયલ ટાઈમમાં પેમેન્ટ કરી શકે છે.ગત 2 વર્ષમાં ઘણા દેશોએ UPIના દ્વારા પેમેન્ટ લેવું સ્વીકાર કર્યું છે. આ તે દેશોની લિસ્ટ બતાવી છે કે જેમાં પેમેન્ટના માટે UPIનું ઉપયોગ કરી શકે છે.

ભૂટાનમાં યૂપીઆઈ એનપીસીઆઈ ઈન્ટરનેશનલ પેમેન્ટ લિમિટેડ, નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઑફ ઈન્ડિયાની ઈન્ટરનેશનલ બ્રાન્ચ અને ભૂટાનની રૉયલ મૉનિટરી અથૉરિટીએ 13 જુલાઈ 2021એ બૂટાનમાં તેમ યૂપીઆઈ ક્યૂઆર-આધારિત પેમેન્ટને સક્ષમ અને કાર્યાન્વિત કરવા માટે કરાર કરી છે. એનઆઈપીએલ અને આરએમએની વચ્ચે સહયોગથી ભૂટાનમાં UPI ઑપરેટ ભીમ એપના દ્વારા પેમેન્ટ સંભવ થઈ શકશે.

# લક્ઝરી હાઉસિંગ સેગમેન્ટમાં ગયા વર્ષે 75 ટકાનો ઉછાળો જોવા મળ્યો

■ 2023 માં કુલ 12,935 એકમો વેચાયા હતા જે 2022 માં 7,395 હતા

ગુજરાત | વંદન

લક્ઝરી સેગમેન્ટ હાઉસિંગ (રૂ. 4 કરોડ અને તેથી વધુની કિંમતના એપાર્ટમેન્ટ્સ) એ 2023 માં વેચાણમાં વાર્ષિક ધોરણે 75% વૃદ્ધિ નોંધાવી છે કારણ કે ખરીદદારો મોટી જગ્યા અને સારી સુવિધાઓ સાથે ઉચ્ચ-મૂલ્યવાળી મિલકતોમાં રોકાણ કરવાનું ચાલુ રાખે છે. 2023 માં કુલ 12,935 એકમો વેચાયા હતા જે 2022 માં 7,395 હતા, કારણ કે DLF, સોભા, લોઢા, TARC, Max જેવા મોટા ડેવલપર્સે આ પ્રાઈસ બ્રેકેટમાં એપાર્ટમેન્ટ્સ લોન્ચ કર્યા અને વેચ્યા હતા.

બદલાતા માહોલમાં, પ્રીમિયમ અને લક્ઝરી સેગમેન્ટ્સ નજીકના ભવિષ્યમાં તેમનું આકર્ષણ જાળવી રાખવાની અપેક્ષા રાખે છે અને તંદુરસ્ત વૃદ્ધિને પ્રોત્સાહન આપતા બજારની અનુકૂળ પરિસ્થિતિઓને સમર્થન આપે છે. એકંદરે દૃષ્ટિકોણ સકારાત્મક રહે છે," અંશુમન મેગેઝિન, પ્રેસિડેન્ટ અને સીઈઓ - ભારત, દક્ષિણ-પૂર્વ એશિયા, મધ્ય પૂર્વ અને આફ્રિકા, CBREજણાવ્યું હતું.કુલ રેસિડેન્શિયલ યુનિટના વેચાણમાં લક્ઝરી સેગમેન્ટનો ટકાવારી હિસ્સો 2023માં 4% હતો, જે 2022માં તેના 2%ના પ્રમાણમાં લગભગ બમણો થયો હતો.DLF એ બે પ્રોજેક્ટ્સ લોન્ચ કર્યા જ્યાં ત્રણ દિવસમાં રૂ. 6.5 કરોડ અને તેનાથી વધુ કિંમતના 2,000 એપાર્ટમેન્ટ્સ વેચાયા. TARC એ મધ્ય દિલ્હીમાં લગભગ રૂ. 9 કરોડમાં એપાર્ટમેન્ટની કિંમતો પણ શરૂ કરી હતી, જ્યારે અન્ય કેટલાક વિકાસકર્તાઓએ પણ આ કિંમત શ્રેણીમાં પ્રોજેક્ટ્સ લોન્ચ કર્યા હતા.



દિલ્હી-એનસીઆરમાં સૌથી મોટો ઉછાળો નોંધાયો હતો, જેણે વર્ષ-દર-વર્ષે 197%ની વૃદ્ધિ નોંધાવી હતી. આ પછી પુણે, હૈદરાબાદ અને મુંબઈનો નંબર આવે છે. "આર્થિક વિકાસને કારણે નોકરીની વધુ સારી તકો મળી છે, જે ઘણા લોકોની પહોંચમાં સારી જીવનશૈલી લાવી છે. ક્રિસુમી કોર્પોરેશનના મેનેજિંગ ડિરેક્ટર મોહિત જૈને જણાવ્યું હતું કે ઘર ખરીદનારાઓ સુસ્થાપિત સોસાયટીઓમાં વધુને વધુ જગ્યા ધરાવતી રહેઠાણો શોધી રહ્યા છે.

2023 માં તમામ ભાવ રેન્જમાં કુલ રહેણાંક વેચાણ 3,22,000 એકમોને વટાવી જવાની ધારણા છે, જે વાર્ષિક ધોરણે 9% ની વૃદ્ધિ નોંધાવશે. માંગમાં સતત ગતિએ વિકાસકર્તાઓને 2023 માં 3,13,000 થી વધુ નવા હાઉસિંગ એકમો શરૂ કરવા પ્રેર્યા છે, જે વાર્ષિક ધોરણે 6% ની વૃદ્ધિ દર્શાવે છે.કુલ વેચાણમાં પુણે, મુંબઈ અને બેંગલુરુનો કુલ હિસ્સો 61% છે. બીજી તરફ, 2023 દરમિયાન મુંબઈ, પુણે અને હૈદરાબાદમાં એકમ લોન્ચનો હિસ્સો 67% હતો.

# રાજકીય પક્ષોને દાન આપનાર 5000 કરદાતાઓને IT વિભાગે ફટકારી નોટિસ

■ આવકવેરા વિભાગને શંકા છે કે આવા દાન માત્ર કર મુક્તિ મેળવવા માટે કરવામાં આવ્યા હતા

ગુજરાત | વંદન

આવકવેરા વિભાગે એવા 5 હજાર લોકોને નોટિસ પાઠવી છે જેમણે ચૂંટણી પંચમાં નોંધાયેલા પરંતુ જેમને યોગ્ય મત ન મળતા માન્યતા મળી નથી એવા રાજકીય પક્ષોને દાન આપ્યું છે.પરંતુ હવે તેમને આવક વેરા વિભાગને ખુલાસો આપવો પડે તેમ છે.

એક સમાચાર એજન્સીના અહેવાલ મુજબ, આવકવેરા વિભાગે નાણાકીય વર્ષ 2020-21 અને 2021-22 દરમિયાન રાજકીય પક્ષોને દાન આપનારા વ્યક્તિગત કરદાતાઓ અને કોર્પોરેટ કરદાતાઓને નોટિસ પાઠવી છે. અહેવાલોમાં કહેવામાં આવ્યું છે કે બે નાણાકીય વર્ષોની તપાસ પછી, અત્યાર સુધીમાં માત્ર 5 હજાર લોકોને નોટિસ પાઠવવામાં આવી છે અને હજુ પણ વધુ લોકોને નોટિસ પાઠવવાની પ્રક્રિયા ચાલી રહી છે. એવા રાજકીય પક્ષો કે જેઓ માત્ર પંચમાં નોંધાયેલા છે

પરંતુ માન્યતા નથી, તેઓ માત્ર લોકો પાસેથી દાન એકત્રિત કરીને મની લોન્ડરિંગ અને




કરચોરીની રમતમાં સામેલ હોય છે. આવકવેરા વિભાગે આવા પક્ષોને દાન આપનાર લોકોને આવકવેરા કાયદાની કલમ 80GGC હેઠળ નોટિસ પાઠવી છે. આ ઉપરાંત અહેવાલના જણાવ્યા અનુસાર નાણાકીય વર્ષ 2022-23માં આવા પક્ષોને દાન આપનારાઓની ચકાસણી હજુ સુધી કરવામાં આવી નથી. આવકવેરા વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર, આ કરદાતાઓએ લગભગ 20 રાજકીય પક્ષોને દાન આપ્યું છે જે ફક્ત ચૂંટણી પંચમાં નોંધાયેલા છે પણ માન્ય પક્ષ નથી.

આ સિવાય રિપોર્ટમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે કેટલાક દાતાઓના દાન અને તેમની આવક વચ્ચે કોઈ યોગ્ય મેળ થતો નથી. આવકવેરા વિભાગના અધિકારીઓને શંકા છે કે આવા દાન માત્ર કર મુક્તિ મેળવવા માટે કરવામાં આવ્યા હતા અને દાનમાં આપેલી રકમ રોકડમાં પાછી લેવામાં આવી હતી. આ સિવાય કેટલાક કિસ્સાઓમાં, દાતાઓએ તેમની કુલ આવકના 80 ટકા અજાણ્યા રાજકીય પક્ષોને દાનમાં આપ્યા હતા.


નોંધનીય છે કે આવકવેરા કાયદાના નિયમો અનુસાર, ચૂંટણી પંચ દ્વારા નોંધાયેલ અને માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષોને દાન આપનારા કરદાતાઓ દાનની રકમ પર 100 ટકા આવકવેરામાં છૂટનો દાવો કરી શકે છે. ઉલ્લેખનીય છે કે અપ્રમાણિત પક્ષો એવા પક્ષો છે જે ચૂંટણી પંચમાં નોંધાયેલા તો છે પરંતુ કાં તો તે પક્ષ કોઈચૂંટણી લડતા નથી અથવા ચૂંટણીમાં યોગ્ય મત મેળવતા નથી.

# RBIએ PAYTMને આપી મોટી રાહત

■ પેમેન્ટ સેવાની તારીખ લંબાવવામાં આવી

ગુજરાત | વંદન

Paytmની વધતી મુશ્કેલી વચ્ચે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એ તેને રાહત આપી છે. પેટીએમ પેમેન્ટ્સ બેંક પર પ્રતિબંધ મર્યાદા 29 ફેબ્રુઆરીથી લાગુ થશે નહીં, પરંતુ તેને વધુ 15 દિવસ માટે લંબાવવામાં આવી છે. હવે Paytm પેમેન્ટ્સ બેંક




પરનો પ્રતિબંધ 15 માર્ચ પછી લાગુ થશે. મતલબ કે Paytm વોલેટ, ફાસ્ટેગ અને ગ્રાહક ખાતામાં 15 માર્ચ 2024 સુધી ટ્રાન્ઝેક્શન કરી શકાશે. આ સાથે RBIએ Paytmને લઈને FAQ પણ જારી કર્યા છે.

31 જાન્યુઆરી, 2024 ના રોજ, ભારતીય રિઝર્વ બેંકએ એક મોટું પગલું ભર્યું અને Paytmની બેંકિંગ સેવા બંધ કરવાનો આદેશ જારી કર્યો, જે 29 ફેબ્રુઆરી, 2024 થી અમલમાં આવવાની હતી, પરંતુ હવે આ તારીખ સુધારો કરવામાં આવ્યો છે. આરબીઆઈએ 31 જાન્યુઆરીએ કહ્યું હતું કે પેટીએમ પેમેન્ટ્સ બેંક પર નિયમનકારી પગલાં લેવામાં આવ્યા છે.

# ટાટા ગ્રુપ ઉબેર ટેક્નોલોજીસ સાથે વ્યૂહાત્મક ભાગીદારી કરે એવી શક્યતા

ગુજરાત | વંદન

ટાટા ગ્રુપ ઉબેર ટેક્નોલોજીસ સાથે વ્યૂહાત્મક ભાગીદારી અંગે ચર્ચા કરી રહ્યું છે. તેનો ઉદ્દેશ ટાટાના ડિજિટલ પ્લેટફોર્મ પર ટ્રાફિક અને જોડાણ વધારવાનો છે. એક રિપોર્ટમાંથી આ જાણકારી સામે આવી છે. અહેવાલ ઉમેરે છે કે ટાટા ગ્રૂપ અને ઉબેર ટેક્નોલોજીસ વચ્ચેના સહયોગમાં સંભવિતપણે ઈકોસિસ્ટમમાં કેન્દ્રીય એપ્લિકેશન તરીકે ઉબેરની સેવાઓને એકીકૃત કરવાનો સમાવેશ થઈ શકે છે. ટાટાની 'સુપર એપ' Tata Neu સ્થિર વપરાશકર્તા વૃદ્ધિ અને મર્યાદિત જોડાણ જેવા અવરોધોનો સામનો કરી રહી છે.

# ઝી ચેનલે સ્ટાર પાસેથી 68 કરોડનું રિફંડ માગ્યું

■ એગ્રીમેન્ટની શરતોના ઉલ્લંઘનનો આરોપ લગાવીને રિફંડ માગ્યું

ગુજરાત | વંદન

ઝી એન્ટરટેઈનમેન્ટે બ્રોડકાસ્ટર 'સ્ટાર' પાસેથી ICC ક્રિકેટ રાઈટ્સ એગ્રીમેન્ટની શરતોના ઉલ્લંઘનનો આરોપ લગાવીને રૂ. 68.54 કરોડનું રિફંડ માગ્યું છે. સ્ટાર વોલ્ટ ડિઝનીની પેટાકંપની છે. ગયા મહિને, ઝી એન્ટરટેઈનમેન્ટે ડિઝની-સ્ટાર સાથે $1.4 બિલિયન (તે સમયે અંદાજે રૂ. 11,637 કરોડ)નો કરાર રદ કર્યો હતો. ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) મેન્સ અને અંડર-19 ક્રિકેટ મેચના પ્રસારણ માટે ડિઝની-સ્ટાર સાથે Zee Entertainment દ્વારા આ ડીલ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

અગાઉ, સ્ટારે ZEEને બ્રોડકાસ્ટ ડીલનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવીને કાનૂની નોટિસ પણ મોકલી હતી. Zee અનુસાર, Star દ્વારા મોકલવામાં આવેલી નોટિસમાં કહેવામાં આવ્યું હતું કે, Zeeએ લગભગ 17 કરોડ રૂપિયાના કમિશન અને વ્યાજના ખર્ચની સાથે રાઈટ્સ ડીલના પ્રથમ હપ્તા તરીકે $ 203.56 મિલિયન (આશરે રૂ. 1,691 કરોડ) ચૂકવ્યા નથી.

30 ઓગસ્ટ, 2022ના રોજ, ઝીએ સ્ટોક એક્સચેન્જ ફાઈલિંગમાં ICC મેન્સ અને અંડર-19 ક્રિકેટના પ્રસારણ અધિકારો માટે ડિઝની-સ્ટાર સાથેના લાઈસન્સિંગ કરાર વિશે માહિતી આપી હતી. આ કરાર પર 26 ઓગસ્ટના રોજ હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, જે 2024થી આગામી 4 વર્ષ માટે હતા.

ઝી અને સ્ટાર વચ્ચેનો બ્રોડકાસ્ટ એગ્રીમેન્ટ પણ ઝી અને સોની વચ્ચેના $10 બિલિયન (આશરે 83,140 કરોડ રૂપિયા)ના મર્જર ડીલનો એક ભાગ હતો. એવું માનવામાં આવે છે કે સોનીએ મર્જરને રદ કર્યા પછી, ઝીએ સ્ટાર સાથેના બ્રોડકાસ્ટ ડીલને રદ કરવાનો નિર્ણય લીધો હતો.

અગાઉ 22 જાન્યુઆરીએ સોનીએ ઝી સાથે મર્જર ડીલ તોડી હતી. આ બંને કંપનીઓએ ડિસેમ્બર 2021માં આ માટે કરાર કર્યા હતા. જો આ મર્જર થયું હોત, તો Zee+ Sony 24%થી વધુ વ્યુઅરશિપ સાથે દેશનું સૌથી મોટું મનોરંજન નેટવર્ક બની ગયું હોત.

# હવે એલોન મસ્ક ચંદ્ર પર ઉતારશે પોતાનું યાન

■ SpaceXએ એક ખાનગી કંપનીના મૂન લેન્ડરને ચંદ્રની ભ્રમણકક્ષામાં મોકલ્યું

ગુજરાત | વંદન

ચંદ્રયાન-3ના ચંદ્ર પર ઉતરાણ સાથે, ભારત ચંદ્રના દક્ષિણ ધ્રુવની નજીક સોફ્ટ લેન્ડિંગ કરનાર વિશ્વનો પ્રથમ દેશ બની ગયો છે. જે બાદ હવે એલોન મસ્કની કંપની પણ ચંદ્ર પર અવકાશયાન લેન્ડ કરવા જઈ રહી છે. SpaceX એક ખાનગી કંપનીના મૂન લેન્ડરને ચંદ્રની ભ્રમણકક્ષામાં મોકલ્યું છે.

ભારતના ચંદ્રયાન સાથે ઈતિહાસ રચ્યા બાદ હવે એલન પણ ચંદ્ર પર અવકાશયાન ઉતારવાની તૈયારી કરી રહ્યા છે. હકીકતમાં,



ચંદ્રયાન-3ના ચંદ્ર પર ઉતરાણ સાથે, ભારત ચંદ્રના દક્ષિણ ધ્રુવની નજીક સોફ્ટ લેન્ડિંગ કરનાર વિશ્વનો પ્રથમ દેશ બની ગયો છે. એલોન મસ્ક પણ ભારતની આ ઐતિહાસિક સફળતાના ચાહક બની ગયા છે. જેના કારણે હવે તેમની કંપની ચંદ્ર પર અવકાશયાન લેન્ડ કરવા જઈ રહી છે. તમને જણાવી દઈએ કે, સ્પેસએક્સે એક ખાનગી કંપનીના મૂન લેન્ડરને ચંદ્રની કક્ષામાં મોકલ્યું છે. આ કંપનીનું નામ Intuitive Machines છે, જે હ્યુસ્ટન સ્થિત છે. પ્રથમ ખાનગી મૂન લેન્ડર ફ્લોરિડાના કેપ કેનાવેરલથી લોન્ચ કરવામાં આવ્યું છે. તેનું નામ ઓડીસિયસ લેન્ડર છે, તેને IM-1 લેન્ડર પણ કહેવામાં આવી રહ્યું છે. તેને લોન્ચ કરવા માટે SpaceX Falcon 9 રોકેટનો ઉપયોગ કરવામાં આવ્યો છે. એવી અપેક્ષા છે કે તે 22 ફેબ્રુઆરીએ ચંદ્રના દક્ષિણ ધ્રુવ એટલે કે ભારતના વિક્રમ લેન્ડર સુધી પહોંચશે. જો બધું બરાબર રહ્યું તો આ પહેલીવાર બનશે જ્યારે કોઈ ખાનગી કંપની ચંદ્ર પર અવકાશયાન સફળતાપૂર્વક લેન્ડ કરશે. આ લેન્ડર નાસાના કોમર્શિયલ પ્રોગ્રામ - લુનર પેલોડ સર્વિસ હેઠળ બનાવવામાં આવ્યું છે. તેના લોન્ચિંગ માટે, NASA એ Intuitive Machines સાથે $118 મિલિયન (લગભગ રૂ. 980 કરોડ) નો સોદો કર્યો હતો.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# લગ્ન-બંધનથી જિંદગી વધુ સારી બને છે



સામાન્ય રીતે પરણેલા લોકો કુંવારા છોકરાઓને મજાકમાં કહેતા હોય છે કે લગ્ન ન કરવા જોઈએ. તેમના કહેવા પ્રમાણે લગ્ન પછી વ્યક્તિ પર બહુ જ જવાબદારીઓ વધી જાય છે, તો વળી કેટલાક લોકો તો પોતાની વાત કરીને એમ પણ કહેતા હોય છે કે, મારી જિંદગીનો આ સૌથી મોટો ખોટો નિર્ણય હતો. લગ્ન પછી જીવનમાં કોઈ રસ નથી રહ્યો. જિંદગીની મજા તો સિંગલ લાઈફમાં છે. પરંતુ સર્વેમાં બહાર આવેલા તારણો મુજબ પરિણીત લોકો લગ્ન પછી સુંદર જીવન જીવે છે.

એકવાર લગ્નના બંધનમાં આવ્યા પછી તેની જિંદગી બદલાઈ જાય છે. તમે પોતાની મરજીથી જીવી શકતા નથી. જવાબદારીઓનો બોજો વધી જાય છે. પરંતુ તેનો મતલબ એવો નથી કે લગ્ન બાદ જીવનની બધી ખુશીઓ ખત્મ થઈ જાય છે. પરંતુ લગ્ન પછી જિંદગી વધુ સારી બની જાય છે. ત્યાં સુધી કે કેટલાક સર્વેમાં પણ આ વાતને દાવો કરવામાં આવ્યો છે. ઈન્ટીટ્યૂટ ઓફ ફેમિલી સ્ટડીઝ અને ગેલપ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે અમેરિકન પરિણીત લોકો લગ્ન પછી સુંદર જીવન જીવે છે, આ એ લોકોની તુલનામાં જે લોકો સિંગલ જીવન જીવી રહ્યા છે. અહીં લોકોની સુખાકારી લગ્ન, શિક્ષણ, જાતિ, ધર્મ, ઉંમર અને લિંગ સાથે વધુ જોડાયેલી છે.

નાણાંકીય સ્ટ્રેસ લોકોની ખુશીનું સૌથી મોટુ ગ્રહણ હોય છે. એવામાં જ્યારે બે લોકો લગ્ન કર્યા પછી એક સાથે રહેવાનો નિર્ણય કરે છે, ત્યારે ખૂબ સારી રીતે પોતાની આવક અને ખર્ચને મેનેજ કરી શકે છે, જે જીવનની ખુશીઓમાં વધારો કરે છે.

## લગ્ન જીવનનો સંપૂર્ણ આધાર તમારા લાઈફ પાર્ટનર પર નિર્ભર છે

લગ્ન કોઈ આનંદનો સોર્સ નથી. લગ્ન એ સમાજનું એક અંગ છે અને આધુનિક વિચારકો લગ્નને એક સંસ્થા તરીકે ગણાવે છે. તેવામાં જો તમે કોઈ ખોટા વ્યક્તિ સાથે સંબંધ બાધ્યા તો તમારી ખુશીઓમાં બીજાની સરખામણીમાં ઓછી મળશે. લગ્ન પછી તમારી ખુશીનો મોટો હિસ્સો તમારા જીવનસાથી સાથે જોડાયેલો છે. તેથી લગ્ન જીવનનો સંપૂર્ણ આધાર તમારા લાઈફ પાર્ટનર પર નિર્ભર છે.

# શું સૂતા પહેલા તમારા પગ ધોવા જોઈએ? જવાબ છે- યસ...એ જરૂરી છે...કારણ કે...

દિવસના થાક્યા પાક્યા ઘરે પહોંચીએ અને રાત્રે ભોજન ઈત્યાદિ કરીને પગ ધોયા વગર સીધા પથારીમાં પડતા હોઈએ તો અહીં આપેલી ટિપ્સ તમને ઉપયોગી નિવડી શકે છે. કેમ કે પૈર ધોના જરૂરી હૈ...

લોકો તેમના શરીરના અન્ય ભાગો જેમ કે, ચહેરા અને હાથની સંભાળ રાખે છે, જેમ કે તેમના પોતાના. પરંતુ પગને ઘણીવાર અવગણવામાં આવે છે. પગ પ્રત્યેનું વલણ સમાન હોવું જોઈએ.

તબીબોની સલાહ છે કે લોકોએ ખાસ કરીને મહિલાઓએ દિવસમાં ઓછામાં ઓછા બે વાર પગ ધોવા જોઈએ - પ્રથમ સવારે અને પછી સૂતા પહેલા

સૂતા પહેલા દરેક વ્યક્તિ માટે તેમના પગ ધોવા ખૂબ જ મહત્વપૂર્ણ છે કારણ કે ઘણા લોકોને ખ્યાલ નથી હોતો કે ઘરની અંદર ધૂળના કણો છે જે સરળતાથી પગમાં પ્રવેશી શકે છે,

પગ જમીનની સૌથી નજીક હોય છે, અને તે તમામ પ્રકારની ધૂળ અને સૂક્ષ્મજંતુઓને આકર્ષે છે જે ફ્લોર પર હોય છે. તેથી, તેમને ધોવા માટે એક સારો વિચાર છે કારણ કે તમે આ પગને તમારા પલંગ પર લઈ જશો જ્યાંથી તે બેકચેરિયાને ફેલાવી શકે છે. તમારા નાક, મોં અને ત્વચા પર પણ

તેથી સૂતા પહેલા હુંફાળા પાણીમાં ડેટોલના બે-ચાર ટીપાં નાંખીને નિયમિત પગ ધોવાથી તમારા પગના સંપર્કમાં આવતા તમામ ધૂળ, જંતુઓ અને બેક્ટેરિયા તમારા પગને ધોવાથી તેમાંથી છુટકારો મેળવવામાં મદદ મળે છે.

સ્વચ્છતાના દૃષ્ટિકોણથી, પગ ધોવાથી ગંદકી, બેક્ટેરિયા અને સૂક્ષ્મજંતુઓને પથારીમાં લાવવાથી ઘટાડવામાં મદદ મળી શકે છે. પગની અંદર દિવસ દરમિયાન પરસેવો થાય છે અને વિવિધ સપાટીઓના સંપર્કમાં આવે છે, જેનાથી બેક્ટેરિયા એકઠા થાય છે. ગંદા પગને પથારીમાં લઈ જવાથી બેક્ટેરિયલ તેમજ ફંગલ ઈન્ફેક્શન થઈ શકે છે.

મુખ્ય કારણ એ છે કે પગ આખો દિવસ જૂતામાં ફસાયેલા રહે છે, પરસેવો થાય છે અને બહારના સંપર્કમાં આવતા વિવિધ સપાટીઓમાંથી જંતુઓ ઉપાડે છે. ધોવાથી પરસેવો, ગંદકી, ફૂગ અને અન્ય કચરો દૂર થાય છે, જેથી રોજ રાત્રે સૂતા પહેલાં નિયમિત પગ ધોવાની ટેવથી આરોગ્યની જાળવણી થઈ શકશે. ખાસ કરીને ડાયાબિટીસના દર્દીઓએ તો તેમના પગની વિશેષ કાળજી લેવી જોઈએ



# જમ્યા પછી ખાટા ફળ ખાવાની આદતથી આડઅસર થઈ શકે



નારંગી, લીંબુ, ગ્રેપફ્રૂટ અને ટેન્જેરીન બધા ખાટા ફળો છે જે તેમના સ્વાદ માટે જાણીતા છે. તેમાં વિટામિન સી મોટી માત્રામાં હોય છે. તે એક શક્તિશાળી એન્ટી-ઓક્સિડન્ટ છે જે રોગપ્રતિકારક શક્તિને ટેકો આપે છે અને કોલેજન વધારવામાં પણ મદદ કરે છે. તે શરીરમાં આયર્નના શોષણમાં પણ મદદ કરે છે. ખાટા ફળો ભલે અગણિત ફાયદા આપે છે, પરંતુ જમ્યા પછી ખાટા ફળો ખાવા સારા નથી. જમ્યા પછી ખાટા ફળો ખાવાની કેટલીક આડ અસર વિશે જણાવી રહ્યા છીએ જેને હંમેશા ધ્યાનમાં રાખવું જરૂરી છે.

ડાયાટીશીયન અનુસાર ખાટાં ફળોમાં ડાયેટરી ફાઈબર હોય છે, તેથી તે કબજિયાતમાં રાહત આપે છે અને પેટને સ્વસ્થ રાખે છે અને પાચન યોગ્ય રહે છે. તેમાં રહેલા વિટામીન અને એન્ટીઓક્સીડેન્ટ શરીરને સ્વસ્થ રાખવામાં ખૂબ મદદરૂપ છે. પરંતુ જમ્યા પછી તેને ખાવું યોગ્ય માનવામાં આવતું નથી.

સાઈટ્રસ ફળો એસિડિક હોય છે અને બપોરના ભોજન પછી તરત જ તેનું સેવન કરવાથી કેટલાક લોકો માટે પાચન અસ્વસ્થ થઈ શકે છે. એસિડિટી અસ્વસ્થતા, અપચો અથવા હાર્ટબર્નનું કારણ બની શકે છે, ખાસ કરીને એસિડ રિફ્લક્સથી પીડિત લોકોએ આ કરવાનું ટાળવું જોઈએ.

**પાચન તંત્ર સંવેદનશીલ હોય એવા લોકો માટે એસિડિટી અસ્વસ્થતા, અપચો અથવા હાર્ટબર્નનું કારણ બની શકે છે**

ખાટાં ફળોમાં અમુક સંયોજનોની હાજરી જમ્યા પછી સીધું ખાવાથી ચોક્કસ પોષક તત્વોના શોષણમાં દખલ કરી શકે છે. જેના કારણે શરીરમાં જરૂરી મિનરલ્સ અને વિટામિન્સની ઉણપ થાય છે અને તમને ફળ ખાવાનો ફાયદો મળતો નથી.

કેટલાક લોકોને જઠરાંત્રિય સમસ્યાઓ જેમ કે પેટમાં દુખાવો, પેટનું ફૂલવું અથવા ગેસનો અનુભવ થઈ શકે છે જ્યારે તેઓ ભોજન પછી ખાટાં ફળો ખાય છે. ખાસ કરીને જો તેમનું પાચન તંત્ર સંવેદનશીલ હોય. તેથી આવા લોકોએ ભૂલથી પણ ખાટા ફળોનું ભોજન સાથે સેવન ન કરવું જોઈએ.

# ૧૦ ટકા લોકોને દૂધ ઉકાળવાની આદત હોય છે



ભારતીય ઘરોમાં પહેલા દૂધ ઉકાળવાની આદત હોય છે. તે સાચું છે કે હાનિકારક બેક્ટેરિયાથી છુટકારો મેળવવા માટે દૂધ ઉકાળવું જરૂરી છે, પરંતુ આ ફક્ત કાચા દૂધ માટે જ માન્ય છે. પોલીબેગ પેકિંગમાં બજારમાં ઉપલબ્ધ પાશ્ચરાઈઝ દૂધ બેક્ટેરિયાનો નાશ કરવાની પ્રક્રિયામાંથી પસાર થઈ ચૂક્યું છે અને તે પેકેટમાંથી પીવા માટે યોગ્ય છે. પરંતુ જો આપણે પોતે જ દૂધના તમામ પોષક તત્વો ખલાસ કરી નાખ્યા હોય તો તેને પીવાનો કોઈ અર્થ નથી.

આપણે બધા દૂધને સ્વાસ્થ્ય માટે સૌથી યોગ્ય પીણું માનીએ છીએ. દૂધ એક એવું પીણું છે જેનો ઉપયોગ અનેક ખાદ્ય પદાર્થોમાં થાય છે. પરંતુ શું આપણે દૂધ પીતા હોઈએ છીએ જેમાં તમામ પોષક તત્વો હોય છે? જો આપણે દૂધને યોગ્ય રીતે ઉકાળીએ છીએ, તો તે આપણા માટે સ્વાસ્થ્યપ્રદ છે.

પેકેજ્ડ દૂધ પીતા પહેલા તેને થોડું ગરમ કરવું સલામત છે પરંતુ તેને 10 મિનિટથી વધુ સમય સુધી ઉકાળવાનું ટાળો. એક ગ્લાસ દૂધ મધ્યમ આંચ પર 4-5 મિનિટમાં પૂરતું ગરમ થઈ જાય છે અને પીવાલાયક થઈ જાય છે. આ સુનિશ્ચિત કરશે કે દૂધમાં આવશ્યક પોષક તત્વો અકબંધ રહેશે. તમે કાચા દૂધને એકસાથે ઉકાળી શકો છો અને પછી તેને સાચવવા માટે તેને ફ્રીઝમાં રાખી શકો છો. એ જ રીતે પાશ્ચરાઈઝ દૂધના કિસ્સામાં તમારે જેટલું દૂધ જોઈએ તેટલું જ લો અને તેને ઉકાળવાને બદલે ગરમ કરો.

- પેક કરેલ દૂધ અથવા કાચા દૂધને ઉકાળતા પહેલા 1/4માં ચોખ્ખુ પાણી ઉમેરો, તેનાથી દૂધના પોષક તત્વો જળવાઈ રહે છે.
- દૂધને વધુ સમય સુધી ન ઉકાળો.
- દૂધને ઉકાળ્યા પછી વધુ સમય સુધી ખુલ્લામાં ન રાખો.
- દૂધ ઠંડું થઈ જાય પછી તેને લાંબા સમય સુધી સાચવવા માટે ફ્રીજમાં રાખો.
- દૂધને વારંવાર ગરમ ન કરો. તેને ફક્ત એક વાર ઉકાળો અને ફરીથી ઉકાળ્યા વિના તેનો ઉપયોગ કરવાનો પ્રયાસ કરો.
- દૂધ ઉકાળતી વખતે તેને હલાવતા રહો.
- દૂધને ગરમ કરવા અને ફરીથી ગરમ કરવા માટે માઈક્રોવેવ-ઓવનનો ઉપયોગ કરશો નહીં.

# ત્વચા પર ગ્લો લાવવા માટેના આ છે ઘરેલું ઉપાય



શુદ્ધ મધ ક્યારે પણ બગડતું નથી. આરોગ્ય અને સુંદરતા વધારવા માટે મધનો ઉપયોગ સદીઓથી કરવામાં આવે છે. બ્યૂટી એક્સપર્ટ શહનાઝ હુસૈન જણાવી રહ્યા છે સુંદરતા વધારવા માટે મધનો ઉપયોગ કેવી રીતે કરવો. મધમાં એન્ટીબેક્ટેરિયલ પ્રોટીન, એન્ઝાઈમ અને એન્ટીઓક્સીડેન્ટ હોય છે, જેના કારણે મધ ક્યારેય બગડતું નથી. મધ સ્વાસ્થ્યની સાથે ત્વચા અને વાળ માટે પણ ખૂબ જ ફાયદાકારક છે.

મધ એક ઉત્તમ એન્ટીઑક્સિડન્ટ છે અને વૃદ્ધત્વના સંકેતોને અટકાવે છે. મધ લગાવવાથી ત્વચા યુવાન અને ચમકદાર બને છે. મધ શુષ્ક નીરસ ત્વચાને હાઈડ્રેટ કરે છે અને તેને ઊંડે સુધી ભેજયુક્ત બનાવે છે, જેનાથી ઉંમર પહેલાં દેખાતી ફાઈન લાઈન અને કરચલીઓને અટકાવે છે.

આ માટે મધમાં પપૈયાનો પલ્પ, દૂધ અથવા દહીં મિક્સ કરીને ફેસ પેક બનાવો. અડધા કલાક માટે આ પેકને ચહેરા પર રહેવા દો. આ પછી ચહેરાને હૂંફાળા પાણીથી ધોઈ લો. આ ફેસ પેક લગાવવાથી ત્વચા ટાઈટ થાય છે અને ફાઈન લાઈન્સ અને કરચલીઓથી છુટકારો મળે છે.

ત્વચાની ચમક વધારવા માટે મધ એક ઉત્તમ બ્યૂટી ટ્રીટમેન્ટ છે. દૂધ અથવા દહીંમાં મધ ભેળવીને લગાવવાથી કરચલીઓ વહેતી અટકે છે અને ત્વચાનો ગ્લો વધે છે. તેના માટે અડધી ચમચી મધ, એક ચમચી ગુલાબજળ અને એક ચમચી મિલ્ક પાવડર મિક્સ કરો. જેની પેસ્ટ બનાવીને ચહેરા પર લગાવો. 20 મિનિટ પછી પાણીથી ધોઈ લો.

**મધથી સ્કિન યંગ, કરચલી મુક્ત અને ખીલ રહિત થશે**

ત્વચાની ચમક વધારવા માટે ચાર ચમચી મધ, એક કપ દૂધ અને ચાર ચમચી ઘઉંના બીજતેલને એકસાથે મિક્સ કરો. તેને કન્ટેનરમાં રાખો અને રેફ્રિજરેટરમાં રાખો. આ લોશનનો થોડો ભાગ ચહેરા, ગરદન અને હાથ પર દરરોજ લગાવો. 15 મિનિટ પછી તેને પાણીથી ધોઈ લો . ફાટેલા હોઠ શિયાળામાં એક સામાન્ય સમસ્યા છે. ફાટેલા હોઠને રોકવા માટે મધનો ઉપયોગ કરો. શિયાળામાં ફાટેલા હોઠ પર મધની જેમ લિપ બામ લગાવો, હોઠ ફાટશે નહીં.

મધમાં રહેલા કુદરતી ઉત્સેચકો હોઠને ફાટતા અટકાવે છે અને તેને નરમ બનાવે છે. હોઠની ત્વચા સૌથી નાજુક હોય છે, જેના કારણે હોઠ કાળા પડી જાય છે, પિગમેન્ટેશન અને ડેડ સ્કિનની સમસ્યા થવા લાગે છે. આ બધી સમસ્યાઓથી બચવા માટે હોઠ પર નિયમિત મધ લગાવવાથી ખૂબ જ ફાયદો થાય છે.

હોઠને ઊંડે સુધી સાફ કરવા માટે અડધી ચમચી મધ અને ચોથા ચમચી કોફી પાવડર મિક્સ કરીને સ્ક્બ તૈયાર કરો. તેને હોઠ પર લગાવો અને 2 મિનિટ સુધી હળવા હાથે સ્ક્બ કરો. પછી આ સ્ક્બને હોઠ પર 10 મિનિટ સુધી રહેવા દો. પછી પાણીથી હોઠ સાફ કરો.

મધ ત્વચાને ઊંડે સુધી હાઈડ્રેટ કરે છે અને તેને નરમ અને કોમળ બનાવે છે. મધમાં હાજર ઉત્સેચકો ત્વચામાં સરળતાથી પ્રવેશ કરી શકે છે, જેનાથી ત્વચાને સારી રીતે કન્ડિશનિંગ કરવામાં આવે છે, ભેજ જાળવી રાખવામાં આવે છે અને ત્વચા નરમ બને છે.

ડ્રાય સ્કિનને નરમ કરવા માટે મધ લગાવો. મધ ત્વચાની અંદર પહોંચીને ત્વચાને મોઈશ્ચરાઈઝ કરવામાં મદદ કરે છે. આ માટે મધને ત્વચા પર એક મિનિટ રાખો. પછી હળવા હાથે માલિશ કરતી વખતે તમારા ચહેરાને પાણીથી ધોઈ લો. દરરોજ ચહેરા પર મધ લગાવવાથી કરચલીઓ, ખીલ અને ડ્રાય સ્કિનથી છુટકારો મળે છે

મધના એન્ટીબેક્ટેરિયલ અને બળતરા વિરોધી ગુણો છિદ્રોમાં એકઠા થયેલા ધૂળના કણો અને ગંદકીને ઊંડે સુધી સાફ કરે છે અને ખીલ અને ઉકળેથી રાહત આપે છે. મધના નિયમિત ઉપયોગથી ખીલથી રાહત મળે છે અને ત્વચાની ચમક વધે છે.આ માટે દરરોજ સૂતા પહેલાં ચહેરા પર મધનું પાતળું લેયર લગાવો. અડધા કલાક પછી હળવા હાથે માલિશ કરતી વખતે તમારા ચહેરાને પાણીથી ધોઈ લો.

# પલાળેલી મગફળી સ્વાસ્થ્ય માટે છે ફાયદાકારક



મગફળી માત્ર સ્વાદમાં જ સારી નથી પણ તમારા સ્વાસ્થ્ય માટે પણ ખૂબ જ ફાયદાકારક છે. મગફળીના ફાયદા સો ગણા થઈ જાય છે જ્યારે તમે તેને આખી રાત પલાળી રાખો અને સવારે નાસ્તામાં ખાઓ. છેવટે, મગફળીને પલાળીને આખી રાત રાખવાથી શું થાય છે, તે આપણા સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક બને છે. રાત્રે પલાળેલી મગફળીમાં એવું શું મળે છે જે આપણા હૃદય, મન અને પેટને સ્વસ્થ અને ફિટ બનાવે છે? નાની મગફળીના અદ્ભુત ફાયદા

જો આપણે પલાળેલી મગફળીના ફાયદા વિશે વાત કરીએ તો પહેલો ફાયદો એ છે કે પલાળેલી મગફળી તમારા હૃદય માટે ખૂબ જ અસરકારક છે. પલાળેલી મગફળીની ભીની છાલ લોહીના પ્રવાહમાં સુધારો કરે છે અને હૃદયને સુરક્ષિત કરે છે, જેનાથી લાંબા ગાળે હાર્ટ એટેકનું જોખમ ઓછું થાય છે. મગફળી ચયાપચયને ઝડપી બનાવે છે અને શરીરનું તાપમાન વધારે છે, જે રક્ત પ્રવાહ માટે ફાયદાકારક છે. જો તમે સવારના નાસ્તામાં પલાળેલી મગફળીનું સેવન કરો છો, તો તમને તેનાથી ભરપૂર લાભ મળશે.

આજકાલ લોકો ઓફિસમાં કલાકો સુધી બેસીને કામ કરે છે અથવા ખોટી મુદ્રામાં બેસીને કમરનો દુખાવો થાય છે. જો તમે કમરના દુખાવાથી પરેશાન છો, તો સવારના નાસ્તામાં પલાળેલી મગફળીને તમારા આહારનો ભાગ બનાવવો ખૂબ જ ફાયદાકારક છે. ફાયદા - જો તમે ગોળ સાથે પલાળેલી મગફળી ખાઓ છો તો તેનાથી તમારી પીઠની સમસ્યામાં રાહત મળે છે. આ ઉપરાંત, ગોળ તમારા પેટને સ્વસ્થ રાખવામાં પણ મદદ કરશે.

ભીની મગફળી તમારા મગજ માટે ખૂબ જ ફાયદાકારક છે. નિષ્ણાતોના મતે ડ્રાય ફ્રૂટ્સ મગજ માટે ખૂબ જ ફાયદાકારક હોય છે. અને પલાળેલી મગફળીનું સેવન કરવાથી મગજ યોગ્ય રીતે કાર્ય કરે છે કારણ કે તેમાં ઓમેગા-3 ફેટી એસિડ હોય છે. જેનું સેવન મગજને તેજ બનાવે છે. એટલા માટે દરરોજ સવારે પલાળેલી મગફળી ખાઓ. આ સિવાય તેના રોજીંદા સેવનથી યાદશક્તિ પણ મજબૂત થાય છે.તેથી રોગપ્રતિકારક શક્તિને મજબૂત કરવાની વાત જ્યારે આવે તો મગફળીનું નામ પણ સામે આવે છે.

નબળી રોગપ્રતિકારક શક્તિને કારણે, રોગો ઘણીવાર શરીરમાં પોતાનું ઘર બનાવે છે. આ માટે રોગપ્રતિકારક શક્તિ મજબૂત હોવી જોઈએ. રોગપ્રતિકારક શક્તિને મજબૂત કરવા માટે ડૉક્ટરો વિટામિન સી ફળો અને શાકભાજી ખાવાની ભલામણ કરે છે અને રોગપ્રતિકારક શક્તિને મજબૂત કરવા માટે પલાળેલી મગફળીનું સેવન પણ ફાયદાકારક છે. પલાળેલી મગફળીનું સેવન સ્વાસ્થ્ય પર હકારાત્મક અસર કરે છે. દરેક વ્યક્તિ જાણે છે કે મગફળી પ્રકૃતિમાં ગરમ હોય છે. એટલા માટે શિયાળામાં મગફળી ખાવી સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે. શિયાળામાં ગોળ અને મગફળીનું એકસાથે સેવન કરવાથી તમારું શરીર ગરમ રહેશે. તમારું શરીર ગરમ હોવાને કારણે, તમે શરદી, ઉધરસ અને ફ્લૂ જેવી સમસ્યાઓથી સુરક્ષિત રહેશો.

# સુંદરતાની નિશાની : સિલ્કી વાળ, ગુલાબી હોઠ અને લાંબા નખ



પ્રદૂષિત વાતાવરણ ,ખરાબ જીવનશૈલીના કારણે વાળ ખરવા અને ત્વચાની સમસ્યા સામાન્ય છે. વાળથી લઈને નખ સુધી સુંદરતા સાથે જોડાયેલી દરેક બાબતમાં છોકરીઓ ખૂબ જ સજાગ હોય છે. આજના પ્રદૂષિત વાતાવરણ અને ખરાબ જીવનશૈલીના કારણે વાળ ખરવા અને ત્વચાની સમસ્યા જેવી સમસ્યાઓ સામાન્ય છે. આ સમસ્યાઓથી છુટકારો મેળવવા માટે છોકરીઓ ઘણી મોંઘી પ્રોડક્ટ્સનો ઉપયોગ કરે છે અને કોસ્મેટિક ટ્રીટમેન્ટ પણ કરાવે છે. હાલમાં જો કેટલીક બાબતોનું ધ્યાન રાખવામાં આવે તો આ બધી સમસ્યાઓથી છુટકારો મેળવી શકાય છે અને વાળથી લઈને સ્કિન ટોન સુધીની દરેક વસ્તુને જાળવી શકાય છે. જો તમે પણ તમારા વાળ, નખ અને સ્કિન ટોનને લઈને ચિંતિત છો, તો તમે તમારી દિનચર્યામાં સારો આહાર અને પુષ્કળ પાણી પીવાની સાથે કેટલીક બ્યુટી ટિપ્સ ફોલો કરીને સુંદર રહી શકો છો.

જો તમારે લાંબા અને મજબૂત નખ જોઈતા હોય તો દર અઠવાડિયે કે પંદર દિવસે ફાઈલર વડે નખ સેટ કરતા રહો. આ સિવાય રોજ ઓલિવ અથવા નારિયેળ તેલથી માલિશ કરવું ખૂબ જ ફાયદાકારક છે.

તમારા વાળને મજબૂત અને ચમકદાર રાખવા માટે ડ્રાયર, હેર કલર અથવા કોઈપણ પ્રકારની કેમિકલ ટ્રીટમેન્ટથી દૂર રહો. અઠવાડિયામાં કે પંદર દિવસમાં એકવાર વાળને ઉકાળવા જોઈએ અને વાળ ધોવાના એકથી દોઢ કલાક પહેલાં વિટામિન ઈથી ભરપૂર તેલથી માથાની મસાજ કરવી જોઈએ, જ્યારે શેમ્પૂ કર્યા પછી વાળમાં સારું કન્ડિશનર લગાવવાનું ભૂલશો નહીં.

લોકોમાં મોઈસ્ટ ત્વચા મેળવવાનો ભારે ક્રેઝ છે. આ માટે, તે જરૂરી છે કે ત્વચા અંદરથી સ્વસ્થ રહે, તેથી તૈલી ખોરાકને ટાળવાની સાથે, આહારમાં ફળો, બદામ, શાકભાજીનો સમાવેશ કરો અને ક્લીન્ઝિંગ, ટોનિંગ, મોઈશ્ચરાઈઝિંગ એટલે કે CTM રૂટિનનું પાલન કરો. આ સિવાય બહાર જતા પહેલા સનસ્ક્રીન લોશન લગાવો. મોઈસ્ટ ત્વચા માટે, તમે ટોનરને બદલે ચોખાના પાણીનો ઉપયોગ કરી શકો છો.

જો તમને ગુલાબી અને ફ્લોપી હોઠ જોઈએ છે, તો અઠવાડિયામાં એકવાર તમારા હોઠને ખાંડ, મધ અને નારિયેળ તેલથી હળવા હાથે સ્ક્બ કરો. ધૂમ્રપાનથી દૂર રહેવું જોઈએ, આ સિવાય દિનચર્યામાં કેમિકલયુક્ત લિપસ્ટિકને બદલે હોઠ પર સારા લિપ બામનો ઉપયોગ કરવો વધુ સારું છે.

નોંધ: આ લેખ માત્ર સામાન્ય જાણકારી માટે છે, તે કોઈ પણ પ્રકારે દવા કે ઈલાજનો વિકલ્પ હોઈ શકે નહીં. વધુ માહિતી માટે તમારાં ડોક્ટરનો સંપર્ક કરો.

# અમિત શાહ અને હાર્દિક પંડ્યાએ GLPLનું ઉદ્ઘાટન કર્યું

**■ હાર્દિકે 'સાંસદ ખેલકૂદ સ્પર્ધા'અભિયાનને સમર્થન આપ્યું**

ગુજરાત | વંદન

ઈજામાંથી સાજા થઈ રહેલા હાર્દિક પંડ્યાએ ગૃહમંત્રી અમિત શાહ સાથે મુલાકાત કરી હતી. આ બેઠક બંધ રૂમમાં નહીં પરંતુ ક્રિકેટના મેદાનમાં થઈ હતી. હાર્દિક અને અમિત શાહ માટે ક્રિકેટના મેદાનમાં એકસાથે આવવાનું મોટું કારણ હતું, જેના સાક્ષી BCCI સેક્રેટરી જય શાહ પણ હતા. જ્યાં સુધી બંનેના મેદાન પર આવવાના કારણની વાત છે તો તે માત્ર ક્રિકેટ સાથે સંબંધિત હતું. ગૃહમંત્રી અમિત શાહ અને હાર્દિક પંડ્યાએ સાથે મળીને ગાંધીનગર લોકસભા પ્રીમિયર લીગ એટલે કે GLPLનું ઉદ્ઘાટન કર્યું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ દેશભરમાં 'સાંસદ ખેલકૂદ સ્પર્ધા'નું આયોજન કરવામાં આવી રહ્યું છે અને તે અંતર્ગત ગાંધીનગર લોકસભા પ્રીમિયર લીગ એટલે કે GLPL પણ શરૂ થવા જઈ રહી છે. આ ટુર્નામેન્ટ 7 એસેમ્બલીની ટીમો વચ્ચે રમાશે. હાર્દિક પંડ્યાએ સરકારના આ અભિયાનને સમર્થન આપ્યું છે. તમને જણાવી દઈએ કે હાર્દિક પંડ્યાને મુંબઈ ઈન્ડિયન્સનો કેપ્ટન બનાવવામાં આવ્યા બાદ આ પહેલીવાર છે જ્યારે આવી કોઈ ઘટનામાં જોવા મળ્યો છે.



જ્યાં સુધી હાર્દિક પંડ્યા ઈજામાંથી સાજા થવાની વાત છે તો તેમાં સતત સુદાહરો થઈ રહ્યો છે. સોશિયલ મીડિયા પર જે રીતે નેટ પર પરસેવો પાડી રહેલા હાર્દિકના વિઝ્યુઅલ્સ અને ફોટોગ્રાફ્સ સામે આવી રહ્યા છે, તે જોઈને લાગે છે કે તે IPL 2024માં શાનદાર કમબેક કરશે. હાર્દિક પંડ્યા વર્લ્ડ કપ 2023 દરમિયાન ઈજાગ્રસ્ત થયો હતો. ત્યારથી તે ટીમ ઈન્ડિયાથી દૂર છે.

પુણેમાં બાંગ્લાદેશ સામે રમાયેલી વર્લ્ડ કપ મેચ દરમિયાન તે ઈજાગ્રસ્ત થયો હતો. ત્યારથી ટીમમાં તેની વાપસી શક્ય બની નથી. પરંતુ, જો બધું લાગે છે તેમ સારું ચાલતું રહ્યું, તો પંડ્યા ટૂંક સમયમાં IPL 2024 માં રમતો જોવા મળશે.

હાર્દિક પંડ્યાએ IPLમાં 123 મેચ રમવા સિવાય અત્યાર સુધી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં 86 ODI, 92 T20 અને 11 ટેસ્ટ રમી છે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં તેના નામે 3500 થી વધુ રન અને 150 થી વધુ વિકેટ છે. IPLમાં 2309 રન બનાવવા ઉપરાંત તેણે અત્યાર સુધીમાં 53 વિકેટ પણ લીધી છે.

# ઈન્ડોનેશિયામાં 35 વર્ષના ખેલાડી પર વીજળી પડતા મોત



**■ ફૂટબોલ મેચ દરમિયાન આ આકાશી ઘટના બની હતી**

ગુજરાત | વંદન

ઈન્ડોનેશિયામાં ફૂટબોલ મેચ દરમિયાન વીજળી પડવાથી એક ખેલાડીના મોતનો મામલો સામે આવ્યો છે. ફૂટબોલ મેદાન પર બનેલી આ આકાશી ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. જણાવવામાં આવી રહ્યું છે કે, આ ઘટના બંદંગના સિલવાંગી સ્ટેડિયમની છે, જ્યાં એક ફ્રેન્ડલી ફૂટબોલ મેચ રમાઈ રહી હતી. આ દરમિયાન એક ખેલાડી પર અચાનક વીજળી પડી હતી અને તે મેદાન પર પડી ગયો હતો. ઘટના બાદ તેને હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, 35 વર્ષીય સેપ્ટેન રાહરજા શનિવારે બંદંગના સિલવાંગી સ્ટેડિયમમાં ફ્રેન્ડલી મેચ રમી રહ્યો હતો. દરમિયાન તેના પર વીજળી પડી અને તે જમીન પર પડી ગયો. જ્યારે અન્ય ખેલાડીઓ તેની પાસે દોડ્યા તો જાણવા મળ્યું કે તે શ્વાસ લઈ રહ્યો હતો. આ પછી તેને સ્ટ્રેચર પર મેદાનની બહાર લઈ જવામાં આવ્યો અને પછી હોસ્પિટલ લઈ જવામાં આવ્યો. જ્યાં તેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

35 વર્ષના ખેલાડી પર વીજળી પડતા 10 સેકન્ડનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આ ઘટના શનિવારે સ્થાનિક સમય અનુસાર સાંજે 4.20 વાગ્યે મેચ દરમિયાન બની હતી. આ વીડિયો સામે આવતા રમતગમત જગત ચોંકી ગયું છે. ઘણા ચાહકો આ ઘટનાને લઈને શોક વ્યક્ત કરી રહ્યા છે.


# બેડમિન્ટન એશિયા ટીમ ચેમ્પિયનશિપ માટે ટીમ ઈન્ડિયા તૈયાર

**■ ચેમ્પિયનશિપ 13 થી 18 ફેબ્રુઆરી દરમિયાન મલેશિયામાં યોજાનાર છે**

ગુજરાત | વંદન

બે વખતની ઓલિમ્પિક મેડલ વિજેતા પીવી સિંધુની આગેવાની હેઠળની ભારતીય મહિલા ટીમ અને એચએસ પ્રણયની આગેવાની હેઠળની ભારતીય પુરૂષ ટીમ 13 થી 18 ફેબ્રુઆરી દરમિયાન મલેશિયાના શાહઆલમમાં યોજાનારી બેડમિન્ટન એશિયા ટીમ ચેમ્પિયનશિપ 2024માં શાનદાર પ્રદર્શન કરવા માટે તૈયાર છે. ભારતીય પુરૂષ ટીમ ગ્રુપ Aમાં જ્યારે મહિલા ટીમ ગ્રુપ Wમાં છે.





2019 ની વિશ્વ ચેમ્પિયન પીવી સિંધુ કોન્ટિનેન્ટલ ઈવેન્ટમાં કોર્ટ પર પરત ફરશે. ઘૂંટણની ઈજાને કારણે ઓક્ટોબરથી કોઈપણ ટુર્નામેન્ટમાં રમી શકી ન હતી. આ કોન્ટીનેન્ટલ ટુર્નામેન્ટ ખેલાડીઓ માટે પણ મહત્વની રહેશે કારણ કે તે 'રેસ ટૂર ધ 2024 પેરિસ ઓલિમ્પિક્સ' માટે મહત્વપૂર્ણ ક્વોલિફિકેશન પોઈન્ટ મેળવવામાં મદદરુપ થશે.

પુરૂષ અને મહિલા ટીમ વિષે જણાવીએ, જેમાં પ્રથમ પુરૂષ ટીમમાં એચએસ પ્રણોય, લક્ષ્ય સેન, કિદામ્બી શ્રીકાંત, ચિરાગ સેન, સાત્વિકસાઈરાજ રેન્કીરેડ્ડી, ચિરાગ શેટ્ટી, ધ્રુવ કપિલા, એમઆર અર્જુન, સૂરજ ગોલા, પૃથ્વી રોય. વગેરે ખેલાડીનો સમાવેશ થાય ત્યારબાદ મહિલા ટીમ વિષે જણાવીએ, જેમાં પીવી સિંધુ, અનમોલ ખાર્બ, તન્વી શર્મા, અશ્મિતા ચલિહા, ત્રિશા જોલી, ગાયત્રી ગોપીચંદ, અશ્વિની પોનપ્પા, તનિષા ક્રાસ્ટો, પ્રિયા દેવી કોન્જેંગબમ, શ્રુતિ મિશ્રા. વગેરે ખેલાડીઓનો સમાવેશ થાય છે.

# યુનાઈટેડ વર્લ્ડ રેસલિંગે WFIનો પ્રતિબંધ હટાવ્યો

**■ WFIએ તેના એથ્લેટ કમિશનની પુનઃ ચૂંટણી યોજવી પડશે**

ગુજરાત | વંદન

યુનાઈટેડ વર્લ્ડ રેસલિંગ એ ભારતીય રેસલિંગ ફેડરેશન પર લાદવામાં આવેલ સસ્પેન્શન તાત્કાલિક અસરથી હટાવી લીધું છે. WFI સમયસર ચૂંટણી કરાવવામાં નિષ્ફળ જતાં યુનાઈટેડ વર્લ્ડ રેસલિંગે ગયા વર્ષે ઓગસ્ટમાં રેસલિંગ ફેડરેશન ઑફ ઈન્ડિયાને સસ્પેન્ડ કરી દીધું હતું. ડિસિપ્લિનરી ચેમ્બરે નક્કી કર્યું કે સસ્પેન્શન લાદવા માટે પર્યાપ્ત આધારો છે, કારણ કે ફેડરેશનમાં ઓછામાં ઓછા છ મહિનાથી આ સ્થિતિ હતી.

યુનાઈટેડ વર્લ્ડ રેસલિંગ 9 ફેબ્રુઆરીના રોજ સસ્પેન્શનની સમીક્ષા કરવા માટે મળ્યા હતા. તમામ મુદ્દાઓને ધ્યાનમાં લીધા બાદ સસ્પેન્શન હટાવવાનો નિર્ણય કર્યો હતો. હવે WFIએ તેના એથ્લેટ કમિશનની પુનઃ ચૂંટણી યોજવી પડશે. આ કમિશન માટેના ઉમેદવારો સક્રિય એથ્લેટ હોવા જોઈએ. જ્યારે ચાર કે તેથી વધુ વર્ષ પહેલાં નિવૃત્તિ લઈ ચૂકેલા એથ્લેટ્સ ચૂંટણી લડી શકશે નહીં. આ ચૂંટણીઓ ટ્રાયલ અથવા કોઈપણ વરિષ્ઠ રાષ્ટ્રીય ચેમ્પિયનશિપ દરમિયાન યોજવામાં આવશે. આ ચૂંટણીનું આયોજન 1 જુલાઈ 2024 પહેલા કરવુ પડશે.

WFI એ UWWને તરત જ લેખિત બાંયધરી આપવી જોઈએ કે તમામ WFI ઈવેન્ટ્સ ખાસ કરીને ઓલિમ્પિક ગેમ્સ અને અન્ય કોઈપણ મોટી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ઈવેન્ટ્સમાં કોઈપણ ભેદભાવ વિના ભાગ લેવા માટે તમામ રેસલર્સને ધ્યાનમાં લેવામાં આવશે. UWW રેસલર્સના સંપર્કમાં છે અને આગામી દિવસોમાં તેમનો સંપર્ક કરશે. હવે ભારતીય રેસલર્સ આગામી UWW ઈવેન્ટમાં તેમના દેશના ધ્વજ હેઠળ ઈવેન્ટમાં રમી શકશે. સસ્પેન્શન હેઠળ ભારતીય રેસલર્સએ UWW ધ્વજ હેઠળ સ્પર્ધા કરવી પડી હતી.

મહિલા રેસલર્સના યૌન શોષણના આરોપ અને રેસલર્સના આક્રમક વિરોધને કારણે રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાના ચીફ બ્રિજભૂષણ શરણ સિંહને પદ પરથી હટાવવામાં આવ્યા હતા. થોડા સમય પહેલા થયેલી રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાની ચૂંટણીમાં બ્રિજભૂષણ શરણ સિંહની નજીકના સંજય સિંહની પેનલનો વિજય થતા, રેસલર્સે ભારે વિરોધ શરુ કર્યો હતો.ત્યાર બાદ રમત ગમત મંત્રાલય દ્વારા રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાની નવી બોડીને હટાવીને સંજય સિંહની માન્યતા રદ્દ કરવામાં આવી હતી.

# રવિન્દ્ર જાડેજાને ટક્કર મારવા આવ્યો તેના જ ગામનો ફાસ્ટ બોલર...

**■ જામનગરના પ્રિયજીતસિંહે દુનિયાભરમાં ડંકો વગાડ્યો છે**

ગુજરાત | વંદન

ભારતનો સ્ટાર ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાનું નામ સૌ કોઈ જાણે છે અને તેમણે ભારતને અનેક મેચ પણ જીતાડી છે. જામનગરના આ લાલે દુનિયાભરમાં ડંકો વગાડ્યો છે. ત્યારે વધુ એક જામનગરના ક્રિકેટરે ખળભળાટ મચાવ્યો છે. આ ખેલાડીનું નામ છે પ્રિયજીત સિંહે રણજીટ્રોફીમાં ધમાલ મચાવી છે.

વાત રવિન્દ્ર જાડેજાની નહિ પરંતુ તેના જ ગામમાંથી આવેલા પ્રિયજીત સિંહ જાડેજા વિશે. પ્રિયજીત સિંહે એક ફાસ્ટ બોલર છે. બોલરે હાલમાં રમાઈ રહેલી રણજીટ્રોફીમાં શાનદાર પ્રદર્શન



કરી રહ્યો છે. તેમણે 1-2 નહિ પરંતુ 10 વિકેટ લીધી છે. જેને લઈ તેને પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ પણ આપવામાં આવ્યો છે.

એલીટ ગ્રુપ સીમાં ગુજરાત અને પંજાબ વચ્ચે મેચ રમાય હતી. આ મેચમાં ગુજરાત માટે રમી રહેલા પ્રિયજીત સિંહે ધમાલ મચાવી હતી. તેમણે પહેલી અને બીજી બંન્ને ઈનિંગ્સમાં તેની તાકાત દેખાડી હતી. પહેલી ઈનિંગ્સમાં 15.5 ઓવરમાં જાડેજાએ 60 રન આપી 5 વિકેટ લીધી હતી. જ્યારે બીજી ઈનિંગ્સમાં 39 રન આપી 5 વિકેટ લીધી હતી. તેના શાનદાર પ્રદર્શનના કારણે જાડેજા હવે લાઈમ લાઈટમાં આવી ગયો છે. પ્રિયજીત સિંહ જાડેજાનું કરિયર શાનદાર રહી શકે છે જો તે આવું જ પ્રદર્શન કરતો રહ્યો. તેમણે અત્યાર સુધી માત્ર 3 ફર્સ્ટ ક્લાસ મેચ રમી છે. જેમાં તેના નામે 13 વિકેટ છે.મેચમાં તો પંજાબે ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ગુજરાતે પહેલા બેટિંગ કરી 339 રન સ્કોર કર્યો. જેના જવાબમાં પંજાબે 219 રન બનાવી ઓલ આઉટ થઈ, ત્રીજી ઈનિંગ્સમાં ગુજરાતે 8 વિકેટ પર 290 રન બનાવ્યા હતા. પંજાબ સામે 411 રનનો ટાર્ગેટ હતો. પરંતુ પંજાબની બેટિંગ ફ્લોપ રહી અને તે 111 રન પર ઓલઆઉટ થઈ હતી. ગુજરાતે 299 રનથી મેચ જીતી લીધી હતી. અને આ મેચનો હિરો જામનગરનો પ્રિયજીત સિંહ જાડેજા રહ્યો હતો.

# પોતાની ફેવરિટ ટીમ હારી જતાં ચાહકોએ તોડફોડ કરી

**■ સાન ફ્રાન્સિસ્કોની ઘટના : ઓસ્ટ્રેલિયાની ટીમે 6 વિકેટથી મેચ જીતીને વર્લ્ડ કપની ટ્રોફી છઠ્ઠી વખત પોતાના નામે કરી લીધી હતી**



ગુજરાત | વંદન

દુનિયામાં ક્રિકેટ કે ફૂટબોલની જેમ અમેરિકન ફૂટબોલ જેવી રમતના ચાહકો પણ તેમના ઝનુન માટે દુનિયાભરમાં જાણીતા છે. આ લોકો તેમની મનપસંદ ટીમથી લઈને મનપસંદ ખેલાડી માટે પાગલ થઈ જાય છે. જો પોતાની પસંદની ટીમ હારે કે કોઈ ખેલાડી ભૂલ કરે તો તેઓ તેને પોતાની હાર માનીને અકળાઈ જાય છે.સુપર બાઉલ 2024ની એક રોમાંચક મેચમાં કેનસસ સિટી ચીફ્સે સાન ફ્રાન્સિસ્કો 49ers સામે જીત નોંધાવી છે.

ચીફ્સના પ્રશંસકોએ પોતાની ટીમની જીતનો જશ્ન મનાવ્યો, 49ers ના સમર્થકો વચ્ચે માહોલ બિલકુલ અલગ હતો. ટીવી પર મેચ જોઈ રહેલા એક ચાહકને આનાથી એટલો ગુસ્સો આવ્યો કે તેણે ટીવી જ તોડી દીધું. ટીવી તોડતા શખસનો વીડિયો વાયરલ થઈ ગયો છે. વીડિયોમાં કોઈ શખસને કાબુમાં રાખવા ખેંચીને ઘરમાંથી બહાર લઈ જઈ રહ્યા છે. એક મહિલા તૂટી ચૂકેલા ટીવીને ચેક કરી રહી છે. પહેલા પણ આવા મામલા સામે આવ્યા છે. ગયા વર્ષે ક્રિકેટ વર્લ્ડ કપમાં ભારતની હારથી નિરાશ અમુક ચાહકોએ દુકાનથી ટીવી ઉઠાવીને તોડી દીધાનો કિસ્સો ઝાંસીનો હતો. આનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. ઓસ્ટ્રેલિયાની ટીમે 6 વિકેટથી મેચ જીતીને વર્લ્ડ કપની ટ્રોફી છઠ્ઠી વખત પોતાના નામે કરી લીધી હતી.

# આજે 19મા NIDJAM-2024ના ખેલ મહાકુંભનું સમાપન

ગુજરાત | વંદન

Ahmedabad આ વખતે NIDJAMનું આયોજન ગુજરાતમાં થઈ રહ્યું છે. ગાંધીનગર ખાતે ગુજરાતના રમત મંત્રી હર્ષ સંઘવીના દ્વારા NIDJAM 2024નો મેસ્કોટ લોંચ કરવામાં આવ્યો હતો. સ્પોર્ટ્સ કાર્યક્રમ વિષે માહિતી આપતા હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, 16થી 18 ફેબ્રુઆરી દરમિયાન આ ટુર્નામેન્ટનું આયોજન થઈ રહ્યું છે. જેમાં કાશ્મીરથી લઈને કન્યાકુમારી સુધી દરેક રાજ્યના સહભાગીઓ ભાગ લઈ રહ્યાં છે. 5500 ખેલાડીઓ અને અન્ય ટેકનિકલ સ્ટાફ દરેક મળીને 7500 સ્પોર્ટ્સ સાથે સંકળાયેલ લોકો આપણા રાજ્યમાં આવ્યા છે. 18 મી એ તેનું સમાપન થશે.

અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી મેદાનમાં આયોજીત 19 મા NIDJAMમાં ભાગ લેવા 31 રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશના 616 જિલ્લામાંથી 5550 કરતા વધુ ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. કાર્યક્રમમાં 1105 કોચ પૈકી 835 પુરૂષ કોચ જ્યારે 270 મહિલા કોચ પણ ખેલાડીઓને સંપુર્ણ માર્ગદર્શ પુરૂ પાડશે. 19 મા NIDJAM 2024 નો શુભારંભ 15 મી ફેબ્રુઆરીએ સાંજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, રમતગમત મંત્રી હર્ષ સંઘવી, AFIના પ્રમુખ આદિલે જે.સુમરિવાલાના હસ્તે થયો હતો . AFI અમદાવાદમાં 16 થી 18 ફેબ્રુઆરી દરમિયાન ગુજરાત સરકાર અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના સંકલનમાં NIDJAM કરશે. ત્રણ દિવસીય ઈવેન્ટમાં 615 જિલ્લામાંથી 5,558 ખેલાડીઓએ ભાગ લીધો છે.

આ સ્પર્ધા U14 અને U16 છોકરાઓ અને છોકરીઓના જૂથોમાં યોજાશે. દરેક જિલ્લો 13 સભ્યોની ટીમને મેદાનમાં ઉતારવા માટે પાત્ર છે, જેમાં એક પુરુષ અને



એક મહિલા અધિકારીનો સમાવેશ થાય છે. તમામ જિલ્લાની ટીમો મુસાફરી ભથ્થું અને ફીમાં રહેવા માટે હકદાર છે. સ્પર્ધા શરૂ થાય તે પહેલાં, સ્પર્ધકોએ બાયોમેટ્રિક અને એજ વેરિફિકેશન સિસ્ટમ માટે જવું પડશે. પાત્ર રમતવીરોને બીબ નંબર આપવામાં આવશે. સ્પર્ધકોને દિવસમાં ત્રણ વખત ભોજન આપવામાં આવશે.ગુજરાત 2010 થી વાર્ષિક ખેલ મહાકુંભનું આયોજન કરે છે, જેમાં મોટી સંખ્યામાં લોકો આકર્ષિત થાય છે. 2022માં યોજાયેલી 36મી નેશનલ ગેમ્સ માટે પણ ગુજરાત સ્થળ હતું. NIDJAM 2024 માટે એક માસ્કોટ તૈયાર કરવામાં આવ્યો છે

નેશનલ ઈન્ટર ડિસ્ટ્રિક્ટ જુનિયર એથ્લેટિક્સ મીટ NIDJAMએ દર વર્ષે યોજાતી રમતગમતની ઈવેન્ટ છે. તેમાં અંડર-14 અને અંડર-16 વયના સ્પર્ધકો ભાગ લઈ શકશે. જેમાં દેશના 500 થી વધુ જિલ્લાઓમાંથી સ્પર્ધકો ભાગ લે છે. 20 વર્ષમાં કુલ 55 હજાર સ્પર્ધકોએ NIDJAMમાં ભાગ લીધો છે.NIDJAM એ ભારતને આવા ઘણા મોટા ખેલાડીઓ આપ્યા છે જેમણે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં મેડલ જીતીને ભારતને ગૌરવ અપાવ્યું છે. આમાં નીરજ ચોપરા (ગોલ્ડ મેડલિસ્ટ, ટોકિયો ઓલિમ્પિક્સ,, સુનીલ જોલિયા (ગોલ્ડ મેડલિસ્ટ, 37 નેશનલ ગેમ્સ, 2023, અને લક્ષિતા સેન્ડલિયા (ગોલ્ડ મેડલિસ્ટ, એશિયન એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ, વગેરે) જેવા ખેલાડીઓનો સમાવેશ થાય છે.

NIDJAM એ એથ્લેટિક્સ સ્પર્ધા છે જેમાં એથ્લેટિક્સમાં રમતગમતનો સમાવેશ થાય છે. NIDJAM ની સૌથી મહત્વની રમત રેસ છે. આ શ્રેણીમાં બે પ્રકારની રેસ છે, સામાન્ય રેસ અને હર્ડલ રેસ. જો આપણે જમ્પ કેટેગરીમાં જોઈએ, તો તેમાં લાંબી કૂદ અને ઊંચી કૂદનો સમાવેશ થાય છે. આ રમતો ઉપરાંત, શોટ પુટ થ્રો અને ભાલા ફેંકનો પણ NIDJAM માં સમાવેશ થાય છે.



# જ્યારે એક માતાએ પોતાના ઘરેણાં વેચીને દીકરાને ક્રિકેટની કીટ અપાવી

**■ રાજકોટમાં ડેબ્યુ કરી રહેલા ધ્રુવની છે સંવેદનાથી ભરેલી ગાથા**

ગુજરાત | વંદન

ઈગ્લેન્ડ વિરુદ્ધ રમાનારી 5 મેચની ટેસ્ટ સીરિઝની શરુઆત થઈ ચૂકી છે. ત્રીજી મેચ રાજકોટમાં રમાઈ રહી છે . રાજકોટમાં સરફરાજ ખાન અને ધ્રુવ જુરેલનું નામ સામેલ છે,ધ્રુવ જુરેલ 321મો ખેલાડી તરીકે ભારત માટે ટેસ્ટ ડેબ્યુ કર્યુ છે.

ધ્રુવનુ સફળતાની ગાથા માં કઈક એવું છે કે સાધારણ પરિવારમાંથી આવનાર ધ્રુવે મહેનત અને તેના ધ્યેયને સફળ કરી પોતાની નામ ક્રિકેટમાં કમાયુ છે.22 વર્ષના ધ્રુવનો જન્મ 21 જાન્યુઆરી 2001ના રોજ આગ્રા, યુપીમાં થયો હતો. તે 2020 અંડર-19 વર્લ્ડ કપ રમી રહેલી ટીમ ઈન્ડિયાનો વાઈસ કેપ્ટન રહી ચૂક્યો છે. રાજકોટમાં કેવું પ્રદર્શન કરે તે જોવાનું રહેશે.

ધ્રુવ જુરેલના પિતા નેમ સિંહ જુરેલ કારગિલ યુદ્ધમાં પોતાની તાકાત દેખાડી ચૂક્યા છે. ધ્રવ પોતાના પિતા નેમ સિંહની જેમ આર્મીમાં જવા માંગતો હતો. પરંતુ તેમણે ગલી ક્રિકેટ રમવાનું શરુ કર્યુ અને તે ક્રિકેટમાં કરિયર બનાવવાનું નક્કી કર્યુ

એક મીડિયા હાઉસને આપેલા ઈન્ટરવ્યુંમાં કહ્યુ કે, બેટ માટે એટલી જીદ કરી કે તેના પરિવારને જ બ્લેકમેલ કરી લીધો હતો. ધ્રુવ બાથરુમમાં બંધ થઈ અને પરિવારને ધમકી આપી કે, જો તેમને ક્રિકેટ કીટ નહિ મળે તો તે બહાર નહિ આવે. એક ઈન્ટરવ્યુંમાં ધ્રુવે કહ્યુ કે, પરિવારને બ્લેકમેલ કરવાનો અફસોસ થાય છે.

ધ્રુવનું ક્રિકેટ કરિયર સરળ રહ્યું નથી. બેટ ખરીદવા માટે તેના પિતાએ પૈસા ઉધાર લેવા પડ્યા હતા.ધ્રુવને માતાએ પણ દિકરાને ક્રિકેટ કીટ આપવા માટે સોનાની ચેન વેચી હતી. 22 વર્ષીય ધ્રુવએ ડિસેમ્બર મહિનામાં ભારત એ તરફથી સાઉથ આફ્રિકા એ વિરુદ્ધ 2 મેચ રમી હતી.


# સૌથી વૃદ્ધ ટેસ્ટ ક્રિકેટર ,પૂર્વ કેપ્ટનનું 95 વર્ષની ઉંમરે થયું અવસાન

**■ દત્તાજીરાવ ગાયકવાડે બરોડા ક્રિકેટ માટે અમૂલ્ય યોગદાન આપ્યું હતું**

ગુજરાત | વંદન

ભારતીય ક્રિકેટ જગતના અગ્રણી અને પૂર્વ ક્રિકેટર ડી. કે. ગાયકવાડનું આજે જૈફ વયે નિધન થયું છે. તા. 27 ઓક્ટોબર 1928ના રોજ જન્મેલા દત્તાજીરાવ ગાયકવાડે આજે વહેલી સવારે અંતિમ શ્વાસ લીધા હતા. ભારતના સૌથી વૃદ્ધ ટેસ્ટ ક્રિકેટર અને પૂર્વ કેપ્ટન દત્તાજીરાવ ગાયકવાડનું આજે વય-સંબંધિત બિમારીઓને કારણે અવસાન થયું છે. તેઓ ભારતના પૂર્વ ઓપનિંગ બેટર અને રાષ્ટ્રીય કોચ અંશુમાન ગાયકવાડના પિતા હતા. તેઓ 95 વર્ષના હતા. પરિવારના એક સૂત્રએ જણાવ્યું કે તેઓ છેલ્લા 12 દિવસથી બરોડાની એક હોસ્પિટલના આઈસીયુમાં દાખલ હતા. જીવન-મરણ વચ્ચે ઝઝૂમ્યા બાદ આજે સવારે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. કીર્તિ મંદિર ખાતે તેમની અંતિમ વિધિ કરવામાં આવી હતી. જ્યાં પરિવારના સંબંધીઓ, ક્રિકેટ જગતના અગ્રણીઓ અને મિત્ર વર્તુળ ઉપસ્થિત રહ્યા હતા.

દત્તાજીરાવ ગાયકવાડે બરોડા ક્રિકેટ માટે અમૂલ્ય યોગદાન આપ્યું છે. તેમની સુઝબુઝથી અનેક ક્રિકેટવીરો તૈયાર થયા છે. તેઓ રાઈટ હેન્ડેડ બેટિંગ અને રાઈટ આર્મ બોલિંગ માટે જાણીતા હતા. 95 વર્ષના ડી. કે. ગાયકવાડની અનેક યાદગાર ઈનિંગ આજે પણ





ક્રિકેટ પ્રેમીઓ યાદ કરતા હોય છે. વર્ષ 1998માં મોતીબાગ ગ્રાઉન્ડ ખાતે બરોડા અને સર્વિસ ટીમ વચ્ચે રમાયેલી મેચમાં પ્રથમ બેટિંગ કરતાં તેમણે 132 રન બનાવ્યા હતા.

દત્તાજીરાવ ગાયકવાડે વર્ષ 1952થી 1961દરમિયાન ભારત માટે 11 ટેસ્ટ મેચ રમ્યા હતા. તેઓ વર્ષ 1959માં ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન રાષ્ટ્રીય ટીમના કેપ્ટન પણ હતા. તેઓએ વર્ષ 1952માં લીડ્સમાં ઈંગ્લેન્ડ સામે ડેબ્યુ કર્યો હતો. તેઓએ છેલ્લી આંતરરાષ્ટ્રીય મેચ પાકિસ્તાન સામે વર્ષ 1961માં ચેન્નઈમાં રમી હતી.

દત્તાજીરાવ ગાયકવાડે રણજી ટ્રોફીમાં વર્ષ 1947થી 1961 સુધી બરોડાનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તેમણે 47.56ની એવરેજથી 3139 રન બનાવ્યા હતા. જેમાં 14 સદી પણ સામેલ છે. તેમનો સર્વોચ્ચ સ્કોર 1959-60ની સિઝનમાં મહારાષ્ટ્ર સામે અણનમ 249 રનનો છે. તે વર્ષ 2016માં ભારતના સૌથી વૃદ્ધ ટેસ્ટ ક્રિકેટર બન્યા હતા. તેમના પહેલા દીપક શોધન ભારતના સૌથી વૃદ્ધ ટેસ્ટ ક્રિકેટર હતા. દીપક શોધનનું 87 વર્ષની વયે અમદાવાદમાં અવસાન થયું હતું.

દત્તાજીરાવ ગાયકવાડ વર્ષ 1948માં પૂર્વ ભારતીય ક્રિકેટ કેપ્ટન સીકે નાયડુના ભાઈ ટેસ્ટ ક્રિકેટર સીએસ નાયડુના વિદ્યાર્થી હતા. તેમને બરોડાના મહારાજાએ યુવા ખેલાડીઓને તાલીમ આપવા માટે નિયુક્ત કર્યા હતા. દત્તાજીરાવ ગાયકવાડ તે સમયે 12 વર્ષના હતા અને બરોડામાં સીકે નાયડુ દ્વારા શરૂ કરવામાં આવેલી પ્રથમ અંડર-14 અને અંડર-16 ક્રિકેટ ટુર્નામેન્ટનો ભાગ હતા. સીએસ નાયડુ પાસેથી લેગ સ્પિન અને ગુગલી બોલિંગની રણનીતિ શીખનાર દત્તાજીરાવ ગાયકવાડે વર્ષ 1948માં બોમ્બે યુનિવર્સિટી તરફથી રણજી ટ્રોફીમાં ડેબ્યુ કર્યો હતો.

દત્તાજીરાવ ગાયકવાડના નિધન પર શોક વ્યક્ત કરતા ભારતીય ટીમના પૂર્વ દિગ્ગજ ફાસ્ટ બોલર ઈરફાન પઠાણે એક પોસ્ટ શેર કરી લખ્યું, "ગાયકવાડ સરએ અથાકપણે બરોડા ક્રિકેટ માટે યુવા પ્રતિભા શોધી કાઢી અને અમારી ટીમના ભવિષ્યને આકાર આપ્યો. તેમને ખૂબ જ યાદ કરવામાં આવશે. ક્રિકેટ સમુદાય માટે મોટી ખોટ."

# ચીને 623 કિલોમીટરની ઝડપે શાંઘાઈ મેગ્લેવ ટ્રેન દોડાવી નવો વિક્રમ સર્જ્યો

■ ચીને કરેલા આ દાવાનો અર્થ એ છે કે ભવિષ્યમાં ચીન પાસે એવી ટ્રેન હશે, જે વિમાનની ઝડપે દોડશે

ગુજરાત | વંદન



ભારતમાં મુંબઈથી અમદાવાદ વચ્ચેની બુલેટ ટ્રેન દોડાવવા માટે કેન્દ્ર સરકાર કમર કસી રહી છે ત્યારે ચીનની સુપર હાઈ સ્પીડ ટ્રેને તેના જૂના વિક્રમને તોડી નાખ્યો છે. દુનિયામાં સૌથી વધુ ઝડપથી દોડતી શાંઘાઈ મેગ્લેવ ટ્રેનને તાજેતરમાં એક નવો જ રેકોર્ડ બનાવ્યો હતો. મેંગ્લેવ ટ્રેનની સ્પીડ અને શક્તિને કારણે લગભગ 10 મિલિમીટર ઉપર હવામાં દોડે છે, જે અત્યાર સુધીની તમામ હાઈ સ્પીડ ટ્રેન પૈકીની એક છે.

ગયા વર્ષના ઑક્ટોબર મહિનામાં પ્રત્યેક કલાકે 623 કિલોમીટરની ઝડપે ચીનની શાંઘાઈ મેગ્લેવ ટ્રેન દોડાવીને નવો વિક્રમ બનાવ્યો હતો. હવે આ ટ્રેને પોતાના 623 કિલોમીટર પ્રતિ કલાકની સ્પીડનો પણ રેકોર્ડ તોડી નાખ્યો હોવાનો દાવો કરવામાં આવ્યો છે, પણ નવા રેકોર્ડના આંકડા બાબતે કોઈ પણ માહિતી ચીન તરફથી જાહેર કરવામાં આવી હતી. ચીનના એરોસ્પેસ સાયન્સ એન્ડ ઈન્ડસ્ટ્રી કોર્પોરેશન (સીએએસઆઈસી) દ્વારા મેગ્લેવ ટ્રેને માત્ર 2 કિલોમીટરની લાંબા લો-વેક્યૂમ ટ્યુબમાં ટેસ્ટ વખતે પ્રતિ કલાકના 623 કિ.મી. એટલે કલાકના 387 માઈલનો જૂનો રેકોર્ડ પણ તોડ્યો હોવાનો દાવો કરવામાં આવ્યો હતો.સીએએસઆઈસી દ્વારા મેગ્લેવ એક નવી ટેસ્ટિંગ કરવામાં આવી હતી. આ ટેસ્ટમાં પહેલી વખત અલ્ટ્રા-ફાસ્ટ હાઈપરલુપ ટ્રેને ઓછા-વેક્યૂમ ટ્યુબમાં દોડીને સ્ટેબલ લેવિટેશનની સિદ્ધિ હાંસલ કરી હતી. ચીને કરેલા આ દાવાનો અર્થ છે ભવિષ્યમાં ચીન પાસે એવી ટ્રેન હશે, જે એક એરોપ્લેનની ઝડપથી દોડશે.

સીએએસઆઈસીની ટેસ્ટિંગ બાબતે એક અહેવાલ મુજબ વ્હિકલ ટ્યુબ અને ટ્રેક એક સાથે કામ કરે છે, જેથી મેગ્લેવ ટ્રેન ટ્રેક પર ફ્લૉટ કરે છે. આ ટ્રેનની સ્પીડે એક નેવો રેકોર્ડ નોંધતા કંપની ટ્રેનના સ્ટ્રોંગ મૂવમેન્ટ સિસ્ટમ અને સિક્યોરિટી કંટ્રોલ પણ કામ કરી રહી છે.ભવિષ્યમાં હાઈ સ્પીડ ટેસ્ટ અને ચીનના બધા ટ્રાન્સપોર્ટ નેટવર્કને નિર્માણ કરવા માટે એક મજબૂત ટેકનોલોજી બનાવવાનો લક્ષ્યાંક રાખ્યો છે. ચીનની અનેક કમર્શિયલ એરોસ્પેસ નેક્સ્ટ જેન ઈલેક્ટ્રોમેગ્નેટિક લોન્ચ સિસ્ટમ વિકસાવવા માટે પણ પ્રયત્નો કરી રહી છે.

મેગ્લેવ ટ્રેન મેગ્લેવ ટેકનોલોજી પર ચાલે છે. આ ટેકનોલોજી ટ્રેન ટ્રેક પરથી હવામાં ફ્લોટ કરવા માટે મેગ્નેટિક ફોર્સનો ઉપયોગ ઉપયોગ કરવામાં આવે છે. આ ટ્રેનને સ્પીડ આપવા માટે એક વિશેષ રીતે તૈયાર કરવામાં આવેલા લો-વેક્યૂમ ટ્યુબથી પસાર કરવું પડે છે.આ મુદ્દે અધિકારીએ કહ્યું હતું કે હાઈ સ્પીડ ફ્લાયર પ્રોજેક્ટ એરોસ્પેસ અને રેલ ટ્રાન્સપોર્ટ ટેક્નોલોજીને એક કરે છે, જ્યારે ડિઝાઈન સ્પીડ કલાકના 1,000 કિલોમીટરની રાખી છે, જ્યારે કમર્શિયલ સ્પીડ પણ વધુ છે. કોઈ પણ કમર્શિયલ એરક્રાફ્ટની સ્પીડ કલાકના 860 કિલોમીટર સુધી હોય છે. જોકે, જેમ જેમ વિજ્ઞાન અને ટેકનોલોજીના નવા નવા સંશોધનો તઈ રહ્યા છે ત્યારે ચીનના અમુક પ્રોજેક્ટ આસમાનને સ્પર્શી રહ્યા છે, પરંતુ પડકારો પણ વધારે છે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

# સુપર પાવર દેશના રાષ્ટ્રપતિની યાદશક્તિ નબળી, મેમરી ટેસ્ટ લેવાશે

■ ગોલ્ડ સ્ટાન્ડર્ડ ડિમેન્શિયા ટેસ્ટ આપવો પડશે

ગુજરાત | વંદન



અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઇડનની યાદશક્તિને લઈને વિવાદ વકરી રહ્યો છે. ખુદ બાઇડને યાદશક્તિના આરોપોને ફગાવવા માટે પત્રકાર પરિષદ યોજી હતી. આ દરમિયાન ગાઝાના પ્રશ્નને લઈને હમાસનું નામ ભૂલી ગયા હતા. ત્યાર પછી ઈજીપ્તના નેતા અબ્દેલ ફતહ અલ-સિસીને મેક્સિકોના રાષ્ટ્રપતિ ગણાવ્યા હતા.

બે દિવસ પહેલાં સામે આવેલા એક ક્લાસિફાઇડ ડોક્યુમેન્ટમાં બાઇડનને 'સારા ઈરાદા અને કમજોર યાદશક્તિવાળા વૃદ્ધ' ગણાવવામાં આવ્યા છે. ત્યાર પછી હવે અમેરિકામાં બાઇડનના યાદશક્તિ ટેસ્ટની માંગ જોર પકડી રહી છે. પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પછી કેટલાક નિષ્ણાંતોએ વ્હાઈટ હાઉસ સમક્ષ આ ટેસ્ટ કરાવવાની માંગ કરી છે.નિષ્ણાતોએ દાવો કર્યો કે, આ ટેસ્ટ પાસ કર્યા પછી જ બાઇડન આ મહત્વના પદ(રાષ્ટ્રપતિ) પર ટકી રહેવા માટે ખુદને માનસિક રીતે સ્વસ્થ સાબિત કરી શકશે.


આ પહેલા, ટ્રમ્પ 2018માં આ ગોલ્ડ સ્ટાન્ડર્ડ ડિમેન્શિયા ટેસ્ટ આપી ચૂક્યા છે. 1996માં પહેલીવાર કેનેડામાં શરુ થયેલા મોન્ટ્રિયલ કોગ્નિટિવ એસસમેન્ટ(એમઓસીએ) આખા વિશ્વમાં ડિમેન્શિયાની ઓળખ માટે સૌથી ભરોસાપાત્ર ટેસ્ટ તરીકે ઊભરી આવ્યો છે. યાદશક્તિના દસ મિનિટના આ ટેસ્ટમાં ઊંટ, સિંહ અને ગેંડા જેવા પ્રાણીઓની ઓળખ કરવાનું કહેવામાં આવે છે.

આ ઉપરાંત, ઘડિયાળ દોરવી, 1થી 5 સુધી એકડા અને એ થી ઈ સુધીની એબીસીડીના અક્ષર વાંચવાનું કહેવામાં આવે છે. આ રીતે કેટલાંય પ્રકારની ચકાસણી કરવામાં આવે છે. એમાં 26થી ઉપરનો સ્કોર સામાન્ય માનવામાં આવે છે. ટ્રમ્પને આ ટેસ્ટમાં પૂરા 30નો સ્કોર મળ્યો હતો.

# માલદીવમાંથી 43 ભારતીયો સહિત 186 વિદેશીઓને દેશનિકાલ કરાયા

■ તેમના પર વિઝા ઉલ્લંઘન અને ડ્રગ સંબંધિત ગુનાનો આરોપ લગાવ્યો

ગુજરાત | વંદન




માલદીવે 43 ભારતીયો સહિત 186 વિદેશીઓને દેશનિકાલ કર્યા છે, તેમના પર વિઝા ઉલ્લંઘન અને ડ્રગ સંબંધિત ગુનાનો આરોપ લગાવ્યો છે. આ જાણકારી માલેની ઓનલાઈન ન્યૂઝ ઓર્ગેનાઈઝેશન 'અધાધુ'ના એક સમાચારમાં આપવામાં આવી છે. સમાચાર અનુસાર, દેશનિકાલ કરાયેલા લોકોમાં સૌથી વધુ બાંગ્લાદેશના નાગરિકો છે. ઓછામાં ઓછા 83 બાંગ્લાદેશીઓને દેશનિકાલ કરવામાં આવ્યા છે, ત્યારબાદ 43 ભારતીયો, 25 શ્રીલંકાના અને આઠ નેપાળી નાગરિકો છે.ગૃહ પ્રધાન અલી ઈહુસને એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે મંત્રાલય ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે પગલાં લેવા માટે નાણા મંત્રાલય સાથે મળીને કામ કરી રહ્યું છે. તેમણે કહ્યું કે ગૃહ મંત્રાલય આવી ગતિવિધિઓ પર અંકુશ લગાવવા અને આચરનાર વિદેશીઓને દેશનિકાલ કરવા માટે કામ કરી રહ્યું છે.

ઈમિગ્રેશન કંટ્રોલર શમન વાહીદે જણાવ્યું હતું કે ગુના કરનારા 186 વિદેશીઓને માલદીવમાંથી દેશનિકાલ કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા વિદેશી કામદારોને શોધવાની કામગીરીના ભાગરૂપે, ઈમિગ્રેશન વિભાગે કેટલાક લોકોની અટકાયત કરી અને જેમની પાસે માન્ય દસ્તાવેજો અને પાસપોર્ટ હતા તેમને દેશનિકાલ કરવામાં આવ્યા છે.

# વિદેશી શ્રમિકોને આકર્ષવા જાપાને નવો 'ટ્રેઈની પ્રોગ્રામ' પ્રારંભ કર્યો

■ વિદેશી શ્રમિકોને નવી સ્કિલ્સ શીખવશે અને ટ્રેઈનીના અધિકારોનું રક્ષણ કરશે

ગુજરાત | વંદન



જાપાનની સરકારે શુક્રવારે વર્તમાન વિદેશી ટ્રેઈની પ્રોગ્રામને રદ કરવાની જાહેરાત કરી હતી. તેના સ્થાને નવી સિસ્ટમ લાગુ કરવામાં આવશે, જે વિદેશી શ્રમિકોને નવી સ્કિલ્સ શીખવશે અને ટ્રેઈનીના અધિકારોનું રક્ષણ કરશે. સતત વૃદ્ધ થતી વસતિ અને ઘટી રહેલા કામદારોને પગલે જાપાને વધુ વિદેશી શ્રમિકો આકર્ષવા નવી યોજના જાહેર કરી છે.

કેબિનેટની બેઠકમાં નવા ટ્રેની પ્રોગ્રામને શુક્રવારે મંજૂરી આપવામાં આવી હતી. નવી યોજનાને પગલે જાપાનમાં ત્રણ વર્ષના ટ્રેની વિઝા પર આવેલી વ્યક્તિને 'સ્કિલ્ડ વર્કર'ની કેટેગરીમાં અપગ્રેડ કરી શકાશે. આવી વ્યક્તિ પાંચ વર્ષ સુધી જાપાનમાં રહી શકશે અને કદાચ કાયમી રેસિડેન્સી પણ મેળવી શકશે. જાપાનની વસતી ૧૨.૬ કરોડ છે અને તેની સરેરાશ વયમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. તેને લીધે દેશમાં શ્રમિકોની અછત વધી છે.

સર્વિસિસ, મેન્યુફેક્ચરિંગ, કન્સ્ટ્રક્શન સહિતના ક્ષેત્રોમાં સ્ટાફની તંગી છે. જાપાન વિદેશી ટ્રેની અને વિદ્યાર્થીઓ પર મોટા પાયે નિર્ભર છે. જાપાનનો વર્તમાન 'ટેક્નિકલ ઈન્ટર્ન ટ્રેનિંગ પ્રોગ્રામ' ૧૯૯૩માં લાગુ કરાયો હતો. જોકે, શ્રમિકોના શોષણ સહિતના મુદ્દે તેની ભારે ટીકા થઈ હતી. જૂન ૨૦૨૩ સુધીમાં લગભગ ૩,૬૦,૦૦૦ ટ્રેનીએ પ્રોગ્રામમાં ભાગ લીધો હતો. જેમાં મોટા ભાગના વિયેટનામ, ઈન્ડોનેશિયા અને ફિલિપિન્સના હતા. ગયા વર્ષે સરકારની સમિતિએ કરેલી ભલામણને આધારે વર્તમાન ટ્રેની પ્રોગ્રામ બંધ કરવામાં આવશે. જાપાનના વડાપ્રધાન ફુમિયો કિશીદાએ નવી પોલિસીને મંજૂરી આપતી વખતે કેબિનેટની બેઠકમાં જણાવ્યું હતું કે, "સરકાર સર્વસમાવેશી સમાજના નિર્માણ માટે સક્રિય છે.

# ચિત્ર-વિચિત્ર: એલિયન પૃથ્વીની મુલાકાત લેશે, હજારો લોકોન પોતાના ગ્રહ પર લઈ જશે !!!



■ ઈનો અલારિક નામના વ્યક્તિની ભવિષ્યવાણી

ગુજરાત | વંદન

દુનિયામાં ઘણા સમયથી ટાઈમ ટ્રાવેલ અંગે ચર્ચાઓ છેડાયેલી છે. સૌથી મોટો સવાલ એ છે કે શું ખરેખર કોઈ સમય યાત્રા કરી શકે ખરું? શું આવનારા સમયમાં ટાઈમ ટ્રાવેલ માટે કોઈ ટાઈમ મશીન બનાવવામાં આવી શકે? વર્ષોથી વૈજ્ઞાનિકોને ટાઈમ ટ્રાવેલની ધારણા માત્ર રોમાંચિત કરી રહી છે. દુનિયામાં અનેક લોકો એવા છે જે ટાઈમ ટ્રાવેલ કર્યાના દાવા કરે છે. હવે આ બધા વચ્ચે એક વ્યક્તિએ પોતાની જાતને ટ્રાઈમ ટ્રાવેલર ગણાવી છે અને એવા એવા દાવા કર્યા છે કે જે કલ્પી ન શકાય .

પોતાની જાતને ટાઈમ ટ્રાવેલર તરીકે ઓળખાવતા આ વ્યક્તિનું નામ છે ઈનો અલારિક. ટિકટોક પર @radianttimetraveller નામના આઈડીથી દાવો કર્યો છે કે તે વર્ષ 2671થી ટાઈમ ટ્રાવેલ કરીને પાછો આવ્યો છે. આ સાથે જ તેણે એવા એવા ડરામણા દાવા કર્યા છે. આ અગાઉ તેણે ટ્વિન પ્લેનેટના પૃથ્વી સાથે ટકરાવવાની, એલિયન્સ અને ત્રીજા વિશ્વયુદ્ધની પણ ચેતવણી આપી હતી. આ વખતે તેણે આખા વર્ષ દરમિયાન થઈ શકનારી ભયાનક ઘટનાઓ વિશે દાવા કર્યા છે.

ટિકટોક પર તે પોતાનો ચહેરો બતાવતો નથી અને જાત જાતની ભવિષ્યવાણીઓ કરે છે. આ વખતે તો દાવો કર્યો કે તે 2671માં વર્ષમાં ફરીને આવ્યો. તેણે કરેલી ચોંકાવનારી ભવિષ્યવાણીઓ આ મુજબ છે...

17 ફેબ્રુઆરી-તેના દાવા મુજબ હ્યુસ્ટન, ટેક્સાસમાં પહેલું એફ6 વાવાઝોડું આવશે. જે લગભગ આખા શહેરને તબાહ કરી નાખશે. તેનાથી માનવ જાતિના ઈતિહાસમાં તે સૌથી ભયાનક વાવાઝોડું બનશે. 28 માર્ચ-એક એવી પ્રાચીન કલાકૃતિ મળશે જેને સ્પર્શ કરવાથી તે બીજા બ્રહ્માંડમાં મોકલી દેશે. જેને પેન્ડોરો બોક્સ કહે છે. તેનું કહેવું છે કે બ્રહ્માંડ ખુબ સમાન કે સંપૂર્ણ રીતે અલગ હોઈ શકે છે. 2 એપ્રિલ-વધુ એક દાવો કરતા કહ્યું કે સાન એન્ડ્રિયાસ ફોલ્ટ પર 9.8ની તીવ્રતાનો ભૂકંપ આવશે.

આ ભૂકંપને બિગ ઝોન કહેવાય છે, ત્યારબાદ કેલિફોર્નિયાના સમુદ્ર કાંઠે 750 ફૂટ ઊંચા મોજા ઉછળી સુનામી આવશે અને સાન ફ્રાન્સિસ્કો સહિત અનેક મોટા શહેરો તબાહ થઈ જશે. 15મી મે-એક ભવિષ્યવાણી ધ ચેમ્પિયન નામના એલિયન વિશે પણ કરી. જે ધરતી પર આવશે અને તે 10000 લોકોને બીજા ગ્રહ પર લઈ જશે. તેનું કહેવું છે કે તે પહેલા પણ આ રીતે એકવાર આવી ચૂક્યો છે અને માણસોને બચાવવાની કોશિશ કરવા માટે તે આવ્યો હતો. ઈનોની આ કથિત ભવિષ્યવાણીઓ સોશયિલ મીડિયા પર હાલ વાયરલ છે.

# AI deepfake અવતાર સાથે મુલાકાત... જ્યારે સાંસદ શશિ થરૂરનો ઇન્ટરવ્યૂ કર્યો એઆઇ અવતારી શશિ થરૂરે!

■ શશિ થરૂરનો AI અવતારી સંપૂર્ણ રીતે થરૂરની જેમ અભિવ્યક્તિ અને ભાષાની નકલ કરતો હતો

ગુજરાત | વંદન



અત્યાર સુધી આપણે કલાકારો અને રાજકારણીઓના ડીપ ફેક વીડિયો અને ફોટા વિશે સાંભળતા હતા. પરંતુ હવે સેલિબ્રિટીઝના AI વર્ઝન પોતે જ તેમનો ઈન્ટરવ્યુ લઈ રહ્યા છે. આવી જ ઘટના તિરુવનંતપુરમમાં માતૃભૂમિ ઈન્ટરનેશનલ લિટરરી ફેસ્ટિવલ દરમિયાન જોવા મળી હતી.

કોંગ્રેસ સાંસદ શશિ થરૂર, જેઓ તેમની બુદ્ધિ અને અંગ્રેજી ભાષા પર અદભૂત પ્રભાવ માટે પ્રખ્યાત છે, તેમનો એઆઈ અવતાર પોતે જ ઈન્ટરવ્યુ લઈ રહ્યા હતા. આ જોઈને તમે સરળતાથી સમજી શકશો કે વાસ્તવિકતા અને ટેકનોલોજી વચ્ચેનું અંતર કેટલું ઘટી રહ્યું છે. શશિ થરૂરનો AI અવતાર સંપૂર્ણ રીતે વાસ્તવિક થરૂરના અભિવ્યક્તિઓ અને ભાષાની નકલ કરતો હતો. પહેલી નજરે ભાગ્યે જ કોઈને બંને શશિ થરૂર વચ્ચે કોઈ ફરક જણાયો હશે. બંને વચ્ચે માતૃભૂમિ ઈન્ટરનેશનલ લિટરરી ફેસ્ટિવલ અને ડીપફેક્સ સહિત અનેક મુદ્દાઓ પર વાતચીત થઈ હતી. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની આ ક્ષમતાનું મૂલ્યાંકન જોખમ અને તક તરીકે કરવામાં આવ્યું હતું.

કોંગ્રેસ સાંસદે X (અગાઉ ટ્વિટર) પર પણ આ ઈન્ટરવ્યુ શેર કર્યો છે. થરૂરે લખ્યું કે તેણે પોતાના AI જનરેટેડ અવતાર સાથે વાત કરી. ડાબી બાજુનું સંસ્કરણ ખરેખર ડીપફેક હતું.

# કેન્દ્ર સરકાર કર્મચારીના મોંઘવારી ભથ્થામાં વધારો કરે તેવી હિલચાલ

■ હાલમાં કર્મચારીઓ-પેન્શનધારકોને મૂળભૂત પગારના 46% ડીએ મળે છે

ગુજરાત | વંદન



કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં તેના કર્મચારીઓના ડીએમાં વધારો કરી શકે છે. કર્મચારીઓના ડીએમાં 4 ટકાના વધારાનો લાભ મળી શકે છે. કેન્દ્ર સરકાર જાન્યુઆરી અને જુલાઈમાં વર્ષમાં બે વાર ડીએ એટલેકે મોંઘવારી ભથ્થું વધારશે.

DA ની ગણતરી કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સના આધારે કરવામાં આવે છે. માર્ચમાં વધેલા ડીએની જાહેરાત થઈ શકે છે. શ્રમ મંત્રાલયનું શ્રમ બ્યુરો દર મહિને ઔદ્યોગિક કામદારો માટે ગ્રાહક ભાવ સૂચકાંક (CPI-IW) ડેટા બહાર પાડે છે. આ આધારે તે કર્મચારીઓ અને પેન્શનરો માટે ડીએમાં વધારો કરવામાં આવે છે જેઓ 7મા પગાર પંચના આધારે પગાર અને પેન્શન મેળવે છે. હાલમાં કેન્દ્ર સરકાર તેના કર્મચારીઓ અને પેન્શનધારકોને મૂળભૂત પગારના 46 ટકા ડીએ આપી રહી છે. CPI IW ડેટા અનુસાર DA વધીને 50.26 ટકા થઈ શકે છે. જો કે, કેન્દ્ર સરકાર મૂળ પગારના 4 ટકાથી 50 ટકા સુધી સીધો વધારો કરી શકે છે.

કેન્દ્રે 18 ઓક્ટોબર, 2023ના રોજ ડીએમાં વધારાની જાહેરાત કરી હતી. તેને 1 જુલાઈ 2023થી અમલી માનવામાં આવે છે. સરકાર હવે જે 4 ટકાનો વધારો જાહેર કરવા જઈ રહી છે તેને 1 જાન્યુઆરી, 2024થી લાગુ ગણવામાં આવશે. મોડી જાહેરાતને કારણે અગાઉના મહિનાના ડીએ બાકીના સ્વરૂપમાં પ્રાપ્ત થાય છે. મોંઘવારીની અસરને દૂર કરવા માટે DA વધારવામાં આવે છે. જેના કારણે કર્મચારીનો પગાર સમયાંતરે વધતો રહે છે અને તે મોંઘવારી સામે લડી શકે છે.

# 100 ટકા હાજરી : આ બે સાંસદો બન્યા અભિનંદનના અધિકારી

■ 17મી લોકસભામાં મોહન માંડવી અને ભગીરથ ચૌધરીએ આપી પૂરેપૂરી હાજરી

ગુજરાત | વંદન



ભાજપના સાંસદે મોહન માંડવી અને ભગીરથ ચૌધરીએ 17મી લોકસભાની એક પણ બેઠક ચૂકી ન જવાની અનોખી સિદ્ધિ મેળવી હતી. 17મી લોકસભા દરમિયાન કુલ 274 બેઠકો યોજાઈ હતી. યોગાનુયોગ પ્રથમ વખતના બંને સાંસદોને ગૃહમાં એકબીજાને અડીને બેઠકો મળી હતી. બીજી તરફ અભિનેતામાંથી રાજકારણી બનેલા સની દેઓલ (BJP) અને શત્રુઘ્ન સિંહા (TMC)એ લોકસભામાં એકપણ ડિબેટમાં ભાગ લીધો હતો.

માંડવીએ જણાવ્યું હતું કે "હું મને સોંપાયેલ કામ અત્યંત જવાબદારી સાથે કરું છું. હું છત્તીસગઢના આદિવાસી પ્રદેશ કાંકેરનું પ્રતિનિધિત્વ કરું છું અને કોવિડ-19 મહામારી દરમિયાન પણ ગૃહમાં હાજરી આપી હતી." PRS લેજિસ્લેટિવના ડેટા અનુસાર ભગીરથ ચૌધરી રાજસ્થાનના અજમેરના સાંસદ છે. માંડવીએ 17મી લોકસભા દરમિયાન 100 ટકા હાજરી પુરાવી હતી. 17મી લોકસભાના સમગ્ર કાર્યકાળ દરમિયાન સાંસદોની હાજરી સરેરાશ 79 ટકા રહી હતી. ઉત્તરપ્રદેશના હમીરપુરથી ભાજપના સાંસદ પુષ્પેન્દ્ર સિંહ ચંદેલ સંસદમાં સૌથી વધુ સક્રિય સભ્ય રહ્યાં હતા. તેમણે 17મી લોકસભામાં 1,194 ડિબેટમાં ભાગ લીધો હતો. આંદામાન અને નિકોબાર ટાપુઓમાંથી કુલદીપ રાય શર્માએ 833 ડિબેટમાં ભાગ લીધો હતો. BSP સભ્ય મલૂક નગર (બિજનૌર)એ 582 ડિબેટમાં ભાગ લીધો હતો.

## ટાઈટેનિક બાદ હવે આર્લિંગ્ટન નામના જહાજ પરથી પણ કોઈ ફિલ્મ બની શકે..

# 84 વર્ષ પછી મળેલા જહાજના ભંગારની કહાની રહસ્યોથી ભરેલી છે!

ગુજરાત | વંદન

દરિયાના પેટાળમાં હજારો જહાજો ડૂબીને ધરબાયેલા પડ્યા છે. જો કે તેમાં જ્યારે ટાઈટેનિકનો ભંગાર મળી આવ્યો ત્યારે સૌ કોઈને નવાઈ અને રોમાંચ થયો હતો. કેમ કે અર્વાચીન સમયમાં તે એક મોટી ઘટના હતી કે એક એવા જહાજનો ભંગાર મળી આવ્યો કે જે તેની પહેલી જ સફરમાં ડૂબી ગયું હતું અને આ જહાજ બનાવનારી કંપનીએ તે વખતે એવો દાવો કર્યો હતો કે ટાઈટેનિક ક્યારે નહીં ડૂબે. અને જ્યારે ડૂબી ગયું ત્યારે વિશ્વભરમાં તેની નોંધ લેવાઈ હતી. એટલુ જ નહીં તેના પરથી ટાઈટેનિકના નામથી હોલીવુડમાં ફિલ્મ પણ બની અને અબજો ડોલરની કમાણી કરી હતી. હવે વધુ એક જહાજનો કાટમાળ મળી આવતા સંભવ છે કે તેના પરથી પણ રહસ્યમય ફિલ્મ બની શકે કેમ કે આ જહાજ 84 વર્ષ પહેલાં રહસ્યમય રીતે ડૂબ્યું હતું. 1940માં, કેનેડિયન જહાજ લેક સુપિરિયર નામના સરોવરમાં ડૂબી ગયું હતું. હવે 84 વર્ષ બાદ એક રહસ્યમય કહાની સાથેના આ જહાજનો કાટમાળ મળી આવ્યો છે. સુપિરિયર લેક અંદાજે 32,000 ચોરસ મીટરમાં ફેલાયેલું છે અને અનુમાન છે કે આ તળાવમાં મોટી માત્રામાં કાટમાળ છે. જે ડૂબેલા જહાજોનો હોઈ શકે.

સમુદ્ર અને તળાવોમાં કેટલીક એવી જગ્યાઓ છે જે ખૂબ જ રહસ્યમય છે. જ્યાં જહાજો વારંવાર અકસ્માતનો ભોગ બને છે. જ્યારે આવા સ્થળો વિશે વિચારો છો, ત્યારે આપણને



જહાજની સાથે જ ડૂબી ગયેલા કેપ્ટનનું વિચિત્ર વર્તન હજુ પણ રહસ્ય જ છે....

કદાચ પ્રથમ નામ કેરેબિયન સમુદ્રમાં બર્મુડા ત્રિકોણનો વિચાર આવે. આ સિવાય પણ એવી ઘણી જગ્યાઓ છે જ્યાં ઘણા જહાજો રહસ્યમય રીતે ગુમ થયા હતા. અને પછી વર્ષો પછી વહાણનો કાટમાળ પણ મળી આવ્યો. 84 વર્ષ પહેલા ડૂબી ગયેલા જહાજનો કાટમાળ આવા જ એક રહસ્યમય ખૂણામાંથી બહાર આવ્યો છે. અત્યાર સુધી તેનું ડૂબવું વિશ્વના સૌથી મોટા રહસ્યોમાંનું એક હતું. આ અકસ્માત ઉત્તર અમેરિકામાં સ્થિત લેક સુપિરિયરમાં થયો હતો. વર્ષ હતું 1940 અને તારીખ હતી 1લી મે. S.S. નામનું કેનેડિયન જહાજ. આર્લિંગ્ટન, તે લેક સુપિરિયરની મધ્યમાં તોફાની હવામાનમાં ફસાઈ ગયો હતો અને ડૂબી ગયો હતો. હવે લેક સુપિરિયર વિશે થોડું જાણીએ. લેક સુપિરિયર એ વિસ્તારની દૃષ્ટિએ વિશ્વનું સૌથી મોટું તાજા પાણીનું તળાવ છે અને વોલ્યુમની દૃષ્ટિએ ત્રીજું સૌથી મોટું તળાવ છે. સમજો કે વિશ્વના તાજા પાણીનો 10% જથ્થો તેમાં હાજર છે.

સરોવર સદીઓથી મુખ્ય વ્યાપારી શિપિંગ કોરિડોર તરીકે સેવા આપે છે. અંદાજે 32,000 ચોરસ મીટરમાં ફેલાયેલા આ તળાવમાં સેંકડો ભંગાર હોવાનો અંદાજ છે. હવે 84 વર્ષ બાદ આ જહાજનો અમુક ભંગાર મળી આવ્યો છે. આ કાટમાળ શોધવો એ સામાન્ય બાબત નથી. આનાથી પરિવારને એવા પ્રશ્નોના કેટલાક જવાબો મળશે જેની તેઓ વર્ષોથી રાહ જોઈ રહ્યા હતા.

**વહાણમાં બની આ રહસ્યમય ઘટના!** | વાસ્તવમાં જ્યારે આ જહાજ 1940માં ડૂબી ગયું ત્યારે તેની સાથે એક રહસ્યમય ઘટના બની હતી. તેમનો જીવ જોખમમાં છે તે જોઈને જહાજના ક્રૂ લાઈફ બોટમાં ચડ્યા. તેની સાથે જહાજમાં તેનો કેપ્ટન પણ હાજર હતો. નામ હતું ફ્રેડરિક બર્ક, જે ટેટી બગ તરીકે ઓળખાતા હતા. ફ્રેડરિક બર્ક લાઈફ બોટમાં સવાર થયા પછી ક્રૂએ મદદનો હાથ લંબાવ્યો. પરંતુ તે જ ક્ષણે તેણે એક વિચિત્ર દૃશ્ય જોયું. ફ્રેડરિક બર્ક હાથ હલાવતો હતો. પણ તે શું કહી રહ્યો હતો તે હજુ એક રહસ્ય જ બની ગયું હતું. કેમ કે તેની થોડી જ ક્ષણોમાં કેપ્ટન અને જહાજ પાણીની નીચે બેસી ગયા હતા....કેપ્ટને લાઈફબોટમાં બેસવાને બદલે ડબૂવાનું કેમ પસંદ કર્યું..?

કેપ્ટનનું વિચિત્ર વર્તન હજુ પણ રહસ્ય જ છે. ગ્રેટ લેક્સ શિપવ્રેક હિસ્ટોરિકલ સોસાયટીના સંશોધકોના જણાવ્યાં અનુસાર, તે દિવસે જહાજનું શું થયું તે ક્યારેય જાહેર નહીં થાય તેવી શક્યતા છે. હિસ્ટોરિકલ સોસાયટીના સંશોધક ડેન ફાઉન્ટેને કહ્યું કે પ્રશ્ન એ છે કે અકસ્માત સમયે તે શું કહી રહ્યો હતો. શું તે લાઈફબોટ પકડવાની વાત કરી રહ્યો હતો કે ગુડબાય?

જહાજનો ભંગાર કેવી રીતે મળ્યો? આર્લિંગ્ટન જહાજની શોધ મિશિગનના નેગૌનીના રહેવાસી, ફાઉન્ટેન નામના માણસને આભારી છે. ફાઉન્ટેન લગભગ એક દાયકાથી જહાજના

...અનુસંધાન પેજ નં. 6 પર

# રકુલપ્રીત સિંહ અને જેકી ભગનાનીની લગ્ન કરવા માટે તૈયાર




મોસ્ટ પોપ્યુલર કપલ રકુલ પ્રીત સિંહ અને જેકી ભગનાની હવે લગ્ન કરવા માટે તૈયાર છે. લાંબા સંબંધો બાદ બંનેએ લગ્ન કરવાનો નિર્ણય લીધો છે. આ લગ્ન ખૂબ જ ખાસ થવાના છે અને તેઓ કંઈક એવું કરવા જઈ રહ્યા છે જે અત્યાર સુધી બહુ ઓછા સ્ટાર્સ કરતા જોવા મળ્યા છે.


ચાહકો લાંબા સમયથી રકુલ પ્રીત સિંહ અને જેકી ભગનાનીના લગ્નની રાહ જોઈ રહ્યા છે. બંને 21 ફેબ્રુઆરીએ લગ્ન કરી રહ્યા છે. જેમ જેમ લગ્નની તારીખ નજીક આવી રહી છે તેમ તેમ લગ્નને લઈને નવા અપડેટ્સ આવી રહ્યા છે. હવે જે સમાચાર સામે આવ્યા છે તે જાણીને તમે પણ બંનેના વખાણ કરશો. બંને માત્ર તેમના લગ્નની મજા માણવાના નથી પરંતુ આ દરમિયાન વાતાવરણનું પણ સંપૂર્ણ ધ્યાન રાખશે.

બંનેએ નક્કી કર્યું હતું કે તેમના લગ્ન ઈકો-ફ્રેન્ડલી હશે. મહેમાનોને ઈ-ઈનવાઈટ મોકલવામાં આવ્યા છે, એટલે કે ઈન્વિટેશન ફોન પર જ મોકલવામાં આવ્યા છે. કોઈ ભૌતિક આમંત્રણ આપવામાં આવ્યું નથી. આ સિવાય લગ્નમાં ફટાકડા ફોડવામાં આવશે નહીં.

આ સિવાય સૌથી મહત્વની વાત સામે આવી છે કે રકુલ અને જેકી લગ્નમાં વૃક્ષારોપણ પણ કરશે. આ એક ખૂબ જ અલગ અને સુંદર પગલું છે. ચાહકો બંનેના પ્લાનિંગના વખાણ કરતાં થાકતા નથી.

રકુલ અને જેકીના લગ્ન 19મી ફેબ્રુઆરીથી શરૂ થશે અને બંને 21મી ફેબ્રુઆરીએ લગ્નના બંધનમાં બંધાશે. હાલમાં જે માહિતી સામે આવી રહી છે તે મુજબ બંને ખાનગી રીતે લગ્ન કરશે જેમાં પરિવારના સભ્યો અને નજીકના મિત્રો જ હાજરી આપશે. લગ્નમાં બોલિવૂડમાંથી કોણ કોણ હાજરી આપશે તે અંગે કોઈ માહિતી નથી. પહેલા બંને સ્ટાર્સ વિદેશમાં લગ્ન કરવા જઈ રહ્યા હતા, પરંતુ PM મોદીની ભારતમાં ફંક્શન અને ઈવેન્ટ યોજવાની અપીલ બાદ રકુલ અને જેકીએ નિર્ણય લીધો કે અન્ય સ્ટાર્સની જેમ તેઓ વિદેશમાં નહીં પરંતુ પોતાના દેશમાં લગ્ન કરશે.

# "તેરી બાતોં મેં ઐસા ઉલઝા જિયા.." ફિલ્મ કેવી છે? હં..ઠીક હૈ...!



એક્ટર શાહિદ કપૂર બૉલીવુડનો રોમાન્સ કિંગ છે. જ્યારે પ્યાર-વ્યાર જેવી એકટિંગ કરવાની વાત આવે છે, ત્યારે એક્ટર તેનું બેસ્ટજ આપે છે. રોમાન્ટિક કોમેડી ડ્રામાં ફિલ્મ 'તેરી બાતોં મેં ઐસા ઉલઝા જીયા' આજે થિયેટરમાં રિલીઝ થઇ ગઈ છે. ફિલ્મમાં શાહિદ કપૂર સાયન્ટિસ્ટના રોલમાં અને કૃતિ સેનનની રોબોટ સિફ્રાના રોલમાં છે. સીફ્રા એક સુપર-બુદ્ધિશાળી રોબોટ છે જે આબેહૂબ માણસ જેવી લાગે છે અને બધું ફીલ પણ કરી છે.

તેરી બાતોં મેં ઐસા ઉલ્ઝા જિયા'ની ફિલ્મ ટાઇટલ ખુબ લાબું છે, આ સાય-ફાઇ મીટ રોમાંસ અને લવએ ફિલ્મમાં ઈન્ડિયન ફેમિલીને મળે છે. આર્યન ( શાહિદ કપૂર) અને બેસ્ટ પાલ મોન્ટી (આશિષ વર્મા) એક જોરદાર ઓફિસમાં રોબોટિક્સ વિશે વાત કરે છે યુએસમાં સુપર-સર્જક માસી (ડિમ્પલ કાપડિયા) સુંદર સિફ્રાને બનાવે છે. આ તે પ્રકારની ફિલ્મ છે જે સામાન્ય ઘટનાને 'યુએસએ'નું લેબલ લગાવે છે.

અમરિકામાં શાદી -ફોબિક પુરૂષ અને અદભૂત સ્ત્રી રોબોટ મળે છે. આર્યન ઉર્ફે આરુ સત્ય જાણે છે, અને તેમ છતાં તે પોતાની જાતને પીડિત અનુભવે છે, કારણ કે સિફ્રા એક સંભવિત કર્તવ્યનિષ્ઠ ભારતીય પત્ની બનવાની વાત કરે છે, અને તે કહે છે તે દરેક વસ્તુને 'ઠીક હૈ' કહે છે. ફિલ્મ માણસો અને મશીનો વિશેના અસ્તિત્વના પ્રશ્નો, માણસની લાગણીઓ વાળા રોબોટ્સ બનાવવાનું અને કંટ્રોલના સમગ્ર પ્રશ્ન સાથે, એડલ્ટ રિલેશનશિપની મૂવી છે. પરંતુ ફિલ્મ નિર્માતાઓએ જવાબ આપ્યો, કારણ કે તેઓ આપણને 'હમ આપકે હૈ કૌન' માં મમ્મીજી, પપ્પાજી, દાદાજી ( ધર્મેન્દ્ર ), બુઆ, ફૂફા અને સગાઈ, સંગીતથી ભરપૂર દ્રશ્યો સાથેના સામૂહિક મેળાવડા પાછા લાવે છે.

# 'શહેનશાહ' રાજા દશરથની ભૂમિકામાં કેવા લાગશે...!



દરેક પસાર થતા દિવસ સાથે, નિતેશ તિવારીની રામાયણની કાસ્ટ મોટી થઈ રહી છે, તેમાં પહેલાથી જ ભગવાન રામ તરીકે રણબીર કપૂર , સીતા તરીકે સાઈ પલ્લવી , રાવણ તરીકે યશ, હનુમાન તરીકે સની દેઓલ, કૈકેયી તરીકે લારા દત્તા અને રકુલ પ્રીત સિંહ શૂર્પણખા તરીકે. અત્યારે તો લાગે છે કે અમિતાભ બચ્ચન પણ આ ફિલ્મમાં જોડાયા છે. ઝૂમ એન્ટરટેઈનમેન્ટ પરના અહેવાલ મુજબ, અમિતાભ બચ્ચનને ફિલ્મમાં રાજા દશરથની ભૂમિકા ભજવવા માટે જોડવામાં આવ્યા છે, જોકે આ પ્રથમ વખત નથી, સુપ્રસિદ્ધ અભિનેતાને આ રીતે ભૂમિકા ભજવવા માટે કહેવામાં આવ્યું હોય..

ઘણા વર્ષો પહેલા સંજય ખાન તેમના જમાઈ હૃતિક રોશન સાથે રામની ભૂમિકામાં અને તેમના પુત્ર ઝાયેદ ખાન સાથે ધ લિજેન્ડ ઓફ રામા નામની ફિલ્મનું આયોજન કરી રહ્યા હતા , ત્યારે મિસ્ટર બચ્ચનને રાજા દશરથની ભૂમિકા ભજવવા માટે સંપર્ક કરવામાં આવ્યો હતો પરંતુ ફિલ્મ નિષ્ફળ ગઈ હતી.

રણબીર કપૂર અને સાઈ પલ્લવી સાથે માર્ચ 2024માં રામાયણનું શૂટિંગ શરૂ થાય છે. સની દેઓલ મે મહિનામાં તેની ભૂમિકા માટે શૂટિંગ શરૂ કરશે અને યશ જુલાઈમાં કાસ્ટમાં જોડાશે. ટીમનો ઉદ્દેશ્ય યશના દ્રશ્યો પૂરા થયા પછી રામાયણનું શૂટ પૂરો કરવાનો છે, જેમાં દિવાળી 2025ની રિલીઝને ટાર્ગેટ કરવામાં આવશે. આ ફિલ્મને ત્રણ ભાગની શ્રેણી બનાવવાની યોજના છે અને થોડા મહિનાઓ પહેલા એવી જાણ કરવામાં આવી હતી કે રણબીર VFX કંપની સાથે ફિલ્મના પ્રી-વિઝ્યુલાઈઝેશનનો ભાગ બનવા માટે લોસ એન્જલસ જશે.

# સર્કીટ: ભાઇ, બોલે તો મૈંને તીસરી બાર શાદી કર લી ભાઇ...ક્યા કરૂ ભાઇ..!!!



અરશદ વારસી અને તેની પત્ની મારિયા ગોરેટીએ આ વેલેન્ટાઈન ડેની સિલ્વર જ્યુબિલીની ઉજવણી કરી. લગ્નને લગભગ 25 વર્ષ થયા હોવા છતાં, આ દંપતી ક્યારેય તેમના લગ્નની કાયદેસર રીતે નોંધણી કરાવી નહોતી. તેથી, વેલેન્ટાઇન ડે, 14 ફેબ્રુઆરીના રોજ તેમની 25મી લગ્ન વર્ષગાંઠ નિમિત્તે, અરશદ અને મારિયાએ 23 જાન્યુઆરીએ કોર્ટમાં તેમના લગ્નની નોંધણી કરાવી.

અરશદ અને મારિયાના લગ્ન 14 ફેબ્રુઆરી, 1999ના રોજ થયા હતા. બંને એક ચર્ચ સમારંભમાં ગયા હતા, ત્યારબાદ પરંપરાગત નિકાહ થયા હતા. ઉજવણી પહેલા, જણાવ્યું કે તેમને તેમના લગ્નની નોંધણી કરાવવામાં આટલો લાંબો કેમ સમય લાગ્યો.

, તેઓ કહે છે- અમે ક્યારેય વિચાર્યું ન હતું કે તે ખરેખર મહત્વપૂર્ણ છે. પરંતુ પછી અમને સમજાયું કે જ્યારે તમારે પ્રોપર્ટીના મામલાઓ સાથે વ્યવહાર કરવો હોય અને તમે હયાત ન હોવ ત્યારે પણ તે કરવું મહત્વપૂર્ણ છે. અમે કાયદાની ખાતર કર્યું. નહિંતર, જો તમે એકબીજા માટે પ્રતિબદ્ધ છો, તો તે બધું જ મહત્વનું છે." આમ એક રીતે જોતાં સર્કીટ ત્રીજી વાર લગ્ન કર્યા પણ એક જ પાત્ર સાથે ફરી ફરીને,..

# થઇ જાવ તૈયાર, હવે OTT પર ડંકો વાગશે ડંકીનો ....

શાહરૂખ ખાનની ફિલ્મોની ચાહકો આતુરતાથી રાહ જોતા હોય છે. તેઓ હવે તેમની ફિલ્મ OTT પર રિલીઝ થવાની રાહ જોઈ રહ્યાં છે. શાહરૂખની ડંકી ક્રિસમસના અવસર પર સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. આ ફિલ્મ સુપરહિટ સાબિત થઈ છે. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર હિટ રહી હતી. લાંબા સમય સુધી બોક્સ ઓફિસ પર પોતાની પકડ જાળવી રાખ્યા બાદ આ ફિલ્મ હવે OTT પ્લેટફોર્મ પર રિલીઝ થવા માટે તૈયાર છે.

હવે ડંકી OTT પ્લેટફોર્મ પર રિલીઝ થવા જઈ રહી છે. ડંકી આ મહિને OTT પ્લેટફોર્મ પર રિલીઝ થશે. ચાહકો આતુરતાથી ડંકીની OTT રિલીઝની રાહ જોઈ રહ્યા હતા અને હવે આ રાહનો અંત આવવાનો છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ડંકી જિયો સિનેમા પર રિલીઝ થશે. આ OTT પ્લેટફોર્મે ડંકીના OTT અધિકારો ખરીદ્યા છે.

ડંકી ફેબ્રુઆરીમાં જિયો સિનેમા પર રિલીઝ થશે. જોકે, ફિલ્મની રિલીઝ ડેટને લઈને હજુ સુધી કોઈ સત્તાવાર માહિતી આપવામાં આવી નથી. રિપોર્ટ્સ અનુસાર, આ ફિલ્મ 16 ફેબ્રુઆરીએ રિલીઝ થશે.

ડંકી ની સ્ટાર કાસ્ટ પણ લાજવાબ છે. આમાં શાહરૂખ ખાનની સાથે તાપસી પન્નુ, અનિલ ગ્રોવર, વિકી કૌશલ અને બોમન ઈરાની સપોર્ટિંગ રોલમાં જોવા મળે છે. ડંકીનું નિર્દેશન રાજકુમાર હિરાનીએ કર્યું છે. આ ફિલ્મમાં શાહરૂખ અને રાજકુમાર હિરાની પહેલીવાર સાથે આવ્યા છે.




ફિલ્મના બોક્સ ઓફિસ કલેક્શનની વાત કરીએ તો ડંકીએ અત્યાર સુધીમાં વર્લ્ડવાઈડ 500 કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો છે. શાહરૂખ ખાનની વર્ષ 2023ની ત્રીજી ફિલ્મ ડંકી હતી. આ પહેલા તેના પઠાણ અને જવાન આવી ગયા હતા. આ બંને ફિલ્મો પણ હિટ સાબિત થઈ છે. શાહરૂખ માટે વર્ષ 2023 શાનદાર રહ્યું છે. તેની ત્રણેય ફિલ્મોએ બોક્સ ઓફિસ પર જોરદાર કમાણી કરી છે.

# હાથના કર્યા હૈયે વાગે: જેકલીન કહે છે, સુકેશ મને હેરાન કરે છે....!



બોલિવૂડ અભિનેત્રી જેકલીન ફર્નાન્ડિઝે દિલ્હી પોલીસ કમિશનર સંજય અરોરાને કથિત આરોપી સુકેશ ચંદ્રશેખર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જેક્લીન ફર્નાન્ડિઝે આરોપ લગાવ્યો છે કે સુકેશ તેને જેલની અંદરથી હેરાન કરે છે અને ધમકી આપી રહ્યો છે. નોંધનીય છે કે જેકલીન 200 કરોડની ચીટીંગ કેસમાં મહાઠગ સુકેશની સાથે સહઆરોપી જાહેર થઇ હતી. અને જામીન પર છે.બન્નેના અંતરંગપળોના ફોટા પણ વાઇરલ થયા છે. મહાઠગ પાસેથી કરોડો રૂપિયાની કિંમતની ભેટસોગાદો લેવાનો આરોપ છે.

થોડા દિવસો પહેલા પોલીસ વડાને મોકલેલા પત્રમાં જેક્લીને જણાવ્યું હતું કે, "હું જવાબદાર નાગરિક છું, પોતાને અજાણતા એવા કેસમાં ફસાવી દીધી છે જેની કાયદાનું શાસન અને આપણી ન્યાય પ્રણાલીની પવિત્રતા પર દૂરોગામી અસરો પડે છે. સ્પેશિયલ સેલ દ્વારા નોંધાયેલા કેસમાં ફરિયાદ પક્ષના સાક્ષી તરીકે, હું તમને માનસિક દબાણ અને લક્ષિત ધાકધમકીની અગ્નિપરીક્ષા વચ્ચે પત્ર લખું છું.

આ પત્રમાં જેક્લિને ટોચના પોલીસ અધિકારીને આ મામલામાં તાત્કાલિક હસ્તક્ષેપ કરવા વિનંતી કરી છે જે ન માત્ર તેની સુરક્ષાને જ જોખમમાં મૂકે છે, પરંતુ કાયદાકીય પ્રક્રિયાઓની અખંડિતતાને પણ જોખમમાં મૂકે છે. "સુકેશ તરીકે પોતાને ઓળખાવતો એક વ્યક્તિ એક આરોપી છે, જે મંડોલી જેલમાં છે, જે અભિનેત્રીને ધમકાવતો હતો," તેણે ઉમેર્યું હતું કે, તે મહારાષ્ટ્ર કંટ્રોલ ઓફ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એક્ટ (MCOCA) હેઠળના કેસમાં "પ્રોસિક્યુશન વિટનેસ" (સરકારી સાક્ષી) હોવાથી તેણીની સુરક્ષા ખાતરી કરવા માટે તેની સામે IPC કલમો હેઠળ એફઆઈઆર નોંધવી જોઈએ.

# બાંગ્લાદેશના શાહરૂખખાનની બોલીવુડમાં એન્ટ્રી; ક..ક..ક..કિરણ...!



તેને બોલીવુડના શાહરૂખની જેમ ક..ક..ક.. કિરણ બોલતા ભલે ન આવડતું હોય, પણ તેને બાંગ્લાદેશની ફિલ્મોનો શાહરૂખખાન કહેવામાં આવે છે અને તે ઢૈલીવુડથી બોલીવુડમાં આવી રહ્યો છે.

નામ છે શાકિબ ખાન. ઢૈલીવૂડની ફિલ્મોનો નંબર વન છે. આગવી ઓળખ બાંગ્લાદેશનો શાહરૂખ ખાન.

એકવાર તેને પૂછવામાં આવ્યું કે તેને કયું પાત્ર ભજવવાનું સૌથી વધુ ગમ્યું: હીરો, પિતા, પુત્ર કે ભાઈ. ખાને જવાબ આપ્યો કે એક અભિનેતા તરીકે તે બધા પાત્રોને સમાન રીતે ભજવવાનું પસંદ કરે છે. આ વર્ષે તેણે બે નવા પાત્રો ભજવવાના છે - બિઝનેસમેન અને ડિપ્લોમેટ.

તેમને હેલ્થ એન્ડ બ્યુટી બ્રાન્ડ રીમાર્ક અને કોસ્મેટિક્સ બ્રાન્ડ હેરલાનના ડિરેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે અને તેઓ ભારતમાં બાંગ્લાદેશી સિનેમાના બ્રાન્ડ એમ્બેસેડર બનવા માંગે છે. ખાનનું બોલિવૂડ પર વિજય મેળવવાનું સાધન એ હજુ પણ નિર્માણમાં રહેલી અખિલ ભારતીય ફિલ્મ દર્દ છે - જે બંગાળી, હિન્દી, તમિલ અને મલયાલમમાં રિલીઝ થવાની તૈયારીમાં છે.

44 વર્ષીય ખાને કહે છે કે તે આ વ્યવસાયમાં નવો નથી, તેણે બાંગ્લાદેશમાં ફિલ્મોના નિર્માણ અને વિતરણમાં પણ કામ કર્યું છે.

અને તેના સ્ટારડમ વિશે, ખાનને તેટલો જ વિશ્વાસ છે જેટલો તે જ્યારે તેની સૌથી મોટી ફિલ્મ 'પ્રિયા અમર પ્રિયા' (2008) રિલીઝ થઈ ત્યારે હતો. પુનીત રાજકુમાર અભિનીત કન્નડ ફિલ્મ 'અપ્પુ' (2002) ની રિમેક, આ ફિલ્મે ખાનને સ્ટારડમ સુધી પહોંચાડ્યો. તેણે રોમેન્ટિક એક્શન ફિલ્મ 'અનંત ભાલોબાશા' (1999) થી સિનેમામાં ડેબ્યૂ કર્યું હતું તેમની સળંગ હિટ ફિલ્મોએ તેમને શાહરૂખ ખાન અથવા બાંગ્લાદેશના કિંગ ખાનનું બિરુદ અપાવ્યું છે.

# સિંઘમ અગેઇનમાં અર્જુન કપૂર ખૂંખાર વિલન બનશે



રોહિત શેટ્ટીના કોપ યુનિવર્સની બિગ બજેટ ફિલ્મ સિંગમ અગેઈનમાં વિલન તરીકે અર્જુન કપૂરની એન્ટ્રી થઈ છે. સિંઘમ ફ્રેન્ચાઈઝીની ત્રીજી ફિલ્મમાં અજય દેવગનનો લીડ રોલ યથાવત રહ્યો છે. 2014માં આવેલી 'સિંઘમ રિટર્ન્સ' બાદ સાત વર્ષે ત્રીજી ફિલ્મ આવી રહી છે. સિંઘમ ફ્રેન્ચાઈઝીની આ ફિલ્મમાં પહેલી વખત અજય દેવગનની સાથે અન્ય સ્ટાર્સને પણ સમાવવામાં આવ્યા છે. વિલન તરીકે અર્જુન કપૂરની પસંદગી કરવામાં આવે છે. અર્જુને ફર્સ્ટ લૂક પોસ્ટરને શેર કરતાં વિલન તરીકે ભયંકર આતંક ફેલાવવાની ખાતરી આપી હતી. 2014માં 'સિંઘમ રિટર્ન્સ'ની સફળતા બાદ રોહિત શેટ્ટીએ 2018માં 'સિમ્બા' અને 2021માં 'સૂર્યવંશી' બનાવી હતી. આ બંને ફિલ્મના લીડ કેરેક્ટર્સ પોલીસ ઓફિસર હતા. આ બંને કેરેક્ટર્સની મદદથી 'સિંઘમ અગેઈન'માં રોહિતે કોપ યુનિવર્સને વધારે મોટું બનાવ્યું છે. આ ફિલ્મમાં રણવીર સિંહ સિમ્બા તરીકે અને અક્ષય કુમાર સૂર્યવંશી તરીકે જોવા મળશે.

# અને વિદ્યા બાલન ફરીથી ડરામણાં અવાજમાં કહેશે- મૈં હું..મંજુલિકા...!



કાર્તિક આર્યનના સ્ટાર્સ ચરમસીમાએ છે. અભિનેતાના ખાતામાં હાલમાં ઘણી મોટી ફિલ્મો છે. આ યાદીમાં વધુ એક ચિત્ર ઉમેરવામાં આવ્યું છે. જેનું નામ હજુ જાહેર થયું નથી, પરંતુ 'ચંદુ ચેમ્પિયન' બનાવનાર નિર્દેશક કાર્તિક સાથે વધુ એક મોટી ફિલ્મ કરવાની તૈયારી કરી રહ્યા છે. વેલ, અત્યારે વાત 'ચંદુ ચેમ્પિયન'ની નથી, પરંતુ કાર્તિક આર્યનના બહુપ્રતિક્ષિત પ્રોજેક્ટ 'ભૂલ ભુલૈયા 3'ની છે. તાજેતરમાં એવા અહેવાલો આવ્યા હતા કે વિદ્યા બાલન ત્રીજા ભાગમાં ફરીથી એન્ટ્રી કરી છે. .

કાર્તિક આર્યન પોતે 'મંજુલિકા' (વિદ્યા બાલન)ને આવકાર્યો છે. વિદ્યા બાલને અક્ષય કુમાર સાથે 'ભૂલ ભૂલૈયા'માં કામ કર્યું હતું. પરંતુ તે બીજા ભાગમાં જોવા મળી ન હતી. અભિનેત્રીની જગ્યાએ તબ્બુને સાઈન કરવામાં આવી હતી. પરંતુ વસ્તુઓ કામમાં આવી ન હતી. જ્યારે ત્રીજા ભાગની જાહેરાત કરવામાં આવી ત્યારે બધાએ વિદ્યા બાલનની વાપસીની વાત શરૂ કરી દીધી હતી. આવી સ્થિતિમાં, નિર્માતાઓએ કોઈપણ વિલંબ કર્યા વિના જૂની 'મુંજાલિકા'માં પ્રવેશ કર્યો.

ભૂલ ભુલૈયા 3' કાર્તિક આર્યનની આ વર્ષે આવનારી ફિલ્મોમાં પણ સામેલ છે. છેલ્લા ભાગમાં કાર્તિક આર્યન રૂહ બાબાના રોલમાં જોવા મળ્યો હતો. તેની ફિલ્મે બોક્સ ઓફિસ પર એવા સમયે સારો બિઝનેસ કર્યો હતો જ્યારે અન્ય કોઈ ફિલ્મ સારો બિઝનેસ કરી શકતી ન હતી. પરંતુ 'ભૂલ ભુલૈયા 3' તેનાથી પણ મોટી બનવા જઈ રહી છે. તેનું કારણ એ છે કે વિદ્યા બાલન ફિલ્મમાં એન્ટ્રી કરી ચૂકી છે. હાલમાં જ કાર્તિક આર્યને તેની આગવી શૈલીમાં તેનું સ્વાગત કર્યું હતું.

કાર્તિક આર્યન ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કર્યો છે. તેમાં 'મંજુલિકાની 'ભૂલ ભુલૈયા' અને રૂહ બાબાની 'ભૂલ ભુલૈયા 2'નું સંયુક્ત પ્રદર્શન છે. જે 'મેરે ઢોલના' ગીત પર ડાન્સ કરતી જોવા મળે છે. કાર્તિક આર્યન કેપ્શનમાં લખે છે: "ઓજી મંજુલિકા ભૂલ ભુલૈયાની દુનિયામાં પાછી ફરી છે. હું તમારું વિદ્યા બાલનનું સ્વાગત કરું છું."

ગુજરાત વંદન
સાપ્તાહિક
gujaratvandan.com

# અંદાજે 500 કરોડના ખર્ચે અંબાજી, પાવાગઢ અને બહુચરાજી મંદિરો વિકસાવાશે

**■ પાવાગઢ માટે 238 કરોડ, અંબાજી માટે 117 કરોડની જોગવાઈ કરવામાં આવી**

ગુજરાત | વંદન

ગુજરાતના પ્રવાસન વિભાગ દ્વારા પાવાગઢ યાત્રાધામના સર્વાંગી વિકાસ અર્થે કુલ 121 રોડના ખર્ચે પ્રથમ બે તબકકાની કામગીરી પૂર્ણ થયેલ છે. ત્રીજા અને ચોથા તબકકામાં કુલ 238 કરોડના ખર્ચે માંચી ચોક, ચાંપાનેર અને વડા તળાવ ખાતે યાત્રાળુલક્ષી સુવિધાઓની કામગીરીનું આયોજન હાથ ધરાશે..

આ ઉપરાંત અંબાજી યાત્રાધામ ખાતે માસ્ટરપ્લાનિંગ અંતર્ગત વિવિધ કામોનું કુલ 117 કરોડના ખર્ચે આયોજન, શ્રી બહુચરાજી શક્તિપીઠના વિકાસ માટે 71 કરોડના ખર્ચે મંદિરનું પુનઃનિર્માણ તેમજ યાત્રાધામનો સર્વગ્રાહી વિકાસ કરવા માટે આયોજન અને સૌરાષ્ટ્ર-કચ્છમાં અગત્યતા ધરાવતાં પ્રસિધ્ધ ધાર્મિક સ્થળો ખાતે યાત્રાળુલક્ષી સુવિધા ઉપલબ્ધ કરાવવા 46 કરોડના ખર્ચે વિકાસ કામોનું આયોજન કરાશે..

વિવિધ ધાર્મિક સંપ્રદાયો સાથે સંકળાયેલા તેમજ સ્થાનિક રીતે ખુબ જ અગત્યતા ધરાવતા યાત્રાધામોના





વિકાસ માટે 79 કરોડની જોગવાઈ ઉપરાંત ઉડ્ડયન ક્ષેત્રે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભું કરવા તથા એર કનેક્ટિવિટી વધારવા નવા એરપોર્ટ/એરસ્ટ્રીપ બનાવવા માટે 25 કરોડની જોગવાઈ કરવામાં આવી હોવાનું વિધાનસભામાં જણાવાયું હતું. .

ગુજરાતના બજેટમાં નાના શહેરો/ આંતરીક વિસ્તારોને મોટા શહેરો અને મહત્વના વિસ્તારો સાથે એર કનેક્ટિવિટીના ધ્યેય સાથે રાજ્ય સરકારની યોજના હેઠળ 45 કરોડની જોગવાઈ છે. ભારત સરકારના "ઉડે દેશ કા આમ નાગરીક"ના વિઝન અંતર્ગત ચલાવાતી એક યોજના ના માધ્યમથી એર કનેક્ટિવિટી પૂરી પાડવા અન્ય રાજ્યો સાથે જોડવા માટે 40 કરોડની જોગવાઈ કરવામાં આવી છે..

આ ઉપરાંત અયોધ્યાધામ ખાતે ગુજરાત યાત્રી નિવાસ માટે 50 કરોડના આયોજન પૈકી 10 કરોડની જોગવાઈની સાથે જિલ્લાના મહત્વના પ્રવાસી સ્થળોએ સુવિધાઓ પૂરી પાડવા માટે 100 કરોડના આયોજન પૈકી 30 કરોડની જોગવાઈ કરવામાં આવી છે. .

ભારત સરકારની પહેલ "ટ્રાવેલ ફોર લાઈફ" ના ઉદ્દેશને પ્રોત્સાહન આપવા, MICE પ્રવાસન તેમજ સસ્ટેનેબલ ટુરિઝમ વિશે જાગૃતિ લાવવા 15 કરોડની જોગવાઈ છે..

જુનાગઢ ખાતે આવેલ ઉપરકોટના કિલ્લાના રિનોવેશન બાદ પ્રવાસીઓના વિક્રમી વધારાને ધ્યાને લઈ રાજ્યનાં જુદા જુદા મેમોરિયલ તથા લખપત કિલ્લા સહિત અન્ય જુદા જુદા કિલ્લાના વિકાસ માટે 200 કરોડના આયોજન પૈકી 35 કરોડની જોગવાઈ બજેટમાં કરવામાં આવી છે. જ્યારે ધરોઈ બંધ પરિક્ષેત્રને વિશ્વ કક્ષાના પ્રવાસી અને યાત્રાધામ તરીકે વિકસાવવાની કામગીરી માટે `૪૮૦ કરોડનું આયોજન છે.

# અમદાવાદમાં રિયલ એસ્ટેટ માર્કેટમાં તેજી, છ વર્ષમાં 3.82 લાખ પ્રોપર્ટીનો વધારો થયો

**■ જ્યારે બીજી તરફ શહેરના પૂર્વ વિસ્તારમાં ન્યુ નિકોલ, નિકોલ, પૂર્વ ઝોનમાં નવા નરોડા રહેવા માટે પસંદગીના સ્થળો બન્યા**

ગુજરાત | વંદન

ગુજરાતના સૌથી મોટા શહેર અમદાવાદમાં જમીનોના ભાવ સતત વધી રહ્યા છે તેમ છતાં એફોર્ડેબલ હાઉસિંગમાં હજી પણ અમદાવાદ મોખરે છે. 2019-20 અને 2020-21 કોવિડના વર્ષ રહ્યા હતા જેમાં લોકડાઉન લાગુ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત મોટા ભાગના ક્ષેત્રો થંભી ગયા હતા. જોકે, આ દરમિયાન બાંધવામાં આવેલી નવી પ્રોપર્ટીમાં ધીમો વધારો થયા બાદ હવે નવી પ્રોપર્ટીનો વિકાસ સતત થઈ રહ્યો છે.

સિટી સિવિક બોડીના પ્રોપર્ટી ટેક્સ ડિપાર્ટમેન્ટના તાજેતરમાં પ્રકાશિ થયેલા ડેટા દર્શાવે છે કે 2020-21માં ભારે ઘટાડા પછી જ્યારે નવી કોમર્શિયલ અને રેસિડેન્શિયલ પ્રોપ્રટીની કુલ સંખ્યા અગાઉના વર્ષના 77,499થી ઘટીને 30,379 થઈ ગઈ હતી. જ્યારે 2021-22માં નવી પ્રોપર્ટીની સંખ્યા વધીને 1.13 લાખ થઈ ગઈ હતી. જોકે, 2022-23માં તેમાં ઘટાડો જોવા મળ્યો હતો. આ વર્ષ દરમિયાન નવી પ્રોપર્ટીનો આંકડો 67,829 થઈ ગયો હતો. પરંતુ 2023-24ના વર્ષમાં તેમાં વધારો જોવા મળ્યો હતો અને તે 93,664 પર પહોંચી ગયો હતો.

જોકે, છેલ્લા છ વર્ષમાં અમદાવાદમાં 3.82 લાખ નવી પ્રોપર્ટીનો ઉમેરો થયો છે. જે દર વર્ષે સરેરાશ 63,739 પ્રોપર્ટી થાય છે. આ જ સમયગાળામાં શહેરની રેસિડેન્શિયલ પ્રોપર્ટીમાં 46,746 અને કોમર્શિયલ પ્રોપર્ટીમાં 17,993નો વધારો થયો છે. છેલ્લા બે વર્ષમાં શહેરમાં 1.61 લાખ નવી પ્રોપર્ટી થઈ



છે, તેમ ડેટા પરથી જાણવા મળે છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ડેટા અનુસાર 2023-24 સુધીમાં શહેરમાં કુલ 24.46 લાખ પ્રોપર્ટી છે, જેમાં 18.30 લાખ રેસિડેન્શિયલ પ્રોપર્ટી અને 6.16 લાખ કોમર્શિયલ પ્રોપર્ટીનો સમાવેશ થાય છે.

નિષ્ણાતોએ જણાવ્યું હતું કે 2020-21માં બોપલ-ઘુમા જેવા વિસ્તારોને AMC સાથે મર્જ કરવામાં આવ્યા હતા જેના પરિણામે 2021-22માં નવી મિલકતોમાં તીવ્ર વધારો થયો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે અમદાવાદ શહેરના પશ્ચિમ વિસ્તારમાં રહેણાંક પ્રોપર્ટી માટે જમીન સહિતની મિલકતોની ઊંચી કિંમતો આકર્ષક છે, પરંતુ શહેરના પૂર્વ ભાગમાં પોષણક્ષમ ભાવો વધુ વ્યાવસાયિક વિકાસને આકર્ષે છે. AMCના ડેટા દર્શાવે છે કે 2023-24 દરમિયાન AMCએ પ્રોપર્ટી ટેક્સમાંથી 1,000 કરોડ રૂપિયા અને પ્રોફેશન અને વાહન ટેક્સ જેવા અન્ય ટેક્સમાંથી 300 કરોડ રૂપિયા એકત્ર કર્યા હતા.

AMCના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે કોર્પોરેશનના સાત ઝોનમાં ઘાટલોડિયા, થલતેજ, ગોતા, બોડકદેવ, ચાંદખેડા સહિત ઉત્તર પશ્ચિમ ઝોનમાં 982 પ્રોજેક્ટને મહત્તમ વિકાસ પરવાનગીઓ આપી છે જ્યારે મધ્ય ઝોનમાં માત્ર 64 ડેવલોપમેન્ટ પરવાનગીઓ આપવામાં આવી છે જે કોટવાળા શહેર વિસ્તારોને આવરી લે છે. શહેરના ઉત્તર-પશ્ચિમ ઝોનમાં સૌથી વધુ ડેવલોપમેન્ટ પરવાનગીઓ રહેણાંક યોજનાઓ માટે છે, જ્યારે બીજી તરફ શહેરના પૂર્વ વિસ્તારમાં ન્યુ નિકોલ, નિકોલ, પૂર્વ ઝોનમાં નવા નરોડા પસંદગીના સ્થળો છે.


# સાબરમતી રિવરફ્રન્ટ ફેઝ-2ને મોદી સ્ટેડિયમની સાથે સાંકળી લેવામાં આવશે

ગુજરાત | વંદન

**■ સાબરમતી નદીની સમાંતર 5.8 કિમીનો રસ્તો હશે, જે સ્ટેડિયમ સુધી સીધો પ્રવેશ કરશે**

વર્ષ 2036માં ઓલિમ્પિકની યજમાનીની તૈયારીઓના ભાગરૂપે અમદાવાદમાં વિવિધ રમતગમતની સુવિધાઓ ઊભી કરવાની તૈયારીઓ ચાલી રહી છે. આ માટે અમદાવાદ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી (ઔડા) સાથે સંયુક્ત રીતે તૈયાર કરવામાં આવેલા રાજ્ય સરકારના માસ્ટર પ્લાનના ભાગરૂપે સાબરમતી જનપથથી નરેન્દ્ર મોદી સ્ટેડિયમ સુધીના રસ્તાને 60 મીટર પહોળો કરવામાં આવશે. અને સાબરમતી રિવરફ્રન્ટ ફેઝ 2ને મોદી સ્ટેડિયમની સાથે સાંકળી લેવામાં આવશે.

ઓલિમ્પિકની તૈયારીના ભાગરૂપે મૂળરૂપે ઔડાના અમદાવાદના વિકાસ યોજનામાં સમાવિષ્ટ રોડ પહોળો કરવાના પ્રોજેક્ટને હવે ઝડપી હાથ ધરવામાં આવ્યો છે. જોકે, રૂટમાં હાલના બાંધકામોને ધ્યાનમાં રાખીને વિસ્તરણ તબક્કાવાર અમલમાં આવશે. હાલમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)





સાબરમતી ટીપી સ્કીમ નંબર 23 માં મોટેરા રોડ પરના રિઝર્વ પ્લોટ પરના ગેરકાયદે બાંધકામોને દૂર કરવા માટે નોટિસ જારી કરી રહી છે. અસરગ્રસ્ત રહેવાસીઓને વૈકલ્પિક રહેઠાણની વ્યવસ્થા સાથે દૂર કરવાની પ્રક્રિયા ક્રમશઃ હાથ ધરવામાં આવશે.

એક પ્રકાશિત અહેવાલ પ્રમાણે આ રસ્તાને પહોળો રાખવા માટે આ વિસ્તારમાં નવા બાંધકામો માટે મકાન યોજનાઓ સિવિક ઓથોરિટી દ્વારા મંજૂર કરવામાં આવી રહી છે, જે ભવિષ્યના 60 મીટર પહોળા રસ્તાના લેઆઉટનું પાલન સુનિશ્ચિત કરે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર રસ્તા પહોળા કરવા ઉપરાંત AMC શહેરના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવા માટે વિવિધ પગલાં લઈ રહી છે, જેમાં એક વ્યાપક માસ્ટર પ્લાનનો મુસદ્દો તૈયાર કરવો અને સંપૂર્ણ ટ્રાફિક સર્વેક્ષણનો સમાવેશ થાય છે. આ ઉપરાંત સાબરમતી રિવરફ્રન્ટ ફેઝ 2 ની ડિઝાઈનનો હેતુ સરદાર પટેલ

...અનુસંધાન પેજ નં. 6 પર

### એઈમ્સનું લોકાર્પણ, રાજકોટમાં રેલી અને નવસારી-દ્વારકામાં જનસભા

# વડાપ્રધાન એક જ સપ્તાહ માં બે વખત આવશે રાજ્યની મુલાકાતે

**■ 22મી એક દિવસ માટે અને ત્યારબાદ 24-25 ફેબ્રુઆરીએ ફરીથી ગુજરાતના પ્રવાસે**

ગુજરાત | વંદન

પીએમ નરેન્દ્ર મોદી ફરી ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. 22 ફેબ્રુઆરીએ વાળીનાથ-તરભ શિવ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં હાજરી આપશે. ત્યાર બાદ તેઓ 24 અને 25 ફેબ્રુઆીના રોજ ફરી માતૃભૂમિ ગુજરાતની મુલાકાતે આવશે. 24 અને 25 ફેબ્રુઆરીના રોજ તેઓ દ્વારકા અને રાજકોટમાં



વિકાસકાર્યોના લોકાર્પણ કરશે.

પીએમ મોદી 22 ફેબ્રુઆરીએ અમદાવાદ આવશે અને નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં અમુલ ફેડેરેશનના ગોલ્ડન જ્યુબિલિ કાર્યક્રમમાં હાજરી આપશે. ત્યાર બાદ તેઓ તરભમાં આવેલા વાળીનાથ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં હાજરી આપવા માટે જશે અને ત્યાંથી દક્ષિણ ગુજરાતના કેટલા વિકાસ કાર્યોનું લોકાર્પણ કરવા નવસારી જશે. જ્યાં જનસભાને સંબોધન પણ કરે એવી શક્યતા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી 24 ફેબ્રુઆરીના રોજ દ્વારકા સિગ્નેચર બ્રિજ તેમજ 25 ફેબ્રુઆરીએ રાજકોટ એઈમ્સમાં IPD સેવા, અટલ સરોવર, સ્માર્ટ સિટી તેમજ ઝનાના હોસ્પિટલના લોકાર્પણ માટે આવી રહ્યા છે. માત્ર એટલું જ નહીં, રાજકોટ શહેરમાં પીએમ મોદી ભવ્ય રોડ શો પણ કરશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો દ્વારકા-બેટ દ્વારકાનો કાર્યક્રમ નક્કી થયા મુજબ તા. 24મીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારકા સર્કિટ હાઉસમાં રાત્રિ રોકાણ કરશે. તા.25મીએ દ્વારકાધીશના દર્શન કરી બેટ દ્વારકાના સીગ્નેચર બ્રિજને ખુલ્લો મુકશે. વડાપ્રધાનના આ કાર્યક્રમ માટે ગુજરાત રાજ્ય સરકાર અને

...અનુસંધાન પેજ નં. 6 પર

## શહેરને ઝીરો વેસ્ટ સીટી બનાવાશે: મ્યુસિપલ કમિશનર

ગુજરાત | વંદન

અમદાવાદને ઝીરો વેસ્ટ સીટી બનાવવા અગ્રીમતા આપવામાં આવશે.શહેરનો ગ્રીન કવર એરીયા ૧૨ ટકાથી વધારીને ૧૫ ટકા સુધી પહોંચાડવા ઉપરાંત ઓલમ્પિક-૨૦૩૬ને ધ્યાનમાં લઈ સીટી માસ્ટર પ્લાન બનાવવામાં આવશે.

મ્યુનિસિપલ કમિશનર એમ.થેન્નારસને બે દિવસની બજેટ ચર્ચા ઉપરના સમાપનમા કહયુ,ગ્લોબલ લિવેબલ ઈન્ડેક્સ અંતર્ગત મોસ્ટ લિવેબલ સીટી ઈન ધ વર્લ્ડમાં અમદાવાદ અગ્ર ક્રમે આવે અને વિકસિત ભારત-૨૦૪૭ના સંકલ્પમાં શહેરનુ પ્રદાન રહે એ મુજબનું અંદાજપત્રમાં

...અનુસંધાન પેજ નં. 6 પર

### અમદાવાદ મહાનગરમાં 20 ફ્લાય ઓવર બનાવવાનો નિર્ણય

# પ્રથમ તબક્કામાં પાંજરા પોળ અને પંચવટી ખાતે ફલાયઓવર બ્રિજને મંજૂરી અપાઈ

**■ બે નવા બ્રિજ માટે 185.12 કરોડ ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી**

ગુજરાત | વંદન

અમદાવાદ મહાનગરપાલિકા વિસ્તારમાં 20 ફ્લાય ઓવર નિર્માણના નિર્ણય સામે અત્યાર સુધીમાં રાજ્ય સરકારે 7 બ્રિજના 612.98 કરોડના કામોને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ મહાનગરમાં પાંજરાપોળ જંક્શન તથા પંચવટી જંક્શન પર બે નવા ફ્લાય ઓવર બ્રિજ બનાવવા માટે 185.12 કરોડ ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી



છે. આ સાથે 652 મીટર લંબાઈ સાથે 17 મીટર પહોળો પાંજરાપોળ જંક્શન ફ્લાય ઓવર બ્રિજ નિર્માણ પામશે. આ માટે અંદાજે 86.94 કરોડ ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી CM ભૂપેન્દ્ર પટેલે આપી છે.

પંચવટી જંક્શન પરનો ફ્લાય ઓવર 98.18 કરોડના ખર્ચે નિર્માણ કરાશે. તે 779 મીટર લંબાઈ ધરાવતો અને 17 મીટર પહોળો બ્રિજ હશે.સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાના ફ્લાય ઓવરબ્રિજ

...અનુસંધાન પેજ નં. 6 પર

# દુષ્કર્મના આરોપસર 3 પોલીસકર્મી સહિત 4ની ધરપકડ

**■ ફરિયાદી મહિલા દારૂના ગેરકાયદે ધંધા સાથે સંકળાયેલી હોવાનો દાવો**

ગુજરાત | વંદન

ગીર સોમનાથ જિલ્લામાં ફરી એકવાર ખાખી પર દાગ લાગ્યો છે, રાજ્યના ગીર ગઢડા ગામની દારૂના વ્યવસાય સાથે સંકળાયેલી એક મહિલાએ પોલીસકર્મી સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાવી



છે. મહિલાની ફરિયાદ બાદ બે પોલીસકર્મી, 1 હોમગાર્ડ સહિત 4 લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ ચારેય આરોપીઓ સામે બુટલેગર મહિલાનો આરોપ છે કે પતિના અવસાન બાદ ગુજરાન ચલાવવા તે દારૂના વ્યવસાય સાથે જોડાઈ હતી. જો કે દારૂના હપ્તા સાથે પોલીસકર્મીઓએ એક વર્ષ સુધી અલગ અલગ સ્થળોએ તેના પર દુષ્કર્મ આચર્યુ હતુ.

પોલીસ તપાસમાં ખુલાસો થયો છે કે મહિલા બુટલેગર ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. અત્યાર સુધી ફરિયાદી મહિલા વિરૂદ્ધ 6 પોલીસ કેસ નોંધાઈ ચૂક્યા છે. કેટલાક કેસમાં તેની અટક પણ કરવામાં આવી હતી. જે આરોપીઓની પોલીસે ધરપકડ કરી તેમાં, સલીમ મકરાણી છે જે હેડ ક્વાટરમાં પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતો હતો, મોહન મકવાણા જે ગીરગઢડા પોલીસ મથકમાં હેડ

...અનુસંધાન પેજ નં. 6 પર

# અમદાવાદ મેટ્રો રેલ ફેઝ-2નું કામ પૂર્ણતાના આરે પહોંચ્યું



**■ માર્ચ અને એપ્રિલમાં ટ્રાયલ શરૂ થવાની ધારણા**

ગુજરાત | વંદન

શહેરમાં મેટ્રો રેલના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ-મોટેરાથી ગાંધીનગર સેક્શન પ્રોજેક્ટ ફેઝ-૨ પૂર્ણતાને આરે છે. કેબલ સ્ટેડ બ્રિજનો સેન્ટ્રલ સ્પાન ૧૪૫ મીટર અને એન્ડ સ્પાન ૭૯ છે મીટર અને ૨૮.૧ મીટર ઊંચાઈના બે તોરણ છે. આ તોરણનું કામ અને કુલ ૧૦૫ સેગમેન્ટના વિભાગો રેકોર્ડ સમયમાં પૂર્ણ થયા છે અને બ્રિજનું કામ ટૂંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે, જેના પગલે ટ્રેક અને ત્રીજી રેલ વગેરેનું ઈન્સ્ટોલેશન પૂર્ણ કરવામાં આવશે. ફેઝ-૨ પર માર્ચ, એપ્રિલમાં ટ્રેનની ટ્રાયલ શરૂ થવાની ધારણા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદમાં પૂર્વ-પશ્ચિમ અને ઉત્તર-દક્ષિણ બંને કોરિડોર પર સમગ્ર દિવસ દરમિયાન ૧૨ મિનિટના અંતરે સવારે ૭:૦૦ કલાક થી રાત્રીના ૧૦:૦૦ કલાક સુધી હાલમાં મેટ્રો ટ્રેન સેવાઓ કાર્યરત છે. સમાજના વિવિધ વર્ગોની માગણીને ધ્યાનમાં રાખીને ગુજરાત મેટ્રો રેલના સત્તાધિકારીઓ દ્વારા પ્રાયોગિક ધોરણે મેટ્રો રેલ સેવાઓને નિયમિત સમય કરતાં અડધો કલાક વહેલા શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવેલ છે જે અંતર્ગત ઉપરોક્ત બન્ને કોરિડોરના તમામ ટર્મિનલ સ્ટેશનથી (એટલે કે વસ્ત્રાલ ગામ, થલતેજ, એ.પી.એમ.સી. અને મોટેરા) બે વધારાની ટ્રેન દોડાવવામાં આવશે, જેમાં પ્રથમ ટ્રેન

...અનુસંધાન પેજ નં. 6 પર

## ગીર અભ્યારણયમાં 2332 ખુલ્લા કૂવા એશિયાઈ સિંહો માટે જોખમકારક

ગુજરાત | વંદન

ગીરના સિંહને ગુજરાતનું ગૌરવ ગણાવતી રાજ્ય સરકાર તેની જાળવણીમાં કેટલી બેદરકાર છે તેનું ઉદાહરણ વિધાનસભામાં અપાયેલી માહિતીમાં મળ્યું છે. દર



વર્ષે અનેક સિંહ-દિપડા સહિતના વન્ય પ્રાણીઓ ખુલ્લા કૂવામાં પડી

...અનુસંધાન પેજ નં. 6 પર

### સેમિકન્ડક્ટર ઉદ્યોગ અનુરૂપ કુશળ માનવબળ તૈયાર કરવામાં આવશે

# છેલ્લા 5 વર્ષમાં 1,086 ભરતીમેળા દ્વારા 15.21 લાખથી વધુ ઉમેદવારોને રોજગારી મળી: મંત્રી

**■ ધ સ્કીલ યુનિવર્સિટી' ખાતે તાલીમ કેન્દ્રની સ્થાપના કરવા માઈક્રોન કંપની સાથે સરકારના એમઓયુ**

ગુજરાત | વંદન

શ્રમ અને રોજગાર મંત્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, ગુજરાતના આર્થિક અને સામાજિક વિકાસને કારણે રાજ્યમાં રોજગારીની વિપુલ તકોનું નિર્માણ થયું છે. રાજ્યના યુવાધનને રોજગારી આપવામાં ગુજરાતે દેશમાં મોખરાનું સ્થાન મેળવ્યું છે. છેલ્લા કેટલાક વર્ષોથી રોજગાર કચેરી દ્વારા રોજગારી પૂરી પાડવામાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ છે.

બલવંતસિંહ રાજપૂતે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગની અંદાજપત્રીય માંગણીઓ પરની ચર્ચાનો જવાબ આપતા ઉમેર્યું કે, રાજ્ય સરકાર દ્વારા છેલ્લા ૫ વર્ષમાં ૧,૦૮૬ ભરતીમેળાના આયોજન થકી ૧૫.૨૧ લાખથી વધુ ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવી છે. રાજ્ય સરકારનું 'અનુબંધમ પોર્ટલ' નોકરીદાતા અને રોજગારવાંચ્છુઓ વચ્ચે સેતુરૂપ કામગીરી કરે છે.





આ પોર્ટલમાં હાલની સ્થિતિએ ૩ લાખથી વધુ ઉમેદવાર તથા ૪૭,૦૦૦થી વધુ નોકરીદાતાઓ નોંધાયા છે.

રાજપૂતે કૌશલ્ય વિકાસ પર ભાર મૂકતાં કહ્યું કે, નવી ટેકનોલોજી, નવા સેવાકીય સેક્ટર અને વૈશ્વિક બજારમાં કુશળ વર્કફોર્સની માંગને પહોંચી વળવા રાજ્ય સરકારે યુવાધનને તાલીમબદ્ધ કરવાનો નિર્ધાર કર્યો છે. રાજ્યના યુવાધનનો શિક્ષણ સાથે કૌશલ્ય વિકાસ કરવા માટે ભવિષ્યલક્ષી આયોજન કરવું એ અમારી સરકારની નેમ છે.તેમણે કહ્યું કે, કૌશલ્ય વિકાસ ક્ષેત્રે ગુજરાતને રાષ્ટ્રીય

...અનુસંધાન પેજ નં. 6 પર



Sakar-9, 821,Lobby-1, Ashram Rd, beside Old Reserve Bank of India, Ahmedabad, Gujarat 380009